

આંધ્ર પ્રદેશમાં વહેલી સવારે તીર્થયાત્રાએ જતાં આઠ શ્રદ્ધાળુના અકસ્માતમાં મોત

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



આંદામાનના સમુદ્રમાં બોટ ડૂબી જતા 250થી વધુના મોતની આશંકા

PAGE NO. 18

FRIDAY, 17 APRIL, 2026 Vol. 24, No. 16 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### હોર્મુંઝ ખાડીની નજીક હોવાથી ઈરાન દ્વારા અપાતી ધમકીઓને અમેરિકાએ ચાંચિયાગીરી ગણાવી

# ઈરાન કરાર નહીં કરે તો ફરી યુદ્ધ : USની ચીમકી

### વિવાદ વકરશે તો ખાડીનો રસ્તો બંધ થઈ જતા દુનિયાભરની 20 ટકાથી વધુ માલવાહક હેરફેર અટકશે

ન્યૂયોર્ક : અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ફરી એકવાર વધી ગયો છે. થોડા સમય પહેલા બંને દેશો વચ્ચે બે અઠવાડિયાનું યુદ્ધવિરામ થયું હતું, પરંતુ હવે અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે ઈરાનને આકરી ચેતવણી આપી દીધી છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, ઈરાને આખરે વાટાઘાટોના ટેબલ પર આવવું પડશે અને કરાર પર પહોંચવું પડશે. જો ઈરાન ટૂંક સમયમાં જ નિર્ણય નહીં લે તો અમેરિકા ફરી યુદ્ધ શરૂ કરી દેશે. તેનાથી આખી દુનિયામાં ચિંતા વધી ગઈ છે, કારણ કે હોર્મુઝની ખાડીથી દુનિયાનો એક મોટો હિસ્સો ઓઈલ ખરીદે છે.



હોર્મુઝની ખાડી એક ખૂબ જ સાંકડો દરિયાઈ માર્ગ છે, જે ઈરાન અને અરબ દેશોની વચ્ચે છે. દુનિયાનું અંદાજિત 20 ટકા ઓઈલ આ રસ્તેથી જ પસાર થાય છે. હજારો જહાજ દરરોજ અહીંથી નીકળતા છે. જો આ રસ્તો બંધ થઈ જાય છે તો દુનિયાભરમાં ઓઈલના ભાવ આસમાને પહોંચી જશે અને અનેક દેશોના અર્થતંત્ર પર માઠી અસર પડશે. જેમ કે અનેક દેશો પર તેનો પ્રભાવ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઈરાન આ ખાડીની નજીક છે અને એટલા માટે જ તે આ રસ્તાને બંધ કરવાની ધમકી આપે છે. મંત્રીએ બીજી વાત હોર્મુઝની ખાડીને લઈને કરી હતી જેમાં ઈરાન કહે છે કે, તેઓ ખાડીને કંટ્રોલ કરે છે અને ત્યાંથી પસાર થનારા જહાજોને નિશાન બનાવવાની ધમકી આપી છે. હેગસેથે તેના પર કહ્યું કે, જહાજોને ધમકાવવા એ કંટ્રોલ નથી, આ દરિયાઈ ચાંચિયાગીરી છે.

# ઈઝરાયલ-લેબેનોન વચ્ચે 10 દિવસનું યુદ્ધવિરામ, ટ્રમ્પ દ્વારા જાહેરાત કરાઈ

### ટ્રમ્પે નેતન્યાહૂ અને જોસેફને વ્હાઈટ હાઉસ આવવા માટે આપ્યું આમંત્રણ

**વોશિંગ્ટન**

મિડલ ઈસ્ટમાં લાંબા સમયથી ચાલી રહેલા તણાવ વચ્ચે એક સારા સમાચાર આવ્યા છે. લેબેનોન અને ઈઝરાયલે 10 દિવસના યુદ્ધવિરામની જાહેરાત કરી છે. આ યુદ્ધવિરામની જાહેરાત અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરી છે. અમેરિકન પ્રમુખે આ યુદ્ધવિરામની જાહેરાત કરતા કહ્યું છે કે, 'હમણાં જ મારી લેબેનોનના અત્યંત સન્માનિત પ્રમુખ જોસેફ આઉન અને ઈઝરાયલના વડાપ્રધાન બીબી નેતન્યાહૂની સાથે ખુબ જ સારી વાતચીત થઈ. આ બંને નેતાઓએ આ વાત પર સહમતિ દર્શાવી છે કે પોતાના દેશો વચ્ચે શાંતિ સ્થાપિત કરવા માટે ઔપચારિક રીતે 10 દિવસના યુદ્ધવિરામની શરૂઆત કરશે. અમેરિકન સમય અનુસાર, યુદ્ધવિરામ સાંજે 5 વાગ્યાથી (ભારતમાં 17 એપ્રિલના રોજ 2:30 વાગ્યે) લાગુ થઈ જશે.' આ યુદ્ધવિરામની જાહેરાત એવા સમયે થઈ છે જ્યારે ઈઝરાયલી હુમલામાં મૃત્યુ પામનારા લેબેનોન નાગરિકોની સંખ્યા 2196 થઈ ગઈ છે. ટ્રમ્પે કહ્યું છે કે, 'મંગળવારે 34 વર્ષોમાં પહેલીવાર બંને દેશોના પ્રતિનિધિ અહીં વોશિંગ્ટન ડીસીમાં અમારા વિદેશ મંત્રી માર્કો રૂબિયોને મળ્યા. મેં જેડી વેન્સ અને રૂબિયોને જોઈન્ટ ચીફ્સ ઑફ સ્ટાફના ચેરમેન સાથે મળીને ઈઝરાયલ અને લેબેનોનની સાથે કામ કરવાના નિર્દેશ આપ્યા છે, જેથી એક કાયમી શાંતિ સ્થાપિત કરી શકાય.



હું ઈઝરાયલના વડાપ્રધાન બીબી નેતન્યાહૂ અને લેબેનોનના રાષ્ટ્રપતિ જોસેફ ઓનને વ્હાઈટ હાઉસમાં આમંત્રિત કરીશ. આ 1983 બાદથી ઈઝરાયલ અને લેબેનોન વચ્ચે પહેલી સાર્થક વાતચીત થશે. બંને પક્ષ શાંતિ ઈચ્છે છે અને મારું માનવું છે કે એવું થશે અને તે પણ ખુબ જલ્દી.'

## યુદ્ધને કારણે દુનિયાના 88 લાખ લોકો ગરીબીમાં ધકેલાશે : યુએનનો અહેવાલ

**વોશિંગ્ટન**

મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ હાલ અનિશ્ચિતતાઓમાં ફસાયેલું છે. અમેરિકા અને ઈરાને બે સપ્તાહનો યુદ્ધવિરામ જાહેર કર્યો હતો, પરંતુ ઈસ્લામાબાદમાં શાંતિ મંત્રણાઓ પડી ભાંગતા ફરી તણાવ વધ્યો છે, જેથી આ યુદ્ધ લાંબુ ચાલે તેવી આશંકા છે. જોકે, આ યુદ્ધની ભારત વિપરિત અસર પડી રહી છે. આ યુદ્ધના કારણે ભારતમાં 25 લાખથી વધુ લોકો પર ગરીબીમાં ધકેલાઈ જવાનું જોખમ છે તેમ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી)ના એક રિપોર્ટમાં દાવો કરાયો છે. આ રિપોર્ટ મુજબ ઈંધણ, ખાતર અને પરિવહન ખર્ચ વધવાથી કૃષિ મોંઘી થઈ શકે છે, જેથી ખેડૂતો પર દબાણ વધશે. સામાન્ય માણસ પણ મોંઘવારીના ખપ્પરમાં ધકેલાઈ શકે છે.

સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી)ના રિપોર્ટમાં વૈશ્વિક સ્તરે 88 લાખ લોકો પર ગરીબી ધકેલાવાનું જોખમ હોવાનો દાવો કરાયો છે. સાથે આ યુદ્ધથી એશિયા-પ્રશાંત ક્ષેત્રને 299 અબજ ડોલર સુધીનું નુકસાન થઈ શકે છે. સંયુક્ત રાષ્ટ્ર આ રિપોર્ટના પ્રારંભિક આકલન મુજબ યુદ્ધના કારણે દુનિયાભરમાં ગરીબીમાં ધકેલાનારા લોકોની સંખ્યા લગભગ 19 લાખથી વધીને અંદાજે 88 લાખ સુધી થઈ શકે છે.

## તુર્કીમાં સતત બીજા દિવસે શાળામાં ગોળીબાર વિદ્યાર્થીએ ૯ સાથીઓની હત્યા કરતાં ચકચાર


**અંકારા**

તુર્કીમાં બે દિવસમાં ગોળીબારની બીજી ચોંકાવનારી ઘટના બની છે. બુધવારે એક મિડલ સ્કૂલમાં એક વિદ્યાર્થીએ બે વર્ગખંડોમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં ૯ વિદ્યાર્થીનાં મોત થયા હતા. અને અન્ય ૧૩ વિદ્યાર્થી ઘાયલ થયા હતા. તુર્કીના આંતરિક બાબતોના મંત્રી મુસ્તફા સિફતસીએ જણાવ્યું હતું કે, હુમલાખોર માત્ર ૧૪ વર્ષનો વિદ્યાર્થી હતો, તે નિવૃત્ત પોલીસ અધિકારી પિતાની માલિકીના હથિયારો લઈને શાળાએ પહોંચ્યો હતો. તેની પાસે પાંચ હથિયારો અને સાત મેગેઝીન હતા. હુમલાખોર પોલીસના હાથે માર્યો ગયો કે તેણે પોતે આત્મહત્યા કરી તે હજુ સ્પષ્ટ થયું નથી તેમજ આ હુમલા પાછળનો હેતુ પણ જાણી શકાયો નથી.આ હુમલામાં ઘાયલ થયેલા ૧૩ લોકો પૈકી ૬ની હાલત નાજુક છે. આ ઘટનાના એક દિવસ પહેલા સનલિયુર્ફા પ્રાંતમાં એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ ગોળીબાર કરીને ૧૬ લોકોને ઘાયલ કર્યા હતા.









# કેનેડા PR પ્રોસેસમાં ધરમખ ફેરફાર કરવાની તૈયારીમાં

## એક્સપ્રેસ એન્ટ્રીના 3 પ્રોગ્રામ બંધ થવાની સંભાવના : CRS હેઠળ 2025માં અંદાજે 1,17,998 લોકોને PR માટે આમંત્રણ અપાયું હતું

**ઓન્ટેરિયો**

કેનેડામાં સ્થાયી થવા ઈચ્છતા લોકો માટે આવનારા દિવસોમાં પ્રક્રિયા ઘણી બદલાઈ શકે છે. કેનેડા સરકાર તેના પ્રખ્યાત એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમમાં મોટા ફેરફારો કરવાની યોજના બનાવી રહી છે. ઈમિગ્રેશન, રિફ્યુજી અને સિટીઝનશિપ કેનેડા (IRCC)ના 2026-2028ના પ્લાન મુજબ, આગામી બે વર્ષમાં નવી અને સરળ સિસ્ટમ અમલમાં આવી શકે છે.

હાલમાં કેનેડા PR માટે ત્રણ મુખ્ય કેટેગરી છે, જેને સરકાર નાબૂદ કરી શકે છે, આ ત્રણેય પ્રોગ્રામને બદલે એક જ સિંગલ કેટેગરી લાવવાની તૈયારી છે. આ નવી સિસ્ટમમાં પાત્રતાના નિયમો અત્યાર કરતા ઘણા સરળ હશે, જેથી અરજદારો અને કંપનીઓ બંને માટે પ્રક્રિયા સમજવી સરળ રહે.




કેનેડા સરકારના જણાવ્યા અનુસાર, આ ફેરફાર પાછળના મુખ્ય કારણોમાં અર્થતંત્રને વેગ આપવા અલગ-અલગ ક્ષેત્રોની જરૂરિયાત મુજબ આંતરરાષ્ટ્રીય ટેલેન્ટને આકર્ષવા માંગે છે. આ ઉપરાંત જટિલ નિયમોને કારણે અરજદારોને પડતી મુશ્કેલી ઘટાડવી. સમગ્ર પ્રક્રિયા સરળીકરણ કરવાનું છે. PRની પ્રક્રિયા વધુ પારદર્શક અને ઝડપી બનાવવાની છે. હાલમાં આ માત્ર એક પ્રસ્તાવ છે. 2026 માં Spring 2026ના સમયે સરકાર સામાન્ય જનતા અને નિષ્ણાતો પાસેથી અભિપ્રાય લેશે. ત્યારબાદ જ આ ફેરફારોને અંતિમ ઓપ આપવામાં આવશે.

2015માં શરૂ થયેલી એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ અત્યારે સ્કોરિંગ સિસ્ટમ (CRS) પર કામ કરે છે. 2025માં અંદાજે 1,17,998 લોકોને આ સિસ્ટમ દ્વારા PR માટે આમંત્રણ અપાયું હતું. હાલમાં ઉમેદવારોએ પૂલમાં પ્રોફાઈલ બનાવવી પડે છે અને રેન્કિંગના આધારે તેમને 60 દિવસમાં દસ્તાવેજો જમા કરાવવાનું આમંત્રણ મળે છે. નિષ્ણાંતોના અનુસાર જો તમે કેનેડા PR માટે વિચારી રહ્યા હોવ, તો આગામી બે વર્ષમાં આવનારા આ ફેરફારો તમારા માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે.

# ઓન્ટેરિયોમાં હવે એક જ વર્ષમાં બની શકાશે શિક્ષક, વ્યવહારુ તાલીમ ઉપર ભાર મુકાશે

## અછતને પહોંચી વળવા સરકારનો મોટો નિર્ણય, બે વર્ષનો કોર્સ ઘટાડી 12 મહિનાનો કરાશે

**ઓકવિલે**

કેનેડાના ઓન્ટેરિયો પ્રાંતમાં શિક્ષકોની સતત વધતી અછતને પહોંચી વળવા માટે સરકાર દ્વારા એક સુધારાની જાહેરાત કરાઈ છે. પ્રાંતમાં હવે શિક્ષક બનવા માટેની કોલેજકાળની લંબાઈ બે વર્ષથી ઘટાડીને ફરી એક વર્ષ (12 મહિના) કરવામાં આવશે. આ ફેરફાર દ્વારા સરકારનો હેતુ નવા શિક્ષકોને વહેલી તકે વર્ગખંડમાં તૈયાર કરીને મોકલવાનો છે. કોલેજો અને યુનિવર્સિટીઓના મંત્રી નોલાન ક્વિને જણાવ્યું હતું કે, આગામી કાયદા હેઠળ શિક્ષક કોલેજના ચાર સેમેસ્ટરના બદલે હવે સતત ત્રણ સેમેસ્ટરમાં 12 મહિનામાં અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં આવશે. આ નિર્ણયથી યુવાનો ઝડપથી પોતાની કારકિર્દી શરૂ કરી શકશે અને શાળાઓમાં શિક્ષકોની ઘટ ઓછી થશે.

શિક્ષણપ્રધાન પોલ કેલેન્ડ્રેએ ભાર મૂક્યો હતો કે, સંભવિત શિક્ષકો વર્ગખંડના વાસ્તવિક અનુભવથી સજ્જ હોવા જોઈએ. હાલમાં ઓન્ટેરિયોમાં કેનેડાની સૌથી ટૂંકી 80 દિવસની પ્રેક્ટિકમ લંબાઈ છે, જેને વધારીને 100 દિવસ કરવા માટે સરકાર મંત્રણા કરી રહી છે. નવા કાયદામાં સ્કૂલ બોર્ડ ગવર્નન્સ અને ટ્રસ્ટીઓને લગતા ફેરફારોનો પણ સમાવેશ કરાશે.

### શિક્ષક સંગઠનોનો મિશ્ર પ્રતિસાદ

ઓન્ટેરિયો ટીચર્સ ફેડરેશન દ્વારા આ નિર્ણયનું સ્વાગત કરવામાં આવ્યું છે, પરંતુ તેમણે ચેતવણી આપી છે કે, આનાથી માત્ર નવી ભરતીનો પ્રશ્ન ઉકેલાશે. શિક્ષકોને સિસ્ટમમાં ટકાવી રાખવા (રીટેન્શન) માટે શાળાઓમાં શૈક્ષણિક સહાયકો, સામાજિક કાર્યકરો અને મનોવૈજ્ઞાનિકો જેવી વધારાની સુવિધાઓ આપવી જરૂરી છે. એક અંદાજ મુજબ, પ્રાંતમાં 48,000 પ્રમાણિત શિક્ષકો હોવા છતાં તેઓ હાલમાં શિક્ષણ ક્ષેત્રે કાર્યરત નથી, જે એક ચિંતાનો વિષય છે.

# જેલો કેદીઓથી ઉભરાઈ : સડબરી અને મિલ્ટન સેન્ટરમાં સ્થિતિ ગંભીર

**ટોરોન્ટો**

કેનેડાના ઓન્ટેરિયો પ્રાંતની જેલો અત્યારે તેના ઈતિહાસના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી છે. માહિતી સ્વતંત્રતા કાયદા હેઠળ પ્રાપ્ત થયેલા નવા દસ્તાવેજો અનુસાર અહીંની જેલો તેની નિર્ધારિત ક્ષમતા કરતા ઘણી વધારે ભરાઈ જતા સમગ્ર સુધારણા પ્રણાલી 'બ્રેકિંગ પોઈન્ટ' પર પહોંચી ગઈ છે. ઓક્ટોબર 2025ના નવા આંકડા દર્શાવે છે કે, ઓન્ટેરિયોની જેલો સરેરાશ 130 ટકા ક્ષમતા પર ચાલી રહી છે. કુલ 25 સુવિધામાંથી માત્ર 5 જેલ એવી છે, જ્યાં ક્ષમતા 100 ટકાથી ઓછી છે. ખાસ કરીને સડબરી જેલમાં 165.7% અને મિલ્ટન-વેનિયર સેન્ટર ફોર વુમનમાં 164% ઓક્યુપન્સી નોંધાઈ છે. મેપલહર્સ્ટ કરેક્શનલ કોમ્પ્લેક્સમાં પણ 1,112ની ક્ષમતા સામે 1,525થી વધુ કેદીઓ ઠાંસી-ઠાંસીને ભરવામાં આવ્યા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જેલોમાં રહેલા કેદીઓમાંથી લગભગ 80 ટકા એવા લોકો છે જેઓ હજુ ટ્રાયલ (અદાલતી સુનાવણી)ની રાહ જોઈ રહ્યા છે. કાયદાકીય રીતે આ લોકો હજુ ગુનેગાર સાબિત થયા નથી, તેમ છતાં જામીન ન મળવાને કારણે અથવા સુનાવણીમાં વિલંબને કારણે તેમને ભીડવાળી જેલોમાં રહેવું પડી રહ્યું છે. એનડીપીના એમપીપી ક્રિસ્ટન વોંગ-ટેમે આ સ્થિતિને 'કટોકટી' ગણાવતા કહ્યું છે કે, "આપણે 200 ટકા ક્ષમતા થાય ત્યાં સુધી રાહ જોવાની જરૂર નથી, સ્થિતિ અત્યારે જ નિયંત્રણ બહાર છે."

# કેનેડા સંરક્ષણ બજેટનો 70 ટકા હિસ્સો અમેરિકન કંપનીઓને હવે નહીં મોકલે



બાકીની રકમ સ્થાનિક ઉધોગને મજબૂત કરવા પાછળ ખર્ચવા પીએમ કાર્નીએ સ્પષ્ટતા કરી, અમેરિકાને મોટો આર્થિક ફટકો પડશે

**ટોરોન્ટો**

ઈરાન અને અમેરિકા વચ્ચે હાલ બે અઠવાડિયાનું યુદ્ધ વિરામ ચાલી રહ્યો છે. પાકિસ્તાનમાં બંને દેશો વચ્ચે થયેલી બેઠક કોઈ પરિણામ વગર પૂરી થઈ છે. છેલ્લા 40 દિવસથી ચાલી રહેલા આ યુદ્ધમાં અમેરિકા અને ઈરાન બંનેના સૈન્ય કાફલામાં મોટું નુકસાન થયું છે. આ પરિસ્થિતિ વચ્ચે કેનેડાએ અમેરિકાને મોટો આંચકો આપ્યો છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ સ્પષ્ટ કર્યું છે કે હવે કેનેડા તેના સંરક્ષણ બજેટનો 70 ટકા હિસ્સો અમેરિકન કંપનીઓને નહીં મોકલે. આ નિર્ણયને રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પ માટે મોટો આર્થિક ફટકો માનવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગત 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા સંયુક્ત રીતે ઈરાન પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈ સહિત અનેક મોટા નેતાઓ અને સૈન્ય અધિકારીઓના મોત થયા હતા, ત્યારબાદ આ વિવાદે ભીષણ યુદ્ધનું સ્વરૂપ લીધું હતું. યુદ્ધમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયલના હથિયારોનો મોટો જથ્થો નાશ પામ્યો છે, જેના કારણે અમેરિકા અને ઈઝરાયલે પોતાના સંરક્ષણ બજેટમાં વધારો કરવો પડ્યો છે. હવે કેનેડાએ અમેરિકા પરની નિર્ભરતા ઘટાડવા માટે આર્થિક પ્રતિબંધ જેવો નિર્ણય લીધો છે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીં મુજબ કેનેડા હવે તેના સંરક્ષણ ખર્ચના 70 ટકા અમેરિકન કંપનીઓને આપવાને બદલે પોતાના સ્થાનિક ઉદ્યોગને મજબૂત કરવા પાછળ ખર્ચશે. કેનેડા છેલ્લા ઘણા સમયથી પોતાના સંરક્ષણ બજેટનો મોટો હિસ્સો અમેરિકન હથિયારો અને ટેકનોલોજી પાછળ ખર્ચતું હતું, જેના કારણે તેની પોતાની સૈન્ય ક્ષમતા નબળી પડી હતી. હવે કેનેડા સ્થાનિક ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરીને રોજગારી વધારવા અને આત્મનિર્ભર બનવા માંગે છે.

# કેનેડામાં કેન્સરનો ખતરો વધ્યો : 2026માં 88,000થી વધુ લોકોના મૃત્યુ થવાની શંકા

**ઓટાવા**

કેનેડામાં કેન્સર હવે મૃત્યુનું મુખ્ય કારણ બની ગયું છે. 'કેનેડિયન મેડિકલ એસોસિએશન જર્નલ'માં પ્રકાશિત થયેલા તાજેતરના અહેવાલ મુજબ, આગામી વર્ષોમાં કેન્સરના કેસ અને તેનાથી થતા મૃત્યુના આંકડા અત્યંત ઊંચા સ્તરે પહોંચવાની સંભાવના છે. મોડેલિંગ ડેટા સૂચવે છે કે, એકલા 2026માં જ કેનેડામાં 2.54 લાખથી વધુ નવા કેસ નોંધાશે અને અંદાજે 88,000 લોકો જીવ ગુમાવશે. અભ્યાસમાં માથા, ગરદન અને સર્વાઈકલ કેન્સરના કેસોમાં થઈ રહેલા વધારાને 'ચિંતાજનક' ગણવામાં આવ્યો છે. આ પ્રકારના કેન્સર સીધા હ્યુમન પેપિલોમાવાયરસ (HPV) ચેપ સાથે સંકળાયેલા છે. આશ્ચર્યની વાત એ છે કે, જ્યારે ઓસ્ટ્રેલિયા અને રવાન્ડા જેવા દેશો રસીકરણ દ્વારા સર્વાઈકલ કેન્સરને નાબૂદ કરવાની નજીક છે, ત્યારે કેનેડામાં તેનો દર વિશ્વ આરોગ્ય સંસ્થાના લક્ષ્યાંક (દર 1 લાખે 4 કેસથી ઓછો) કરતા ઘણો વધારે છે. સંશોધકોના મતે, સ્વાદુપિંડ અને ગર્ભાશયના કેન્સરમાં વધારો થવાનું મુખ્ય કારણ કેનેડિયનોમાં વધતી જતી સ્થૂળતા છે.



# રશિયાએ ૭૦૦ ડ્રોન, ડઝનેક મિસાઈલો ઝીંકી યુક્રેનને હચમચાવ્યું

## કીવ સહિતના નાગરિક વિસ્તારો પર અત્યાર સુધીનો સૌથી મોટો હવાઈ હુમલો : 16 લોકોના મોત, 80થી વધુ ઘાયલ

કિવ : રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે વધુ ભયાનક વળાંક લઈ રહ્યું છે. બુધવારની રાત યુક્રેન માટે કાળી સાબિત થઈ હતી, જ્યારે રશિયાએ સેંકડો ડ્રોન અને ડઝનબંધ મિસાઈલો વડે યુક્રેનની રાજધાની કીવ સહિતના નાગરિક વિસ્તારો પર અત્યાર સુધીનો સૌથી મોટો હવાઈ હુમલો કર્યો હતો. આ હુમલામાં ૧૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૮૦ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાના જણાવ્યા અનુસાર, રશિયાએ આ હુમલામાં આશરે ૭૦૦ ડ્રોન અને અનેક બેલેસ્ટિક તેમજ ક્રૂઝ મિસાઈલોનો ઉપયોગ કર્યો હતો. છેલ્લા બે અઠવાડિયામાં રશિયા તરફથી કરવામાં આવેલો આ સૌથી મોટો હુમલો છે. રાજધાની કીવમાં મિસાઈલ હુમલામાં ૧૨ વર્ષના



બાળક સહિત ૪ લોકોના મોત થયા છે. અહીં ૫૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. દક્ષિણી બંદર ઓડેસા શહેરમાં રશિયન મિસાઈલોએ હાહાકાર મચાવ્યો હતો. જેમાં ૯ લોકોના મોત થયા છે. મધ્ય યુક્રેનના ડિનિપ્રો અને ઝાપોરિજ્જિયામાં ૩ અને દક્ષિણમાં ૧ વ્યક્તિનું મોત નીપજ્યું છે. રશિયાએ આ હુમલામાં ઈરાની બનાવટના શાહેદ પ્રકારના ડ્રોનનો મોટો જથ્થો ઉતાર્યો હતો. યુક્રેનિયન વાયુસેનાએ દાવો કર્યો છે કે, તેમની એર ડિફેન્સ સિસ્ટમે ૭૦૩ માંથી ૬૬૭ લક્ષ્યોને હવામાં જ તોડી પાડ્યા હતા. જાકે, ૨૦ ડ્રોન અને ૧૨ મિસાઈલો સુરક્ષા કવચ ભેદીને રહેણાંક વિસ્તારોમાં ત્રાટકી હતી. વિદેશ મંત્રી સિબિહાએ આ હુમલાને યુદ્ધ અપરાધ ગણાવતા કહ્યું કે, નાગરિકોને આ રીતે નિશાન બનાવવાની ઘટનાને સામાન્ય ન ગણી શકાય. વિશ્વએ આના માટે જવાબદાર લોકોને સજા અપાવવી જાઈએ. રશિયાના આ હુમલાથી સમગ્ર યુરોપમાં ફરી એકવાર ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

# મોંઘવારી વચ્ચે જનતાને રાહત : ગેસ-ડીઝલ પરનો એક્સાઈઝ ટેક્સ 5 મહિના માટે સ્થગિત

### લિટરે 28 સેન્ટ સુધીનો ફાયદો થશે, યુએસ-ઈરાન યુદ્ધના કારણે વધેલા ભાવમાં બ્રેક વાગવાની આશા

**ઓટાવા**

કેનેડામાં પેટાચૂંટણીમાં બહુમતી મેળવ્યાના ગણતરીના કલાકોમાં જ વડાપ્રધાન માર્ક કાર્નેએ જનતા માટે રાહતના દ્વાર ખોલી દીધા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે યુએસ-ઈરાન સંઘર્ષના કારણે વધતા ઈંધણના ભાવથી પરેશાન કેનેડિયનોને મોટી રાહત આપતા સરકારે ફેડરલ ઈંધણ એક્સાઈઝ ટેક્સને આગામી 5 મહિના માટે સ્થગિત કરવાની જાહેરાત કરી છે. નવી જાહેરાત મુજબ, આ સ્થગિતતા 20 એપ્રિલથી શરૂ થઈને 7 સપ્ટેમ્બર (લેબર ડે) સુધી અમલી રહેશે. વડાપ્રધાન કાર્નેએ જણાવ્યું કે, ગેસોલિન પર પ્રતિ લિટર $0.10 અને ડીઝલ ઉપર $0.04નો ટેક્સ દૂર કરાશે. અગાઉના કાર્બન ટેક્સ નાબૂદી સાથે મળીને જનતાને ઈંધણના ભાવમાં કુલ $0.28 પ્રતિ લિટર સુધીનો જંગી ઘટાડો જોવા મળશે. આ યોજના પાછળ સરકાર તિજોરીમાંથી $2.4 અબજ ડોલર ખર્ચશે. ઈંધણના ભાવમાં આ ઘટાડો એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે હોર્મુઝની ખાડીમાં શિપમેન્ટ અટકી પડ્યા છે. માર્ક કાર્નેએ સ્વીકાર્યું હતું કે, "કેનેડિયનો હાલમાં રોજિંદા ખર્ચના ભારે દબાણનો અનુભવ કરી રહ્યા છે. તેમને આજે પ્રોત્સાહન અને આવતીકાલ માટે મજબૂત ટેકાની જરૂર છે.

બીજી તરફ, કન્ઝર્વેટિવ નેતા પિયર પોઈલેવરે આ પગલાને પૂરતું ગણાવ્યું નથી. તેમણે X પર પોસ્ટ કરીને લખ્યું કે, "માર્ક કાર્ને પણ અન્ય લિબરલ નેતા જેવા જ છે - વધુ કર અને વધુ ખર્ચ." પોઈલેવરે અગાઉ ગેસ અને ડીઝલ પરના જીએસટી (GST)સરચાર્જ પણ હટાવવાની માંગ કરી હતી, જેથી ગ્રાહકોને લિટરે 25 સેન્ટની સીધી બચત થઈ શકે.

# લેબનોનમાં ઇઝરાયલી હુમલામાં કેનેડિયન નાગરિકનું મોત થયું

**ઓટાવા**

ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે વધી રહેલા સશસ્ત્ર સંઘર્ષની આગમાં હવે કેનેડિયન નાગરિકો પણ હોમાઈ રહ્યા છે. દક્ષિણ લેબનોનમાં થયેલા ભીષણ ઈઝરાયલી હવાઈ હુમલામાં ઓન્ટેરિયોના વિન્ડસરના રહેવાસી હસન હૈદરનું મોત નીપજ્યું હતુ.

સમુદાયના આયોજકો અને નેશનલ કાઉન્સિલ ઓફ કેનેડિયન મુસ્લિમ્સ (NCCM)ના જણાવ્યા અનુસાર, હસન હૈદર એક નિર્દોષ નાગરિક અને પાંચ સંતાનોના પિતા હતા. લેબનોન પર ઈઝરાયલના તાજેતરના આક્રમણ બાદ જીવ ગુમાવનાર તેઓ પ્રથમ કેનેડિયન નાગરિક છે. હૈદરના માનમાં વિન્ડસરમાં એક જાગરણ (વિજિલ)નું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

વિદેશ મંત્રી અનિતા આનંદે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, "કેનેડા સરકાર શોકગ્રસ્ત પરિવારની સાથે છે અને જરૂર પડ્યે કોન્સ્યુલર સહાય પૂરી પાડવામાં આવશે. કેનેડા લેબનોનમાં સંપૂર્ણ રાજ્ય સત્તા પુનઃસ્થાપિત કરવાના પક્ષમાં છે અને ઈઝરાયલને તેના હુમલાઓ બંધ કરી રાજદ્વારી ઉકેલ લાવવા વિનંતી કરે છે.બીજી તરફ, NCCM અને પીડિત પરિવાર તરફથી કેનેડા સરકાર પર દબાણ કરવામાં આવી રહ્યું છે કે તેઓ ઈઝરાયલી સરકાર પર લક્ષિત પ્રતિબંધો લાદે.

# આર્કટિક સરહદો પર હવે ઇઝરાયલી ડ્રોનની 'બાજ નજર' રહેશે : કોસ્ટ ગાર્ડ કરશે પરીક્ષણ

### લશ્કર અને કોસ્ટ ગાર્ડ એકસાથે ડ્રોન ઉડાડશે ત્યાં તકનીકી અને લોજીસ્ટીકલી ગૂંચવણનો ડર

**ઓટાવા**

કેનેડાની રક્ષા પ્રણાલીમાં મોટા ફેરફારો વચ્ચે હવે આર્કટિક ક્ષેત્રની સુરક્ષા અને દેખરેખ માટે અત્યાધુનિક ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. રાષ્ટ્રીય સંરક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર કેનેડિયન કોસ્ટ ગાર્ડ આ ઉનાળામાં આર્કટિક પર ઈઝરાયલી બનાવટના 'હર્મેસ ૯૦૦ સ્ટારલાઈનર' ડ્રોનનું નિયમિત પરીક્ષણ શરૂ કરશે. એરફોર્સ પહેલા કોસ્ટ ગાર્ડ સજ્જ રસપ્રદ વાત એ છે કે, રોયલ કેનેડિયન એર ફોર્સ (RCAF) દાયકાઓથી પોતાની ડ્રોન ક્ષમતા વિકસાવવા પ્રયત્નશીલ છે, પરંતુ તેમના દ્વારા ઓર્ડર કરાયેલા 11 'સ્કાયગાર્ડિયન' ડ્રોનની ડિલિવરી 2028 સુધી વિલંબિત છે. આ સંજોગોમાં વડાપ્રધાન માર્ક કાર્ને દ્વારા કરવામાં આવેલા સરકારી પુનર્ગઠનને કારણે કોસ્ટ ગાર્ડને સૈન્ય કરતા પહેલા આ ક્ષમતા પ્રાપ્ત થઈ ગઈ છે. વર્ષ 2020માં ટ્રાન્સપોર્ટ કેનેડાએ ખાસ કરીને આર્કટિક સર્વેલન્સ માટે આ ઈઝરાયલી ડ્રોન ખરીદ્યું હતું. જોકે, ડિલિવરીમાં વિલંબને કારણે ગયા ઉનાળામાં ઉત્તરીય વિસ્તારોનું નિરીક્ષણ ઘટાડવું પડ્યું હતું. હવે, રાષ્ટ્રીય સંરક્ષણ વિભાગે આ જવાબદારી સંભાળી લીધી છે, જે કેનેડાના નાટો (NATO) લક્ષ્યાંકોને પૂર્ણ કરવાની દિશામાં એક મહત્વનું કદમ છે.






તંત્રી સ્થાનેથી

# બિહારમાં સમ્રાટ ચૌધરીને મુખ્યમંત્રી પદ, નીતિશનો દબદબો હજી કાયમ

બિહારના રાજકારણમાં સમ્રાટ ચૌધરી એક શક્તિશાળી અને ઉભરતા નેતા તરીકે જાણીતા છે. તેઓ હવે બિહારના મુખ્યમંત્રી બની ચૂક્યા છે. ભાજપના ઘણા નેતાઓ સમ્રાટ ચૌધરીના મુખ્યમંત્રી બનવાથી ખૂબ રાજી નથી, પરંતુ નીતીશકુમાર તરફથી સમ્રાટ ચૌધરીને મુખ્યમંત્રી બનાવવા માટે દબાણ હોવાથી તેના નામ પર સમંતિ સધાઈ છે. સૌથી મહત્વની બાબત એ છે કે, સમ્રાટ ચૌધરી ક્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કે એબીવીપી સાથે સંકળાયેલા રહ્યા નથી. અને તેઓ મૂળ ભાજપી પણ નથી. તેમ છતાં બિહારના પીઢ ભાજપીઓને કોરાણે મુકી તેઓ મુખ્યમંત્રીની ખુરશી સુધી પહોંચી ગયા છે. સમ્રાટ ચૌધરીનો જન્મ મુન્ગેર જિલ્લાના લખનપુર ગામમાં થયો હતો. તેઓ રાજકીય વારસો ધરાવે છે, તેમના પિતા શકુની ચૌધરી પણ બિહારના દિગ્ગજ નેતા અને પૂર્વ મંત્રી રહી ચૂક્યા છે.



તંત્રી - સ્વદેશ

સમ્રાટ ચૌધરીએ લાલુપ્રસાદ યાદવના આરજેડીથી પોતાની રાજકીય કારકિર્દી શરૂ કરી હતી અને આઠ વર્ષ પહેલાં તેઓ જેડીયુમાંથી ભાજપમાં જોડાયા હતા. સમ્રાટ ચૌધરીને તેમના પિતા શકુનિ ચૌધરી પાસેથી રાજકારણ વારસામાં મળ્યું હતું. શકુનિ ચૌધરી બિહારના રાજકારણમાં OBC ચહેરો હતા. તેઓ કોંગ્રેસ, સમતા પાર્ટી, JDU અને RJDમાં રહ્યા હતા. તેમણે MLAથી લોકસભાના સાંસદ સુધીની સફર ખેડી હતી. સમ્રાટ ચૌધરીએ ૧૯૯૦ના દાયકામાં તેમના પિતા શકુનિ ચૌધરીની રાજકીય શક્તિની મદદથી રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. તેઓ RJDમાં જોડાયા અને ૧૯૯૯માં રાબડી દેવીની સરકારમાં મંત્રી બન્યા. સમ્રાટ ચૌધરી રાબડી દેવીની સરકારમાં સૌથી નાની ઉમરના મંત્રી બનવાથી રાજકીય વિવાદ પણ સર્જાયો હતો. વિપક્ષે દાવો કર્યો કે તેઓ ૨૫ વર્ષના નથી. તેમની ઉમરને કારણે તેમને રાજીનામું આપવું પડ્યું. આ વિવાદે સમ્રાટ ચૌધરીને બિહારમાં રાતોરાત જાણીતા કરી દીધા હતા. જે બાદ તેઓ ૨૦૧૦માં ધારાસભ્ય બન્યા અને આરજેડીના યુવા ચહેરા તરીકે ઊભરી આવતા તેમને આરજેડીના મુખ્ય દંડક તરીકે નિયુક્ત કરાયા હતા. બિહારમાં રાજકીય વાતાવરણને સમજીને સમ્રાટ ચૌધરી ચાર આરજેડી ધારાસભ્યો સાથે પાર્ટી છોડીને જેડીયુમાં જોડાયા. ૨૦૧૪માં ભાજપ સાથે જેડીયુનું ગઠબંધન તૂટી ગયા પછી નીતીશકુમાર સરકાર લઘુમતીમાં આવી ગઈ અને સમ્રાટે તેમાં મુખ્ય ભૂમિકા ભજવી. ત્યારબાદ તેઓ માંઝી સરકારમાં મંત્રી બન્યા. જીતનરામ માંઝી પછી જ્યારે નીતીશકુમાર ફરીથી મુખ્યમંત્રી બન્યા, ત્યારે સમ્રાટ ચૌધરી કેબિનેટપદ મેળવી શક્યા નહીં. નીતીશ પ્રત્યે તેમનો મોહભંગ થયો, જેના કારણે તેમણે જેડીયુ છોડી દીધું. ૨૦૧૪ પછી ભાજપ રાષ્ટ્રીય રાજકારણમાં ઊભરી આવ્યો અને જ્યારે કેશવપ્રસાદ મૌર્ય ઉત્તર પ્રદેશમાં પાર્ટીના પ્રદેશ પ્રમુખ બન્યા, ત્યારે સમ્રાટનો રાજકીય દૃષ્ટિકોણ બદલાઈ ગયો. ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર બનતાંની સાથે જ સમ્રાટે કેશવપ્રસાદ મૌર્યના માધ્યમથી અમિત શાહને સાધી ભાજપનું શરણુ લઈ લેવાનો નિર્ણય કર્યો. બિહારમાં ભાજપને તેની વોટ બેંક વિસ્તારવા અને આત્મનિર્ભર બનવા માટે એક મજબૂત કુશવાહા નેતાની જરૂર હતી અને સમ્રાટ તે કાર્ય માટે સંપૂર્ણ ફિટ હતા.

તેઓ ૨૦૧૭માં ભાજપમાં જોડાયા. ૨૦૧૯માં જ્યારે નિત્યાનંદ રાય પાર્ટીના પ્રદેશ પ્રમુખ હતા, ત્યારે સમ્રાટ ચૌધરીને ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આનાથી ભાજપમાં તેમનું મહત્ત્વનું સ્થાન બન્યું, જેનાથી ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વ સાથેના તેમના સંબંધો મજબૂત થયા. નીતીશકુમારે ભાજપ સાથે સરકાર બનાવી હતી, પરંતુ ભાજપે બિહારમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા માટે આગળ વધવાનું નક્કી કર્યું હતું. તેથી સમ્રાટની રાજકીય પ્રગતિ થઈ અને તેમને નીતીશકુમારના નેતૃત્વ હેઠળની NDA સરકારમાં પંચાયતી રાજ મંત્રી બન્યા. નીતીશ કુમારે ભાજપ સાથેનું ગઠબંધન તોડી નાખ્યું અને ૨૦૨૨માં આરજેડી સાથે સરકાર બનાવી ત્યારે ભાજપે સમ્રાટ ચૌધરીને પ્રમોટ કરવાનો નિર્ણય લીધો. તેઓ વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા બન્યા. ત્યાર બાદ, તેઓ ૨૦૨૩માં ભાજપના પ્રદેશ પ્રમુખ બન્યા, ત્યારે તેમણે પાઘડી પહેરીને નીતીશ કુમારને હટાવવાની પ્રતિજ્ઞા લીધી. સમ્રાટ ચૌધરીના આક્રમક વલણને કારણે તેઓ રાતોરાત ભાજપનો લડાયક ચહેરો બની ગયા. એક નિડર નેતા તરીકે સમ્રાટનું કદ વધતુ જતા ભાજપે તેમને કુશવાહ સમુદાયને એક કરવાનું કામ સોંપ્યું, જે કાર્ય તેમણે પાર કરી બતાવ્યું. તેઓ નીતીશકુમારના સૌથી મજબૂત મત બેંક લવ-કુશમાં પણ સ્થાન મેળવવામાં સફળ રહ્યા.

૨૦૨૫ની જીત પછી નીતીશકુમારે સમ્રાટ ચૌધરીને ફરીથી નાયબ મુખ્યમંત્રી બનાવ્યા અને બિનસત્તાવાર રીતે તેમને ઉત્તરાધિકારી જાહેર કર્યા. ભાજપના નેતૃત્વે સમ્રાટની ક્ષમતાને ઓળખી હતી. જેને કારણે નીતિશનો વિરોધ કર્યો નહીં. આથી ભાજપમાં સમ્રાટની રાજકીય કારકિર્દી ઝડપથી વધી. RSS અથવા ABVP સાથે તેમનું ક્યારેય જોડાણ રહ્યું નથી. રાજ્યમાં ભાજપના હાલના નેતાઓ સૌમ્ય છે, પરંતુ પાર્ટીમાં એવી સમજ વધી રહી છે કે બિહારમાં આગળ વધવા માટે તેમને આક્રમક નેતાની જરૂર છે. ભાજપના ઘણા નેતાઓ સમ્રાટના મુખ્યમંત્રી બનવાથી રાજી નથી, પરંતુ નીતીશકુમાર તરફથી સમ્રાટને મુખ્યમંત્રી બનાવવા માટે દબાણ પણ હતું. ભાજપ કોને મુખ્યમંત્રી બનાવવો તે અંગે મૂંઝવણમાં હતો. નીતિશને ભલે સીએમ પદેથી કોઈક રીતે ભાજપે દૂર કર્યા પરંતુ તેની કાયમી નારજગી કેન્દ્ર સરકારને અસર કરી શકે છે. તેથી નીતિશની વાત માની લેવાઈ છે. સમ્રાટ બિહારમાં નંબર વન નાયબ મુખ્યમંત્રી હતા, તેથી તેમને પ્રોજેક્ટ કરવામાં આવ્યા અને મુખ્યમંત્રીપદ આપવામાં આવ્યું છે.

બિહારના રાજકારણ પર નજીકથી નજર રાખનારાઓનો એક મોટો વર્ગ માને છે કે નીતીશકુમારની ઈચ્છાને કારણે સમ્રાટ ચૌધરીની મુખ્યમંત્રી તરીકે નિમણૂક થઈ છે. જેડીયુ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજને સમ્રાટ ચૌધરીનું નામાંકન મેળવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હોવાનુ મનાય છે. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળીને સમજાવ્યું કે ભાજપે છેલ્લાં કેટલાંક વર્ષોમાં કુશવાહાના નેતામાં સૌથી વધુ રોકાણ કર્યું છે. તેથી, સમ્રાટ ચૌધરીને મુખ્યમંત્રી ન બનાવવાથી લવ-કુશ સમુદાયમાં નકારાત્મક સંદેશ જશે. ભાજપ બિહારમાં આસામની જેમ રાજકારણ રમવા માંગતો નથી. તે સત્તાનું સરળ હસ્તાંતરણ ઈચ્છતો હતો, કારણ કે તે પોતાના દમ પર સરકાર બનાવી શકતો નથી. ભાજપની કદાચ તો લાચારી છે કે, RSS પૃષ્ઠભૂમિ વગરના નેતા હિમંત બિસ્વા શર્માને પણ મુખ્યમંત્રી બનાવવા પડ્યા છે. અને તે પછી હવે બિહારમાં પણ સમ્રાટને સીએમ પદુ સોંપાયું છે. નીતીશ કુમાર ફક્ત સંસદ સત્ર દરમિયાન દિલ્હીમાં રહેશે અને બાકીના સમય માટે બિહારમાં સરકારનું માર્ગદર્શન કરશે તેમ હાલ બંને પક્ષે નક્કી કર્યું છે. જો કે, બિહારના રાજકારણમાં સમાજવાદી નીતીશનો પ્રભાવ હવે કેટલા સમય રહેશે તે અંગે રાજકીય પંડિતો શંકા સેવી રહ્યા છે. કારણ કે, જેડીયુનો લાંબો પ્રભાવ ભાજપ હવે ખાળવા માંગે છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca


SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA 647-833-4477


HETAL SHAH 416 -522-1676


ANIRUDH LAMA 416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com




DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic

Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# 77 કરોડનું દેશવ્યાપી 'મ્યુલ એકાઉન્ટ' રેકેટ ઝડપાયું : CID ક્રાઈમે 16 આરોપીને ઝડપ્યા

## દુબઈ સુધી તાર જોડાયા, પાલનપુર લિંક : બેંક ડેટા અને દસ્તાવેજો જપ્ત કરાયા

**વડોદરા**

સાયબર છેતરપિંડી અને ઓનલાઈન ગેમિંગના કાળા નાણાંને સગેવગે કરવા માટે ભાડે રખાતા 'મ્યુલ એકાઉન્ટ્સ' ચલાવતી ગેંગના 16 સભ્યોને ઝડપી પાડવામાં આવ્યા છે. તપાસનીશોના મતે, આ ટોળકીએ દેશભરમાં અંદાજે 77 કરોડ રૂપિયાથી વધુના સાયબર ફ્રોડ આચર્યા છે અને આ રેકેટની કડીઓ દુબઈ સુધી જોડાયેલી હોવાની આશંકા છે. આ ઉપરાંત, 260થી વધુ બેંક ખાતાઓનો ડેટા અને 375 સાયબર ફ્રોડ સાથે છેડો જોડાયેલો હોવાનું ખૂલ્યું છે.

વડોદરામાંથી આ રેકેટનો મુખ્ય સૂત્રધાર કિરણ કરશનભાઈ જોશી (રહે.થરાદ), સિદ્ધરાજ ગણપતભાઈ શિરવાડિયા, કાંકરેજના મહેશ લાલજીભાઈ જોષી, પાલનપુરના જીગર રાજુભાઈ સોલંકી અને ઓગડના પ્રકાશ રામજીભાઈ જોષીની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ 'શિવમ એજન્સી', 'શિવધારા મસાલા બિઝનેસ' અને 'એમઆર વોટર' જેવી બોગસ કંપનીઓ બનાવી તેના નામે બેંક ખાતા ખોલાવતા હતા. આ ખાતાઓના ચેકબુક, ડેબિટ કાર્ડ અને સિમ કાર્ડ તેઓ સાયબર ઠગોને સોંપી દેતા હતા. જેમાં પોલીસે 13 મોબાઈલ ફોન, 13 ચેકબુક, બે પાસબુક અને 4 બ્લેન્ક ચેક સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પાલનપુરમાંથી મીત રતિલાલ શ્રીમાળી અને મેહુલ બાબુભાઈ સોલંકીની ધરપકડ કરવામાં આવી છે.

# ગોધરામાં રાયોટિંગ કેસના આરોપી ઝાકીર ઝભ્ભાના ઘરે પોલીસ તપાસ

## મુંબઈના ભિવંડીથી વેશપલટો કરીને કરાઈ હતી ધરપકડ

**પંચમહાલ**

સપ્ટેમ્બર 2025માં ગોધરા શહેર 'બી' ડિવિઝન પોલીસ મથકે તોડફોડની ઘટનામાં સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ઝાકીર ઝભ્ભા મુખ્ય આરોપી હતો. છેલ્લા છ મહિનાથી પોલીસને થાપ આપી રહેલો ઝાકીર મહારાષ્ટ્રના ભિવંડીમાં છુપાયો હોવાની બાતમી મળતા પંચમહાલ SOGની ટીમે ફિલ્મી ઢબે વેશપલટો કરી તેને 'હોટલ અના સાગર'માંથી દબોચી લીધો હતો. 8 એપ્રિલના રોજ કોર્ટે તેના 10 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. રિમાન્ડ દરમિયાન પૂછપરછમાં ઝાકીરે દાવો કર્યો હતો કે તેનો મોબાઈલ ફોન તે ઘરે મૂકીને ભાગી ગયો હતો. આ કબૂલાત બાદ આજે બી-ડિવિઝન પોલીસ કાફલો તેને લઈને વાલી ફળિયા નંબર-૩ સ્થિત તેના નિવાસસ્થાને પહોંચ્યો હતો. પોલીસ મથકેથી તેના ઘર સુધી આરોપીને ચાલીને લઈ જવામાં આવ્યો હતો, મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થયા હતા. પોલીસ દ્વારા ઝાકીરના ઘરે પંચોની હાજરીમાં સર્ચ ઓપરેશન અને ઝડતી પંચનામું કરવામાં આવ્યું હતું.

# યુવતી ભગાડવાની શંકાએ યુવકની હત્યા, ટોળાએ 8 ઘરોમાં કરી તોડફોડ

## ગામમાં મોટા પાયે તોડફોડ કરી લાખો રૂપિયાનું નુકસાન

**દાહોદ**

મડાવાવ ગામે ગઈકાલે રાત્રિ દરમિયાન યુવતી ભગાડવાના મામલે લોહીયાળ સંઘર્ષ સર્જાયો હતો. એક યુવકને મોતને ઘાટ ઉતાર્યા બાદ બે ગામના લોકો સામસામે આવી જતાં પરિસ્થિતિ ગંભીર બની હતી. રોષે ભરાયેલા લોકોએ ગામમાં મોટા પાયે તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું છે.

ડુંગરપુર ગામનો રહેવાસી વિજય ભાભોર પોતાની પત્નીને સાસરીમાં મૂકવા માટે મડાવાવ ગામે ગયો હતો. આ દરમિયાન, મડાવાવ ગામના કેટલાક લોકોએ વિજય પર યુવતી ભગાડવાનો આક્ષેપ મૂક્યો હતો. વિવાદ એટલો વકર્યો કે ઉશ્કેરાયેલા લોકોએ વિજયને ઢોર માર માર્યો હતો, જેના કારણે તેનું કરૂણ મોત નીપજ્યું હતું. વિજયની હત્યાના સમાચાર ડુંગરપુર ગામે પહોંચતા જ ત્યાંના લોકોના ટોળા મડાવાવ ગામે ઉમટી પડ્યા હતા. ડુંગરપુરના ઉશ્કેરાયેલા લોકોએ મડાવાવ ગામમાં 7 થી 8 મકાનોમાં ભારે તોડફોડ કરી હતી. આ હિંસામાં7 થી 8 મોટરસાયકલ અને એક ફોર-વ્હીલરને નુકસાન પહોંચાડાયું હતું.

# યુકેના વિઝાના બહાને રૂા.11.50 લાખની ઠગાઈ યુવકને વિઝિટર વિઝા પર દુબઈ મોકલી આપ્યો

## અન્ય એક મહિલા પણ છેતરાઈ, માંજલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો

**આણંદ**

યુ.કે.ના વર્ક પરમિટ વિઝાના અપાવવાનાબહાને બે વ્યક્તિઓ સાથે રૂા. ૧૧.૫૦ લાખની ઠગાઈ મામલે માંજલપુર પોલીસે ગુનો નોંધ્યો છે.

આણંદ રહેતો વૈશ્વિક પટેલ ખેતી કામ કરે છે. તેણે ફરિયાદમાં કહ્યું છે કે, વર્ષ ૨૦૨૫માં માંજલપુરના તુલસીધામ રોડ પર આવેલ લીલેરિયા પેરેમાઉન્ટ ખાતે એક ઓફિસમાં હિરલકુમાર કનુભાઈ પટેલ (રહે. માંજરોલ ગામ, સંખેડા, છોટાઉદેપુર) સાથે યુ.કે.ના વર્ક




પરમિટ વિઝા માટે રૂા.૧૬.૫૦ લાખની રકમ ચૂકવવાનું નક્કી થયું હતું. જે પૈકી એડવાન્સ પેટે રૂા. ૫ લાખ ઓનલાઈન ચૂકવ્યા હતાં. ત્યારબાદ લંડનના વિઝા માટે વધુ રૂા. ૧.૫૦ લાખ પડાવી મને દુબઈના વિઝિટર વિઝા કરી આપ્યા હતા. જો કે દુબઈ પહોંચતા જણાવ્યા મુજબનું કોઈ વર્ક ન હોવાથી પરત આવ્યો હતો અને મને લંડન મોકલશે તેવો કરાર કરી આપ્યો હતો. આખરે હિરલે મારા વિઝા અંગે કોઈ પ્રોસેસ ન કરી યુ.કે. વર્ક પરમિટ વિઝા આપવાના બહાને રૂા.૬,૫૦,૫૬૭ની છેતરપિંડી કરી હોવાની જાણ થઈ હતી. આ ઉપરાંત અન્ય એક બહેન શ્રેયા અમીન પાસેથી યુ.કે. વર્ક પરમિટ વિઝાના બહાને રૂા. ૫ લાખ ઉપરોક્ત હિરલ પટેલે પડાવી લીધા છે.

# ગણાસરમાં પત્નીએ જ પ્રેમી સાથે મળીને કરી પતિની હત્યા, પીએમ રિપોર્ટે પોલ ખોલી નાખી

## હ્યુમન તેમજ ટેકનિકલ સોર્સની મદદથી પોલીસે બંનેને ઝડપી પાડ્યા હતા

**સાણંદ**

સાણંદમાં આવેલા ગણાસર ગામમાં આડા સંબંધમાં આંધળી બનેલી પત્નીએ પોતાના પતિની જ ઘાતકી હત્યા કરી હોવાનો એક કિસ્સો સામે આવ્યો છે.

ઈન્દિરા આવાસમાં રહેતા 30 વર્ષીય સંજય અજમલજી ઠાકોર ગત 10 એપ્રિલ, 2026ના રોજ સવારે પોતાના જ ઘરમાં ખાટલા પર શંકાસ્પદ મૃત હાલતમાં મળી આવ્યા હતા. શરૂઆતમાં અકસ્માતે મોતનો ગુનો નોંધીને પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. જ્યારે પીએમ રિપોર્ટમાં બહાર આવ્યું હતું કે, સંજયનું મોત ગળું દબાવવાને કારણે થયું છે. તપાસમાં ખુલ્યું કે, મરનાર સંજયની 25 વર્ષીય પત્ની પાયલ અને તે જ ગામમાં રહેતા 23 વર્ષીય રાહુલ ઘનશ્યામભાઈ ઠાકોર વચ્ચે પ્રેમ સંબંધ હતો. રાત્રિના સમયે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતાં પાયલે પોતાના પ્રેમી રાહુલને ઘરે બોલાવ્યો હતો. ત્યારબાદ રાહુલે સંજયના બંને હાથ પકડી રાખ્યા હતા અને પાયલે ટુવાલ તથા ઓશિકા વડે પતિનું મોઢું અને ગળું દબાવીને હત્યા કરી નાખી હતી. પતિની હત્યા કર્યા બાદ આરોપી પત્ની પાયલ અને તેનો પ્રેમી રાહુલ લાશને ખાટલામાં જ સૂતેલી હાલતમાં મૂકી, બહારથી દરવાજો બંધ કરી નાસી છૂટ્યા હતા. સમગ્ર મામલે મૃતકના પિતાએ પોતાની પુત્રવધૂ અને રાહુલ પર શંકા વ્યક્ત કરી હતી, કેમ કે બંને ઘટના બાદ ગાયબ થઈ ગયા હતા. આ દિશામાં સાણંદ પોલીસે હ્યુમન તેમજ ટેકનિકલ સોર્સની મદદથી બંનેને ઝડપી પાડ્યા હતા.

# કોળી ગામમાં વૃદ્ધની કુહાડીના ઘા મારી કરપીણ હત્યા : આરોપી ફરાર

## પોલીસ અને FSLની ટીમ દ્વારા તપાસનો ધમધમાટ

**છોટાઉદેપુર**

છોટા ઉદેપુર તાલુકાના કોળી ગામમાં રહસ્યમય સંજોગોમાં એક 65 વર્ષીય વૃદ્ધની લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ગામના નિશાળ ફળિયામાં રહેતા વૃદ્ધ પર અજાણ્યા શખસે કુહાડી જેવા તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધા હતા.

મૃતકની ઓળખ 65 વર્ષીય નંદુ રાઠવા તરીકે થઈ છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, નંદુ રાઠવા પર કોઈ અજાણ્યા શખસે હિંસક હુમલો કર્યો હતો. મૃતદેહ પર કુહાડીના ઘા જોવા મળતા આ મામલો હત્યાનો હોવાની શંકા દ્રઢ બની છે. હત્યા કર્યા બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, જેના કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘટનાની જાણ થતાં જ છોટા ઉદેપુર પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ માટે છોટા ઉદેપુર સિવિલ ખસેડ્યો છે. પીએમ રિપોર્ટ અને એફએસએલની તપાસ બાદ જ મોતનું સચોટ કારણ અને હુમલાની પદ્ધતિ સ્પષ્ટ થશે.

# પાવાગઢમાં ડુંગર પર દર્શન કરવા માટે ગયેલી વાપીની મહિલાનું હાર્ટ એટેકથી મોત

**પાવાગઢ**

વલસાડ જિલ્લાના વાપીના રહેવાસી શકુંતલાદેવી નામની મહિલા પરિવાર સાથે આજે રવિવારે(12 એપ્રિલ, 2026) પાવાગઢ દર્શનાર્થે ગયા હતા. જેમાં મહિલા વહેલી સવારે ડુંગર ચઢીને માતાજીના દર્શન કર્યા હતા. જો કે, દર્શન કર્યા બાદ પરત ફરતાં અચાનક તેમને છાતીના ભાગે દુખાવો ઉપડ્યો હતો. અચાનક તબિયત લથડતાં મહિલા બેભાન થઈ ગયા હતા. આ દરમિયાન સ્થળ પર હાજર સુરક્ષાકર્મી અને તબીબની ટીમ દ્વારા મહિલાને PCR આપી અને પછી 108 મારફતે હાલોલ સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે, હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલા જ મહિલાનું મોત નીપજ્યું હતું.

# દાહોદમાં પોલીસકર્મીની પત્નીએ બે સંતાનોની હત્યા કરી પોતે પણ ઝેરી દવા ગટગટાવી લીધી

**દાહોદ**

દાહોદમાં પોલીસકર્મીની પત્નીએ બે માસૂમ પુત્રોની ઝેર આપી હત્યા કરી અને પોતે પણ ઝેરી દવા ગટગટાવીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. દાહોદ શહેરમાં આજે બે ખુબ જ ચોંકાવનારી ઘટનાઓ બની છે. એક કિસ્સામાં માતાએ પોતાનાં ચાર સંતાનો સાથે કૂવામાં પડતું મુક્યું હતું. જ્યારે બીજી ઘટનામાં પોલીસ પરિવારને વેરવિખેર કરી નાખ્યો હતો.

ઘટના અંગે વિગતે મળતી માહિતી અનુસાર દાહોદના એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા એક પોલીસકર્મીના ઘરમાં જ માતમ છવાયો છે. પોલીસકર્મીની પત્નીએ પોતાના જ 7 અને 3 વર્ષના બે વ્હાલસોયા પુત્રોની હત્યા કરી પોતે પણ આપઘાતનો પ્રયાસ કરતા સમગ્ર પંથકમાં સનસનાટી મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એ-ડિવિઝન પોલીસ મથકના પોલીસકર્મીની પત્નીએ કોઈ અગમ્ય કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું હતું. મહિલાએ પહેલા પોતાના બે માસૂમ પુત્રોને ઝેરી દવા પીવડાવી દીધી હતી. ઝેરની અસરને કારણે બંને બાળકોએ તરફડિયાં મારીને દમ તોડ્યો હતો. પોતાના જ સંતાનોના નિર્જીવ દેહ જોઈને માતાએ પણ એ જ ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો.

# કેનેડા મોકલવાને નામે યુવક પાસે 17 લાખ પડાવનાર કારેલીબાગના એજન્ટ સામે ગુનો

**વડોદરા**

ભાયલી વિસ્તારના એક યુવકને કેનેડા મોકલવાના નામે કારેલીબાગના એજન્ટે રૂ.૧૭.૯૭ લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે. ભાયલીના એસ્ટ્રોન એવેન્યૂ ખાતે રહેતા મૂળ જૂનાગઢના વતની ભાવિન અંકોલાએ પોલીસને કહ્યું છે કે,મારે કેનેડા જવું હોવાથી ફેબ્રુઆરી-૨૩માં કારેલીબાગના શ્રીપાદ કોમ્પ્લેક્સમાં આવેલા અક્ષર ફોરેન એજ્યુકેશનમાં અતીત જિતેન્દ્રભાઈ બારોટ સાથે સંપર્ક કર્યો હતો. તેમણે મને વિદેશ મોકલી આપવાની ખાતરી આપી પ્રોસિજર કરાવીને કુલ રૂ.૧૭.૯૭ લાખ લીધા હતા. પરંતુ ત્યારબાદ મને મોકલ્યો નહતો અને તેમણે આપેલા લેટર્સ પણ બોગસ જણાઈ આવ્યા હતા.

# ફોર્મ રદ કરવા દબાણ થતાં ઉમરગામના મામલતદારનો આપઘાત

**પરિવારને શાંતિથી રહેવાનો સંદેશ આપ્યા બાદ મામલતદાર ગૂમ થયા બાદ ટ્રેન સામે પડતું મૂક્યું, મોડી રાત્રે ટ્રેક પરથી ક્ષતવિક્ષત મૃતદેહ મળ્યો**

**ઉમરગામ**

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પ્રક્રિયા વચ્ચે ઉમરગામના મામલતદાર દલપતભાઈ બ્રાહ્મણકચ્છે સોમવારે રાત્રે અચાનક જ કોઈ અજાણ્યા કારણોસર રેલવે ટ્રેક પર જઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. ઉમરગામમાં મુખ્ય ચૂંટણી અધિકારીના આ પગલાથી સરકારી કચેરી વર્તુળમાં અટકળોનો દોર ચાલી રહ્યો છે. આ ઘટના પાછળ ફોર્મ રદ કરવા રાજ્યકીય દબાણ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.




મળતી વિગતો મુજબ સોમવારે ફોર્મ ચકાસણીનો અંતિમ દિવસ હોવાથી મામલતદાર કચેરીનો સ્ટાફ તેના કામમાં વ્યસ્ત હતો. દરમિયાન સરીગામ બેઠકના ઉમેદવાર રાકેશ રાયની ઉમેદવારી સામે ભાજપ અને સ્થાનિક આગેવાનોએ વાંધા રજૂ કર્યા હતા. આ બાબતે બંને પક્ષોના વકીલો વચ્ચે મામલતદારની ચેમ્બરમાં કલાકો સુધી ઉગ્ર દલીલો અને કાયદાકીય રજૂઆતો થઈ હતી. મામલતદારે આ અંગે રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં નિર્ણય જાહેર કરવાનું કહી રજૂઆતકર્તાઓને પરત મોકલ્યા હતા. ત્યારબાદ સાંજે ૭:૩૦ વાગ્યાની આસપાસ તેઓ 'હમણાં આવું છું' તેમ કહી કચેરીથી નીકળ્યા હતા. મોડી રાત સુધી મામલતદાર પરત ન ફરતા સ્ટાફે ફોન કર્યા હતા, પરંતુ તેમણે ફોન રિસીવ કર્યા નહોતા. બીજી તરફ તેમના પરિવારજનોએ જણાવ્યું કે, દલપતભાઈએ વીડિયો કોલ કરીને બધાને શાંતિથી જીવવા અપીલ કરી હતી. આથી સ્ટાફ અને પરિવારજનોને કશુંક અજુગતુ થવાની શંકા જતા તેઓએ શોધખોળ હાથ ધરી મોબાઈલ લોકેશન ટ્રેસ કરતા તે ઉમરગામ રેલવે સ્ટેશનનું બતાવતું હતું. બાદમાં સ્ટેશન નજીક સંજાણ તરફ રેલવે ટ્રેક પર તપાસ કરાતા મોડી રાતે મામલતદારનો ક્ષત-વિક્ષત મૃતદેહ મળી આવ્યો હતો, જેની ઓળખ તેમના પુત્રએ કરી હતી. ઘટનાની જાણ થતા કલેક્ટર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસે મૃતદેહને પેનલ પોસ્ટમોર્ટમ માટે વલસાડ મોકલી આપી આત્મહત્યા પાછળના ચોક્કસ કારણો જાણવા તપાસ હાથ ધરી છે.

## તાપી જિલ્લામાં અકસ્માત, બે બાઈક સામ-સામે ટકરાતાં 3ના મોત, 1 ગંભીર

**તાપી**

તાપી જિલ્લામાં ઉચ્છલ-નિઝર હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત્ રહ્યો છે. હાઈવે પર બે બાઈક સામસામે અથડાતા સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

ઉચ્છલ અને નિઝરને જોડતા હાઈવે પર બે બાઈક પૂરપાટ ઝડપે સામસામે અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક પર સવાર યુવાનો હવામાં ફંગોળાયા હતા. આ દુર્ઘટનામાં શ્રવણ, સંદીપ અને ઋષિકેશ વળવી નામના ત્રણ યુવાનોને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા.

આ અકસ્માતમાં અન્ય એક વ્યક્તિને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટના બનતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને તાત્કાલિક 108 મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. હાલ તેની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

## ગણદેવીમાં કોંગ્રસનો બફાટ: સમયસર મેન્ડેટ રજૂ નહીં કરાતા તમામ 20ની ઉમેદવારી ડૂલ

**એક અપક્ષની ઉમેદવારી રદ થતા 24 પૈકી 21 બેઠકો ઉપર ભાજપ બિનહરીફ જાહેર**

**ગણદેવી**

ચીખલી પ્રાંત કચેરીએ સોમવારે ગણદેવી નગરપાલિકા ચૂંટણીનાં ઉમેદવારોનાં ઉમેદવારી પત્રકોની ચકાસણી હાથ ધરાતા કોંગ્રેસ પાર્ટીનાં તમામ ૨૦ ઉમેદવારોનાં ઉમેદવારી પત્રકો રદ થયા હતાં. આ તમામ કિસ્સામાં સમયસર મેન્ડેટ મુકાયા ન હતાં. કેટલાક ફોર્મમાં તો સોગંદનામાંનો પણ અભાવ હતો. કોંગ્રેસ પાર્ટીનાં ઉમેદવારનાં ૧૦૦ ટકા ઉમેદવારી પત્રકોમાં સમયસર મેન્ડેટ ન મુકાતા તમામ ઉમેદવારી પત્રક રદ થયા હતાં. આ ઉપરાંત કેટલાક ઉમેદવારી પત્રકમાં સોગંદનામાંનો અભાવ પણ હતો. આ ઉપરાંત ટેકો આપનાર અને દરખાસ્ત કરનાર બે જગ્યામાં એક જ વ્યક્તિના નામ હોવાના કારણસર અપક્ષ ઉમેદવાર નીતાબેન વિનોદભાઈ સુર્વેનું ઉમેદવારી પત્રક પણ રદ થયું હતું. એ ઉપરાંત ક્રમ નંબર પણ મિસમેચ હતાં. પાલિકાની કુલ ૨૪ બેઠકો પૈકી ૨૧ બેઠકો પર ભાજપના ૨૧ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષભાઈ પટેલે જણાવ્યું હતું.કે ચીખલી પ્રાંત અધિકારીએ ગણદેવી નગરપાલિકાની ચૂંટણીમાં મેન્ડેટ નહીં હોવાનું કારણ આગળ ધરી કોંગ્રેસના ઉમેદવારોના ઉમેદવારી પત્રો રદ થયાંનું કહ્યું હતું. માત્ર દસ મિનિટ મોડું થતા મેન્ડેનો સ્વીકાર કરવામાં આવ્યો ન હતો. જો કે કોંગ્રેસના ઉમેદવારો બધા જ ચૂંટણી અધિકારીની પ્રિમાઈસીસમાં જ હતાં. ત્યારે કોંગ્રેસ આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકારશે.

## નર્મદા પંચકોશી પરિક્રમા અંતિમ ચરણમાં, શનિ રવિમાં 1.50 લાખ, કુલ 8 લાખ શ્રદ્ધાળુ ઉમટ્યા

**17મી એ અંતિમ દિવસ હોવાથી વધુ શ્રદ્ધાળું આવવાની શક્યતા, વ્યવસ્થા ગોઠવાઈ**

**નર્મદા**

નર્મદા પંચકોશી પરિક્રમા અમાસના દિવસે પૂર્ણ થશે, અત્યાર સુધીમાં અંદાજે 8 લાખ જેટલા પરિક્રમાવાસીઓએ નર્મદા મૈયાની પરિક્રમા કરી છે. ગત શનિ-રવિની રજાઓ દરમિયાન જ દોઢ લાખ જેટલા ભક્તો નોંધાયા હતા, જેના કારણે રાત્રિના સમયે પણ પરિક્રમાના માર્ગો ભક્તોથી ઉભરાયા હતા અને પાર્કિંગ સુવિધાઓ પણ ટૂંકી પડી હતી.



નર્મદા પરિક્રમા હવે પૂર્ણાહુતિના આરે છે ત્યારે ભક્તોનો પ્રવાહ સતત વધી રહ્યો છે. વચ્ચેના 10થી 12 દિવસ દરમિયાન રાજ્યની શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓ ચાલતી હોવાથી ભીડમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ હવે પરીક્ષાઓ પૂર્ણ થતાં જ ફરી એકવાર શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. ગત સપ્તાહમાં થયેલો ભારે ધસારો જોતાં બાકીના દિવસોમાં પણ ભક્તોની સંખ્યામાં મોટો વધારો થવાની શક્યતા છે.

## સુરતમાં મહિલા સાથે અત્યાચાર, દોઢ વર્ષ સુધી દુકાનમાં બંધક બનાવી રાખી

**સુરત**

મહિલા કલ્યાણ સંગઠનના સભ્યો અને સુરત પોલીસ દ્વારા સિમાડા ગામના જાણીતા થેપલા હાઉસમાં એક મહિલાને બળજબરીથી મજૂરી કરાવવામાં આવી રહી હોવાની બાતમી મળ્યા બાદ આ બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કાર્યવાહી કરતા પહેલા, સંસ્થાના સભ્યોએ દાવાઓની ચકાસણી કરવા માટે 15 દિવસ સુધી સંસ્થા પર દેખરેખ રાખી હતી. તેમની તપાસમાં એક ચિંતાજનક દિનચર્યા બહાર આવી. દુકાન માલિક સવારે 4:00 વાગ્યે દુકાન ખોલતો અને 11:00 વાગ્યે બંધ કરતો, પછી સાંજે 4:00 થી 11:00 વાગ્યા સુધી ફરી ખોલતો. બપોરના વિરામ દરમિયાન અને આખી રાત, કાજલ કથિત રીતે દુકાનમાં એકલી બંધ હતી. તેમની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે દુકાનના માલિક સવારે 4 વાગ્યે દુકાન ખોલતો અને 11 વાગ્યે બંધ કરતો હતો. ત્યારબાદ ફરી સાંજે 4થી 11 વાગ્યા સુધી ખોલતો હતો. જોકે બપોરના બ્રેક દરમિયાન અને રાત્રે દુકાન બંધ કરતા સમયે મહિલા દુકાનમાં જ એકલી રહેતી હતી. આ તપાસ બાદ મહિલા સંગઠન અને પોલીસે સાથે મળી મહિલાને છોડાવી હતી. આ સાથે ત્યાર સુધી તેણે કરેલા કામનું વેતન પણ તેને અપાવ્યું હતું

## હું આગામી લોકસભાની ચૂંટણી નહીં લડું: મનસુખ વસાવા

**ભરૂચ**

ભરૂચ ભાજપના સાંસદ મનસુખ વસાવાએ મોટી જાહેરાત કરી છે. જેમાં તેમણે કહ્યું કે, 'હું આગામી લોકસભાની ચૂંટણી નહીં લડું...' આગામી લોકસભાની ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરતાં મનસુખ વસાવાએ કહ્યું કે, 'ભાજપે મને ધારાસભ્યથી લઈને કેન્દ્રીય મંત્રી બનાવ્યો છે. પક્ષે મને ઘણું બધું આપ્યું છે, હવે આગામી 8મી ટર્મ હું ચૂંટણી નહીં લડું અને હવે પક્ષ પણ સક્ષમ ઉમેદવાર શોધે તે જરૂરી છે. ભરૂચ લોકસભા સામાન્ય બેઠક હોવા છતાં આદિવાસી નેતા તરીકે મને 7-7 વાર ટિકિટ આપી. હવે પાર્ટી નવા યુવાનોને તક આપે. આમ, મારા પછી પાર્ટી યુવા કાર્યકરોને તૈયાર કરે...' સાંસદ મનસુખ વસાવા 1995માં ભાજપની પ્રથમ રાજ્ય સરકારમાં મંત્રી અને 2014માં પ્રથમ મોદી સરકારમાં કેન્દ્રીય આદિજાતિ જાતિ કલ્યાણ રાજ્યમંત્રી રહી ચુક્યા છે.

## કડોદરામાં પ્રેમ લગ્ન કરનાર બહેનને ભાઈએ ઈલેક્ટ્રિક ટોર્ચથી કરંટ આપ્યો

**પરિવારના સભ્યો પર સ્પ્રે છાંટી આંખોમાં બળતરા કરી**

**સુરત**

કડોદરા રહેતા રેનુ રાજકુમાર પવને રાજકુમાર પવન ઝા સાથે પ્રેમ લગ્ન કર્યા હતા.જે તેના ભાઈ અરુણસિંગને પસંદ ન હતા. આ અદાવતમાં ગત 14 એપ્રિલના રોજ રેનુ અને તેના સાસુ-સસરા ઘરે હતા. ત્યારે તેનો ભાઈ અરુણસિંગ નેત્રપાલસિંગ ચૌધરી તેનો મિત્ર દિપકસિંગ રાજપુત અને કુટુંબી ભાઈ દેવેન્દ્રસિંગ ચૌધરી જબરદસ્તી ઘરમાં ઘૂસી આવ્યા હતા. અરુણસિંગે પોતાની પાસે રહેલી ઈલેક્ટ્રિક ટોર્ચ વડે બહેન રેનુને કરંટ આપ્યો હતો. જ્યારે દેવેન્દ્રસિંગે પરિવારના સભ્યો પર સ્પ્રે છાંટી આંખોમાં બળતરા કરી હતી. રેણુના સગા ભાઈએ ગાળો આપી રેનુનું અપહરણ કરી તેના પર બળાત્કાર કરવાની ધમકી પણ આપી હતી. આ ઝપાઝપી દરમિયાન યુવતીના સોનાના દાગીના પણ પડી ગયા હતા. સાંજના સમયે જ્યારે યુવતીના સાસુ અને દિયર સોનુકુમાર આરોપીના પિતાને સમજાવવા ગયા હતા. ત્યારે આરોપી અરુણસિંગ તેની સફેદ ડસ્ટર કાર લઈને પૂરઝડપે આવ્યો હતો.

## ભાજપના ગઢ એવા વેસુ અને ભરથાણામાં પ્રચાર માટે ગયેલા ભાજપના નેતાઓને પાછા કઢાયા

**સુરત**

સુરત પાલિકાના અઠવા ઝોનમાં ભાજપના ઉમેદવારો પુર્વ ધારાસભ્ય સાથે પ્રચાર માટે સોસાયટીમાં ગયા હતા. જ્યાં તેઓને કડવો અનુભવ થયો હતો. ગેટ પર જ સોસાયટીના રહીશોએ ભાજપના નેતાઓ પાસે કામગીરી નો હિસાબ માગ્યો હતો. 2500 રહેવાસીઓ ધરાવતી આ સોસાયટી છેલ્લા 20 વર્ષથી પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહી છે. ડ્રેનેજ સિવાય કોઈ મહત્વપૂર્ણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. ટી.પી. સ્કીમમાં ફેરફારોને કારણે સોસાયટીના મંજૂર રોડ પણ ખાનગી ફાઈનલ પ્લોટમાં ફેરવાયા હોવાની વાત સોસાયટીના રહીશોએ કરી છે. સોસાયટીના રહીશો કહે છે, છેલ્લા 20 વર્ષથી અન્યાય કરી સોસાયટીને માત્ર ખોટા વચનો આપવામાં આવ્યા છે.

# ટિકિટ ના મળતા નારાજગી, કોંગ્રેસ-ભાજપના દિગ્ગજોના રાજીનામાં

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના બ્યુગલ વાગતાની સાથે જ ભાજપ અને કોંગ્રેસ બંને મુખ્ય પક્ષોમાં આંતરિક વિખવાદ અને નારાજગીના વંટોળ ઉઠ્યા છે. ટિકિટ ફાળવણીમાં વફાદારોની અવગણના અને જાતિગત સમીકરણોને લઈને દિગ્ગજ નેતાઓએ કેસરીયો અને પંજો છોડવાની શરૂઆત કરી દીધી**

### નર્મદા ભાજપમાં મોટો ભડકો

નર્મદા જિલ્લાની 150 બેઠકોના ઉમેદવારોની જાહેરાત બાદ ભાજપમાં ભડકો થયો છે. નાંદોદ તાલુકા પંચાયતની 12-પોઈચા (ST મહિલા અનામત) બેઠક પર નીલિમાબેન રોહિતને ટિકિટ અપાતા વિરોધ શરૂ થયો છે. ધારાસભ્ય દર્શનાબેન દેશમુખના નજીક ગણાતા અને પૂર્વ જિલ્લા મંત્રી સુરેશ વસાવાએ પક્ષ છોડ્યો છે. તેણે આક્ષેપ છે કે અન્ય સમાજમાં લગ્ન કરનાર દીકરીને આદિવાસી અનામત બેઠક પર ટિકિટ આપી પક્ષે આદિવાસી સમાજના બંધારણીય અધિકારોનું હનન કર્યું છે. નોંધનીય છે કે, તલાટી તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર સુરેશ વસાવાનું પરિવાર 1987થી ભાજપ સાથે જોડાયેલ છે. તેના પત્ની રાજપીપલા પાલિકામાં સભ્ય રહી ચૂક્યા છે.

### ધોળકા કોંગ્રેસમાં ભંગાણ

અમદાવાદ જિલ્લાના ધોળકા શહેરમાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. ધોળકા નગરપાલિકાની ચૂંટણીમાં મેન્ડેટની વહેંચણી મુદ્દે શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશ મકવાણાએ રાજીનામું ધરી દીધું છે. તેમે આક્ષેપ કર્યો છે કે વફાદાર કાર્યકરોને બદલે ભાજપ સાથે સાઠગાંઠ ધરાવતા ઉમેદવારોને પક્ષના મોટા હોદ્દેદારોએ ટિકિટ આપી દીધી છે. 'સત્તાવાર લડાઈમાં ઘરના જ નડ્યા' હોવાનું જણાવી તેણે પક્ષની કાર્યપદ્ધતિ સામે રોષ વ્યક્ત કર્યો છે, જે કોંગ્રેસની છબીને નુકસાન પહોંચાડી શકે છે.

### અમરેલીમાં NSUI પ્રમુખનો પક્ષપલટો

અમરેલી જિલ્લામાં કોંગ્રેસનું યુવા સંગઠન નબળું પડ્યું છે. જિલ્લા NSUI પ્રમુખ સાહિલ શેખે કોંગ્રેસ છોડી ભાજપનો કેસરીયો ધારણ કર્યો છે. સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળાએ સાહિલ શેખને ભાજપમાં આવકાર્યા હતા. પક્ષમાં જોડાતાની સાથે જ સાહિલ શેખને સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર 9માંથી ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. આ પક્ષપલટાથી કોંગ્રેસની વોટબેન્ક અને યુવા કાર્યકરોમાં ગાબડું પડ્યું છે, જ્યારે ભાજપ લઘુમતી મતો પર પકડ મજબૂત કરવા ઉત્સાહિત છે.

### છોટાઉદેપુર જલ્લામાં ભાજપ સામે બળવો

છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકા પંચાયતના પ્રમુખના પતિએ ભાજપમાંથી બળવો કરીનેને બોડેલી તાલુકા પંચાયતની પાણેજ બેઠક પર અપક્ષમાં ઉમેદવારી નોંધાવી છે. સંખેડા વિધાનસભાના ધારાસભ્ય અભેસિંહ તડવીના ખાસ ગણાતા શિવમહા રાઉલ જી ભાજપના નિષ્ઠાવાન કાર્યકર ગણાતા તેની જ ટિકિટ કાપવામાં આવતા બળવો કર્યો છે. બોડેલી તાલુકામાં ભાજપમાં બળવો થતા આગામી દિવસોમાં ભાજપ માટે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં ભારે નુકશાન થશ.

### મોરબીમાં પૂર્વ કાઉન્સિલર-મંત્રી વચ્ચે 'તુતુ-મેંમેં'

મોરબી ભાજપમાં અસંતોષ ચરમસીમાએ જોવા મળ્યો છે. વોર્ડ નં. 6ના પૂર્વ કાઉન્સિલર અનોપસિંહ જાડેજાની ટિકિટ કપાતા તેમણે કાંતિ અમૃતિયા સાથે ઉગ્ર દલીલો કરી હતી. કચેરીમાં જ બંને નેતાઓ વચ્ચે રકઝક થયા બાદ અનોપસિંહ જાડેજાએ ભાજપ સામે બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

### કલોલ અને ડભોઈમાં 'આયાતી' ઉમેદવારોના વિરોધમાં સામૂહિક પક્ષપલટો

કલોલના પલિયડ જિલ્લા પંચાયત બેઠક પર કોંગ્રેસમાંથી આવેલા કાર્યકરની પત્નીને ટિકિટ અપાતા ભાજપના 400 કાર્યકરોએ પક્ષ છોડી કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે. વર્ષોથી કામ કરતા કાર્યકરોએ નારાજગી સાથે કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી છે. ચાણોદ જિલ્લા પંચાયત બેઠક પર ભાજપમાંથી ટિકિટ ન મળતા મમતા પટેલે બળવો કર્યો છે અને કોંગ્રેસમાં જોડાઈને ઉમેદવારી ફોર્મ ભર્યું છે.

### છોટા ઉદેપુર-આણંદમાં સક્રિય કાર્યકરો મેદાનમાં

છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકા પંચાયત પ્રમુખના પતિ અને સંખેડા APMCના પૂર્વ ચેરમેને પક્ષના નિર્ણય સામે બળવો કરી પાણેજ બેઠક પરથી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે આણંદના પેટલાદ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ઉમેદવારો રિપીટ કરતા નારાજગી ફેલાઈ છે. મહિલા કિસાન મોરચાના ઉપપ્રમુખ નયનાબેને વોર્ડ નં. 1 માંથી અપક્ષ ફોર્મ ભરી પક્ષ માટે મુશ્કેલી ઊભી કરી છે.

### પોરબંદરમાં વિવિધ જ્ઞાતિ-સમાજમાં રોષ

પોરબંદરમાં ઉમેદવારોની જાહેરાત બાદ બ્રહ્મ સમાજ, લોહાણા, રાજપૂત, કોળી અને વણકર સહિતના વિવિધ સમાજોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

### પાલીતાણામાં કોંગ્રેસના સાફ, પ્રમુખ ભાજપમાં

પાલીતાણામાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. શહેર કોંગ્રેસ પ્રમુખ ઓમદેવસિંહ સરવૈયા અને પૂર્વ વિપક્ષી નેતા કિરીટ સાગઠિયા ભાજપમાં જોડાયા છે. તેણે કેસરીયો ધારણ કર્યાના ગણતરીના કલાકોમાં વોર્ડ નં. 1માંથી ભાજપના ઉમેદવાર તરીકે ફોર્મ પણ ભરી દીધું છે.









સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# પોરબંદરમાં વર્ક વિઝાને બહાને 12 લોકો સાથે 72 લાખની ઠગાઈ

## શિક્ષકે જયપુરની મહિલા તથા કેનેડાના શખ્સ સામે ફરિયાદ નોંધાવી, આરોપીઓએ શિક્ષકને કમિશનની લાલચે કોચીંગ લેવડાવી ફસાવ્યા

**પોરબંદર**

પોરબંદરમાં રહેતાં શિક્ષકને કમિશન પર કોચીંગ આપી લોકોને યુકે, ન્યુઝીલેન્ડ, જર્મની મોકલવાની અને વર્ક વિઝા આપવાની લાલચ આપી 12 લોકો સાથે રૂ. 72 લાખની છેતરપિંડી કર્યાની જયપુરની મહિલા અને કેનેડાનાં શખ્સ સામે ફરિયાદ નોંધાઇ છે.




પોરબંદરના સુતારવાડામાં આવેલા શ્રી એપાર્ટમેન્ટ ખાતે રહેતા અને હાલ આણંદ જિલ્લાના વિદ્યાનગર શહેરમાં સરકારી શિક્ષક તરીકે નોકરી કરતા ચિરાગ જયેશભાઈ હિંડોચા (ઉ.વ. 34)એ જયપુરની શુભ્રા આચાર્ય અને કેનાડાના રવિ શેરૂ સામે રૂપિયા 72.50 લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ચિરાગભાઈએ જણાવ્યું છે કે તેણે વર્ષ 2015થી 2024 સુધી પોરબંદરમાં આરૂણી કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ એન્ડ ફિઝિક્સ લેબ નામથી ગણિત વિજ્ઞાન અંગ્રેજી સહિતના વિષયો માટેની કોચિંગ સેવા પૂરી પાડી હતી અને સાથે સાથે આઇ લેટ્સના અભ્યાસક્રમ માટે પણ કોચિંગ કરાવતા હતા. એ સમયે એક વ્યક્તિ સાથે તેને સંપર્ક થતા રવિ શેરૂ અને શુભ્રા આચાર્ય સાથે ઝૂમ મીટીંગ કરીને ઈન્ટરનેશનલ વર્ક વિઝા ફાઈલ કરાવવા માટેની કામગીરીમાં સારી આવક મળે તેમ જણાવ્યું હતું. જેમાં ઓપરચ્યુનિટી ઈન્ટરનેશનલના સ્થાપક રવિ શેરૂ વિદેશ રહેતો હોવાનું અને શુભ્રા આચાર્ય ભારતની ઓપરેશન હેડ હોવાનું જણાવીને તેમની સાથે ઝુમ મીટીંગ કર્યા બાદ વિઝા ફાઈલ કરવાની પ્રક્રિયા અને તેમાંથી કેટલી કમાણી થઈ શકે તેની માહિતી આપી હતી. કુલ ચાર્જના 5થી 20 ટકા કમિશન મળશે તેમ જણાવ્યું હતું. ત્યાર પછી તે તેની સાથે જોડાઈ ગયા હતા અને 12 જેટલા ક્લાઈન્ટને યુકે, ન્યૂઝીલેન્ડ, જર્મનીમાં વર્ક વિઝા આપવાની ખાતરી આપતા તેણે આરોપી શુભ્રા આચાર્યના એકાઉન્ટમાં તમામ ક્લાઈન્ટ ની ફી પેટે 47,55,005 બેંક ટ્રાન્સફરથી અને પાંચ લાખ આંગડિયા મારફતે તેમજ તેજલબેન ઓડેદરાના ભાઈ મારફતે 10 લાખ ટ્રાન્સફર કર્યા હતા. 5 લાખ રોકડા યુકેમાં શુભ્રા આચાર્યના બિઝનેસ પાર્ટનરને આપ્યા હતા તેમ જ રાજદીપ ઓડેદરા દ્વારા શુભ્રા આચાર્યના એકાઉન્ટમાં 4,95,000 ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ તમામ રકમ મળી 72.50 લાખ મેળવવામાં આવ્યા હતા પરંતુ ક્લાઈન્ટના વિઝા લેટર, ઓફર લેટર તથા ઈનવોઈસ જેવા મહત્વના દસ્તાવેજો ખોટા બનાવીને છેતરપિંડી કરવામાં આવી હતી. 12 વ્યક્તિઓના વર્કવિઝા ન આવતા તમામ લોકો ચીરાગભાઈ પાસે પૈસા માંગતા હતા અંતે તેણે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપી શુભ્રા આચાર્ય હાલ જયપુર જેલમાં હોવાનું જાણવા મળ્યું છે.

# સૌરાષ્ટ્રના 9 ડેમો મેદાનમાં ફેરવાયા રાજ્યના 30 ડેમો 90 ટકા ખાલીખમ

## 30 ડેમોમાં 70%થી વધુ, રાજ્યમાં સરેરાશ 64% સંગ્રહ

**રાજકોટ**

ઉનાળામાં લૂ વર્ષા અને બફારા વચ્ચે રાજ્યભરમાં જળમાંગમાં અને જળવપરાશમાં ક્રમશઃ વધારો થઈ રહ્યો છે ત્યારે આજની સ્થિતિએ રાજ્યમાં 9 ડેમો મેદાન બની ગયા છે અર્થાત્ 99થી 100 ટકા ખાલી છે જે તમામ ડેમ સૌરાષ્ટ્રના છે. જ્યારે આ સહિત કૂલ 30 ડેમોમાં માત્ર 10 ટકા જ પાણી બચ્યું છે અર્થાત્ 90 ટકા ખાલી છે અને આ પૈકીના 29 ડેમ પણ સૌરાષ્ટ્રના છે. સૌરાષ્ટ્રના 141 અને કચ્છના 20 ડેમોમાં સરેરાશ જીવંત જળરાશિ 50 ટકા કરતા પણ ઓછી છે. કચ્છમાં 33 ટકા, સૌરાષ્ટ્રમાં 46.57 ટકા પાણી છે. ગત એક માસમાં રાજ્યના નર્મદા ડેમ સહિત કૂલ 206 જળાશયોનો જળસંગ્રહ 6,28,904 MCFTમાં 58,675નો ઘટાડો થઈને આજે 5,70,230 MCFT પાણી રહ્યું છે જે કૂલ સંગ્રહક્ષમતાના 63.93 ટકા છે. સર્વાધિક 141 ડેમો સૌરાષ્ટ્રમાં આવેલા છે જેમાં જળસંગ્રહ એક માસમાં 6660 MCFT ઘટીને 44,707 MCFT રહ્યો છે.

# લખતર-વિરમગામ હાઈવે પર ટ્રકે 10 પદયાત્રીને કચડ્યાં, 7ના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત

## પદયાત્રીઓ રાજકોટના ગઢકા ગામે આવેલા મંદિરે સંઘ લઈને જઈ રહ્યા હતા

**સુરેન્દ્રનગર**

ગુજરાતના હાઈવે પર અકસ્માતનો સિલસિલો યથાવત છે. આજે વહેલી સવારે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર-વિરમગામ હાઈવે પર એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. લખતરના ભાસ્કરપરા નજીક એક બેફામ ગતિએ આવતા ટ્રકે પદયાત્રીઓના સંઘને અડફેટે લેતા 7 લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા છે.

મળતી માહિતી મુજબ, આ અકસ્માતનો ભોગ બનનારા તમામ લોકો ભરવાડ સમાજના મુંધવા પરિવારના સભ્યો હતા. આ પદયાત્રીઓ રાજકોટના ગઢકા ગામે આવેલા મંદિરે સંઘ લઈને જઈ રહ્યા હતા, ત્યારે લખતર-વિરમગામ હાઈવે પર કાળમુખા ટ્રકે તેમને કચડી નાખ્યા હતા. મૃતકોમાં 5 મહિલાઓ અને 2 પુરુષોનો સમાવેશ થાય છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ટ્રક ચાલકે અંદાજે 10 જેટલા યાત્રિકોને અડફેટે લીધા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે પદયાત્રીઓના દેહ રસ્તા પર વેરવિખેર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને 108 ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ટ્રક ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અને ભરવાડ સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# રાજુલામાં યુવાન સાથે ઠગાઈના કેસમાં લૂંટેરી દુલ્હનનાં પતિ અને દલાલને 2 વર્ષની સજા

## રોહીસાના યુવક સાથે લગ્ન કરી 2.60 લાખ ખંખેર્યા : ચાલુ કેસ દરમ્યાન દુલ્હન ફરાર

**રાજુલા**

રાજુલાના રોહીસા ગામે ત્રણ વર્ષ પહેલા યુવાન સાથે લગ્ન કર્યા બાદ લૂંટેરી દુલ્હન સહિત 3 વ્યક્તિએ રૂ. 2.60 લાખની છેતરપિંડી આચરી હોવાના કેસમાં જાફરાબાદ કોર્ટે લૂંટેરી દુલ્હનના પતિ અને દલાલને 2 વર્ષની સજા ફટકારી છે. રોહીસા ગામે રહેતા દેવજી ગોવિંદદાસભાઈ ચૌહાણના લગ્ન પ્રિયંકા હરબાજી ઢોબળે સાથે ફૂલહાર કરી થયા હતા. જેમાં દલાલ ઈશ્વરદાસ પરસોતમદાસ દેવમુરારી દુલ્હનનો પતિ ધર્મેન્દ્ર બાબુલાલ પ્રજાપતીને દુલ્હનનો ભાઈ અક્ષય હરબાજી ઢોબળે એવું ખોટું નામ દર્શાવી સાથે લઈ ગયો હતો. લગ્ન બાદ દેવજીના પિતાએ દલાલને રૂ.૨.૬૦ લાખ આપ્યા હતા. લગ્ન થયા બાદ બીજા જ દિવસે કપડા ખરીદ કરવાના બહાને પ્રિયંકા ટીંબી ગામે ગયા બાદ ફરાર થઈ ગઈ હતી. આ મામલે યુવકના પિતા ગોવિંદદાસ ચૌહાણે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપીંડી આચરનારા આરોપી ઈશ્વરદાસ પરસોતમદાસ દેવમુરારી, ધર્મેન્દ્ર બાબુલાલ પ્રજાપતિ અને પ્રિયંકા હરબાજી ઢોબળે સામે ફરિયાદ નોંધી ચાર્જશીટ ફાઈલ કર્યું હતું. આ કેસ જાફરાબાદ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે ઈશ્વરદાસ પરસોતમદાસ દેવમુરારી અને પ્રિયંકાના પતિ ધર્મેન્દ્ર બાબુલાલ પ્રજાપતીને બે વર્ષની સજા ફટકારી છે. જ્યારે આરોપી પ્રિયંકા ચાલુ કેસ દરમ્યાન ફરાર થઈ જતાં તેના વિરુધ્ધ વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યુ છે. તે પકડાય પછી તેની સામેનો ચુકાદો આપવામાં આવશે.

# ભાવનગરમાં કાકા-કાકી પર ભત્રીજા સહિત 3નો તલવાર, પાઇપ વડે હુમલો

## ત્રણ મહિલા સહિત ચાર લોકો વિરુદ્ધ ફરિયાદ દાખલ

**ભાવનગર**

દિવાનપરા રોડ પર રહેતા કાકાને ભત્રીજાએ મકાન વેચી નાખવાનું દબાણ કરતા હોય અને કાકાને મકાન વેચવું ન હોય આ સમગ્ર મામલાની યાદ રાખી ભત્રીજા સહિત ત્રણ મહિલાઓએ કાકા-કાકી પર તલવાર એટલે પાઈપ વડે હુમલો કરી ધમકી આપી હતી.

દિવાનપરા રોડ પર રહેતા અસલામભાઈ નસરૂલ્લાહભાઈ શેખનો ભત્રીજો મહમદહુસૈન મકાન વેચીને બીજે રહેવાનું દબાણ કરતો હોય પરંતુ અસલામભાઈ મકાન તેને વેચતા ન હોય જેની દાઝ રાખી મહમદહુસૈન ઇકબાલહુસૈન શેખ, રૂબીનાબેન રમીઝભાઈ પઠાણ, જસ્મીનબેન મુસ્તમકીમભાઈ શેખ, સબીયાબેન અલ્ફાજભાઈ દસાડીયાએ એક સંપ કરી અસલામભાઈના ઘરે ધસી આવી ગાળો આપી તલવાર, છરી તથા લોખંડના પાઇપ વડે અસલામભાઈ અને તેના પત્ની જરિનાબેન પર હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત દંપતીને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

# જામનગર ગુલાબનગરમાં અદાવતમાં મનદુઃખના કારણે બે પાડોશીઓ વચ્ચે તકરાર

**જામનગર**

જામનગરમાં ગુલાબ નગર નજીક સિન્ડિકેટ સોસાયટીમાં રહેતા સથવારા જ્ઞાતિના બે પાડોશીઓ વચ્ચે જૂનું મનદુઃખ રાખીને હુમલાનો બનાવ બન્યો હતો. ત્યાં રહેતા પિતા-પુત્ર ઉપર પાડોશી પિતા પુત્રએ હુમલો કરી દિધાની ફરીયાદ પોલીસમાં નોંધાવાઈ છે. ગુલાબનગર, સિન્ડિકેટ સોસાયટી વિસ્તારમાં ભાનુ પેટ્રોલપંપ સામેના ઢાળીયા પાસે બન્યો હતો. ફરીયાદી મિલનભાઈ રમેશભાઈ નકુમ (ઉ.વ. 35વર્ષ, રહે-ગુલાબનગર, જામનગર)એ નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપીઓ ભરત મનશુખભાઈ પરમાર તથા મનશુખભાઈ પરમારે જૂની અદાવતના કારણે ગાળો આપી ઝપાઝપી કરી હતી.

# મોરબીમાં છેલ્લા 1 મહિનાથી કારખાના બંધ હોવાના લીધે 7 હજાર કરોડનું ટર્નઓવર ઠપ્પ

## વિદેશ રવાના કરાયેલા 700થી વધુ કન્ટેનરો કંડલા-મુદ્રા પરત ફર્યા

**મોરબી**

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યાર પછીથી મોરબીમાં આવેલ વિશ્વ કક્ષાનો સીરામીક ઉદ્યોગ મુશ્કેલીમાં મુકાઈ ગયો હતો. એક મહિનાથી કારખાના બંધ હોવાના લીધે 7 હજાર કરોડનું ટર્નઓવર ઠપ્પ થઈ ગયું છે. અંદાજે 50 લાખથી લઈને 1.50 કરોડ સુધીનું નુકસાન થયું છે હવે આ નુકસાનીને કવર કેવી રીતે કવર કરવી તે સૌથી મોટી ચેલેન્જ સિરામિક ઉદ્યોગકારો સામે છે જ્યારે પેપર વેસ્ટના ભાવમાં 25 ડોલરનો વધારો થવાથી પેપર મિલ ઉદ્યોગ ઉપર એક મહિનામાં 36 કરોડનું ભારણ વધી ગયું છે. મોરબી સિરામિક એસો.ના પ્રમુખ મનોજભાઈ એરવાડીયાએ જણાવ્યું હતું કે મોરબીમાં 650 જેટલા સિરામિકના કારખાના આવેલા છે અને આ ઉદ્યોગનું વાર્ષિક અંદાજે 60 થી 70 હજાર કરોડ રૂપિયાનું ટર્નઓવર છે. જોકે, છેલ્લા એક મહિનાથી કારખાના બંધ હાલતમાં હોવાના કારણે મોરબીનું અંદાજે 7 હજાર કરોડ રૂપિયાનું ટર્નઓવર ઠપ્પ થઈ ગયું છે વધુમાં કહ્યું હતું કે, સિરામિક ઉદ્યોગકારો દ્વારા છેલ્લા મહિનામાં સિરામિકના જે કન્ટેનર વિદેશ મોકલવા હતા તેમાંથી 700 થી વધુ કન્ટેનરો કંડલા અને મુદ્રા પ્લોટ પરથી પરત આવી ગયા છે.

# 3 સંતાન મુદ્દે કોંગ્રેસે વાંધો ઉઠાવ્યો, ભાજપના ઉમેદવારે પુરાવા રજૂ કરતા ફોર્મ માન્ય

**જામનગર**

જામનગરની ચૂંટણીમાં ભાજપ તરફથી વોર્ડ નંબર 7માં શીતલબેન અજયભાઈ વાઘેલાએ ઉમેદવારી કરી છે, જેમની ઉમેદવારી સામે કોંગ્રેસ પાર્ટી દ્વારા વાંધો લેવામાં આવ્યો હતો. જેમાં શીતલબેન વાઘેલાને ત્રણ સંતાનો હોવા મામલે કોંગ્રેસ દ્વારા વાંધો ઉઠાવી તેમનું ઉમેદવારીપત્ર રદ કરવા રજૂઆત કરાઈ હતી. ભાજપના મહિલા ઉમેદવાર સામે કરાયેલા વાંધાને લઈને તંત્રએ પુરાવા ચેક કર્યા બાદ ઉમેદવારી પત્ર માન્ય રાખ્યું છે. જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના વોર્ડ નંબર 7ના મહિલા ઉમેદવાર સામે કોંગ્રેસે કરેલા વાંધાને લઈને ભાજપના ઉમેદવાર દ્વારા યોગ્ય પુરાવાઓ તંત્ર સમક્ષ રજૂ કર્યા હતા.



## કરીનાએ એરપોર્ટ પર લાઈન તોડતાં ભારે ટ્રોલ થઈ

મુંબઇ : કરીના કપૂર એરપોર્ટ પર લાઈનને અવગણીને આગળ વધી ગઈ હોવાનો એક વિડીયો વાયરલ થયા બાદ તેને ભારે ટ્રોલ કરાઈ હતી. કરીના એરપોર્ટમાં લાઈન હોવા છતાં તેને અવગણીને સિક્યોરિટી ગાર્ડને આઈડી બતાવી અંદર પ્રવેશી ગઈ હોવાનું વિડીયોમાં દર્શાવાયું હતું. ત્યારબાદ લોકોએ આ વિડીયો પર જાત ભાતની ટિપ્પણી કરી હતી. લોકોએ કહ્યું હતું કે સિનિયર સિટિઝન પણ લાઈનમાં ઊભા હોય છે. અનેક બીમાર તથા દિવ્યાંગ લોકો પણ લાઈનમાં હોય છે ત્યારે કરીનાનું આ વલણ વખોડવા લાયક છે. તેને બહુ મોડું થઈ ગયું હોય તો કમસેકમ તે અન્ય લોકોને વિનંતી પણ કરી શકી હોત.



## આથિયાનો છબરડોઃ આશાને બદલે લત્તા મંગેશકરની તસવીર મૂકી





મુંબઈ : આથિયા શેટ્ટીએ સ્વ. આશા ભોસલેને શ્રદ્ધાંજલિ આપતી વખતે આશા ભોસલેને બદલે લત્તા મંગેશકરની તસવીર પોસ્ટ કરી હતી. તેના કારણે સોશિયલ મીડિયામાં લોકોએ તેની ભારે ટીકા થઈ હતી. જોકે, થોડીવારમાં જ આથિયાએ આ ભૂલ સુધારી હતી અને સ્વ. આશા ભોસલેની તસવીર મૂકી દીધી હતી. કેટલાક લોકોએ ટીકા કરી હતી કે આ નવી પેઢીના કલાકારોને પીઢ કલાકારોનો કોઈ પરિચય નથી કે કોઈ સૌજન્ય કે સન્માન જેવું પણ નથી. ફક્ત દેખાડા ખાતર તેઓ આવી પોસ્ટ કરે છે. જોકે, કેટલાક લોકોએ બચાવ કર્યો હતો કે તસવીરો એપલોડ કરતી વખતે એકને બદલે બીજી તસવીર અપલોડ થઈ જવી એ બહુ સામાન્ય બાબત છે. ઘણા કુશળ લોકોથી પણ ઉતાવળમાં આવી ભૂલ થતી હોય છે. તેને બહુ મોટું સ્વરુપ આપવાની જરુર નથી.

## શાહિદ કપુરનું સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ, વિલનનો રોલ કરે તેવી શક્યતા



મુંબઈ : 'ઓ રોમિયો' ફિલ્મમાં એક ગેંગસ્ટરનું પાત્ર ભજવનારા શાહિદ કપૂરને હવે સાઉથની એક ફિલ્મ 'ડ્રેગન'માં વિલનનો રોલ ઓફર થયો છે. પ્રશાંત નીલ આ ફિલ્મ બનાવી રહ્યો છે. તેમાં જુનિયર એનટીઆર મુખ્ય ભૂમિકામાં છે. નેગેટિવ રોલ ટોવિનો થોમસ કરવાનો હતો. જોકે, તારીખોના અભાવે તેણે આ પ્રોજેક્ટ છોડી દીધો છે. તે પછી તેની જગ્યાએ શાહિદને ઓફર કરાઈ હોવાનું કહેવાય છે. હજુ નિર્માતાઓ તથા શાહિદની વાત ચાલી રહી છે. શાહિદ કન્ફર્મ કરશે તો આ સાઉથની તેની પહેલી ફિલ્મ હશે. ફિલ્મમાં ઋકમણિ વસંત તથા અનિલ કપૂરની પણ ભૂમિકાઓ હોવાનું કહેવાય છે.

# કૃતિ સેનન : મારે તો હજુ બહુ બધું શીખવાનું બાકી છે



કૃતિ સેનન આજકાલ ન્યુઝમાં છે. એની આગામી ફિલ્મ 'કોકટેલ-ટુ'એ 'ધૂરં૦૦૨'નાં ઢોલનગારાં વચ્ચે પણ આછું આછું આકર્ષણ પેદા કર્યું છે. ઓરિજિનલ 'કોકટેલ' ચૌદ વર્ષ પહેલાં આવી હતી, ૨૦૧૨માં. ઈમ્તિયાઝ અલીએ તે લખેલી અને હોમી અડજાણિયાએ ડિરેક્ટ કરેલી. 'કોકટેલ' એ ફિલ્મ છે, જેને કારણે દુનિયાને ખબર પડી હતી કે દીપિકા પદુકોણ નામની તારિકા માત્ર ગ્લેમરસ ઢીંગલી નથી, તે અભિનય પણ કરી જાણે છે. 'કોકેટલ-ટુ'ની સિક્વલની વાતો ક્યારની સંભળાયા કરતી હતી. આખરે આગામી જૂનમાં તે રિલીઝ થવા જઈ રહી છે. આ વખતે ડિરેક્ટર એ જ છે, પણ લેખક બદલાઈ ગયા છે - લવ રંજન. તમામ મુખ્ય કલાકારો પણ, અલબત્ત, બદલાઈ ગયા છે. ઓરિજિનલ ફિલ્મમાં દીપિકાની સાથે સૈફ અલી ખાન અને ડાયેના પેન્ટી હતાં, આમાં કૃતિ સેનનની સાથે શાહિદ કપૂર અને રશ્મિકા મંદાના છે. ઓરિજિનલ ફિલ્મની જેમ આમાં પણ આધુનિક સમયના ગૂંચવાયેલા પ્રેમસંબંધોની વાત છે. કૃતિ હિન્દી ફિલ્મી જગતની રૂપકડી, મોહક હાસ્ય ધરાવતી, પ્રતિભાશાળી 'આઉટસાઈડર' છે. એણે બોલિવુડમાં ઓછા સમયમાં ઉજળી સફળતા મેળવી છે. એ વિવિધતાસભર ભૂમિકાઓ ભજવીને સતત પોતાની અભિનયપ્રતિભા પુરવાર કરતી આવી છે.

ગયા વર્ષે રજૂ થયેલી 'તેરે ઈશ્ક મેં' ફિલ્મની કથામાં ઉત્કટ કહી શ ક ા ય તેવાં પ્રેમની વાત હતી. બોલિવુડની ભાષામાં તેને ટોક્સિક લવ કહે છે.

મૂળ દિલ્હીના પંજાબી પરિવારમાં જન્મેલી અને કમ્પ્યુટર સોફ્ટવેર એન્જિનિયરિંગની ઉચ્ચ ડિગ્રી ધરાવતી કૃતિ સેનન કહે છે, 'હવે હું 'કોકટેલ-ટુ'માં નવી ભૂમિકામાં આવી રહી છું. આ એક મોડર્ન રોમેન્ટિક કોમેડી છે. મારી સાથે શાહિદ કપૂર, રશ્મિકા મંદાના જેવાં મજેદાર અને અનુભવી કલાકારો હોવાથી મને આ ફિલ્મમાં કામ કરવાની ભરપૂર મજા આવી. 'કોકટેલ-ટુ' મારી કારકિર્દીની વીસમી ફિલ્મ છે.' હિન્દી ફિલ્મ જગતમાં 'હીરોપંતી' (૨૦૧૪) ફિલ્મથી પા પા પગલી ભરનારી કૃતિ કહે છે, 'હું 'હીરોપંતી'ની સાથોસાથ 'નેનોકાદિન' (તેલુગુ ફિલ્મ, ૨૦૧૪)માં પણ કામ કરતી હતી. મને શરૂઆતના તબક્કે જ બે જુદી જુદી ભાષાની ફિલ્મોમાં કામ કરવાની તક મળી હોવાથી બહુ રોમાંચ થતો હતો, ને અંદરખાને ડર પણ લાગતો હતો. ત્યાર બાદ મને 'બરેલી કી બર્ફી', 'દિલવાલે', 'હાઉસફૂલ-૪', 'લૂકાછૂપી', 'આદિપુરુષ', 'મીમી', 'ભેડિયા', 'તેરે ઈશ્ક મેં' વગેરે મજેદાર ફિલ્મોમાં વિવિધ પાત્રો ભજવવાની તક મળી. મને મારા સિનિયર કલાકારોએ બહુ મહત્ત્વની અને ઉપયોગી બાબત શીખવી છે કે નવી ફિલ્મનું કામ શરૂ કરીએ ત્યારે આગલી ફિલ્મનું જરા સરખું માનસિક દબાણ ન રાખવું. દરેક ફિલ્મ અને પ્રત્યેક પાત્ર હંમેશાં જુદાં જુદાં હોય છે. સાથોસાથ દરેક ફિલ્મ માટે દર્શકોનો પ્રતિસાદ પણ અલગ અલગ હોય છે. એક કલાકાર તરીકે પ્રત્યેક ફિલ્મને નવી નજરે જોવી.

**'નવી ફિલ્મનું કામ શરૂ કરીએ ત્યારે આગલી ફિલ્મનું જરા સરખું માનસિક દબાણ નહીં રાખવાનું. દરેક ફિલ્મ, દરેક પાત્ર અને ઓડિયન્સનું રિએક્શન દર વખતે જુદાં હોવાનાં**




## બ્રિટની સ્પીયર્સ નશાની આદત છોડાવવા 30 દિવસ માટે હોસ્પિટલમાં દાખલ થઈ

મુંબઈ : હોલવુડ ગાયિકા બ્રિટની સ્પીર્યસ નશામાં કાર ચલાવતા પકડાઈ ગયા બાદ હવે પોતાની આદત છોડાવવા માટે એક ટ્રીટમેન્ટ સેન્ટરમાં દાખલ થઈ છે. ગઈ ચોથી માર્ચના રોજ બ્રિટની સ્પીયર્સને કેલિફોર્નિયા હાઈવે પેટ્રોલના અધિકારીઓએ નશો કરી ગાડી ચલાવતી હોવાની શંકાએ પકડી હતી. જોકે, તેને તે જ દિવસે મુક્ત કરાયા બાદ મે મહિનામાં કોર્ટમાં ફરી હાજર થવાની સૂચના આપવામાં આવી હતી. કેસમાં વહેલો છૂટકારો મેળવવા ન્યાયધીશ પર પોઝિટિવ છાપ પડે તે માટે તેણે પોતાનો ઈલાજ કરાવવાનો નિર્ણય લીધો હોવાનું કહેવાય છે. હાલ આ ઈલાજ ૩૦ દિવસ સુધી ચાલશે પરંતુ પછી તેની પ્રગતિના આધાર પર આગળનો નિર્ણય લેવામાં આવશે.

# 'ધુરંધર'નો નવો રેકોર્ડ : 3000 કરોડ કમાનારી ભારતની પ્રથમ ફિલ્મ ફ્રેન્ચાઈઝી બની!


ભારતીય સિનેમાના ઈતિહાસમાં એક નવો અધ્યાય લખાઈ ચૂક્યો છે. Jio સ્ટુડિયોઝ અને B62 સ્ટુડિયોઝના બેનર હેઠળ બનેલી 'ધુરંધર' ફિલ્મ સીરિઝે બોક્સ ઓફિસ પર તમામ રેકોર્ડ ધ્વસ્ત કરી દીધા છે. જ્યોતિ દેશપાંડે, આદિત્ય ધર અને લોકેશ ધર દ્વારા નિર્મિત આ ફ્રેન્ચાઈઝી હવે વિશ્વભરમાં 3000 કરોડ રૂપિયાથી વધુનો ગ્રોસ બિઝનેસ કરનારી ભારતની પ્રથમ ફિલ્મ સીરિઝ બની ગઈ છે. 'ધુરંધર'ના બંને ભાગ મળીને વિશ્વભરમાં 3,000 કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ કર્યો છે. પહેલા ભાગની સફળતાના માત્ર ચાર મહિના બાદ રિલીઝ થયેલી આ સીક્વલે તો ઈતિહાસ જ પલટી નાખ્યો. રણવીર સિંહ સ્ટારર આ ફિલ્મે વિશ્વભરમાં 1712.00 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે.



આ સીરિઝની બીજી ફિલ્મ એટલે કે ધુરંધર 2એ માત્ર હિન્દીમાં જ સૌથી વધુ કમાણીનો રેકોર્ડ નથી બનાવ્યો, પરંતુ ભારતની એવી પ્રથમ ફિલ્મ બની છે જેણે એક જ ભાષામાં ભારતીય બોક્સ ઓફિસ પર 1000 કરોડ રૂપિયા નેટ કલેક્શન મેળવ્યું હોય. ભારતની અન્ય કોઈ પણ બે કે ત્રણ ભાગવાળી ફિલ્મ સીરિઝે ભેગા મળીને આટલી કમાણી નથી કરી

Jio સ્ટુડિયોઝના વિઝન અને આદિત્ય ધરના શાનદાર નિર્દેશનને કારણે આજે આ ફ્રેન્ચાઈઝી ગ્લોબલ બોક્સ ઓફિસ પર ભારતીય સિનેમાનું પ્રતિનિધિત્વ કરી રહી છે. 3000 કરોડ રૂપિયાનો આ આંકડો સૂચવે છે કે ભારતીય દર્શકો હવે મોટા પાયા પર બનતી ગુણવત્તાયુક્ત એક્શન ફિલ્મોને મન ભરીને માણી રહ્યા છે.




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### યુદ્ધ વિરામની જાહેરાત બાદ ઈરાને મુકેલી શરતોથી ટ્રમ્પ અકળાયા

# હોર્મુઝમાં પડની નાકાબંધી વિશ્વ માટે આફત નોતરશે

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કામચલાઉ ધોરણે અટકાવીને પાકિસ્તાનના મધ્યસ્થીના નામે ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલના નેતાઓ સમસ્યાનો ઉકેલ લાવવા ભેગા થયા હતા. જો કે, ત્રણેય દેશો વચ્ચેની શાંતિવાર્તા નિષ્ફળ ગઈ છે. બેઠક દરમિયાન ઈરાને મુકેલી શરતોને કારણે ટ્રમ્પ વધારે અકળાયા હતા. તેમણે આ વાર્તા રદ થયા બાદ ચેતવણી ઉચ્ચારી હતી કે, હવે હોર્મુઝની ખાડીમાંથી તે એકપણ જહાજ પસાર થવા નહીં દે. તેણે સમગ્ર ખાડીની આસપાસ નાકાબંદી કરવાની જાહેરાત કરી હતી અને તે દિશામાં કામગીરી પણ શરૂ કરી દીધી હતી. જો આ ખાડી આસપાસ નાકાબંધી થઈ જાયો તો દુનિયાભરમાં ક્રૂડ અને ગેસ ઉપરાંત અન્ય વસ્તુઓનો સપ્લાય સદંતર અટકી જાય અને ચારેકોર ભયાનક સ્થિતિ ઊભી થાય તેમ છે. અલબત, અમેરિકાએ બે મોટા યુદ્ધ જહાજ આ ખાડીમાં તૈનાત કરી દીધા છે, જેનાથી બાકીના જહાજો ઉપર દબાણ ઊભું કરાશે. બીજી તરફ સાઉદી અરબ, યુએઈ અને કુવૈત જેવા સાથી દેશોના બંદરોએ આવન-જાવન કરતા જહાજોને રાહત આપવામાં આવશે. ટ્રમ્પનો દાવો છે કે, ઈરાન દ્વારા આ રસ્તેથી પસાર થતા જહાજો પાસેથી ગેરકાયદે ટોલ વસુલવામાં આવી રહ્યો છે. અમેરિકા ક્યારેય આવું કામ ચલાવી લેશે નહીં. હું કોઈપણ ભોગે ઈરાનને આવા ટોલ વસુલવા દઈશ નહીં. ટ્રમ્પના નિવેદન પહેલાં ઈરાન દ્વારા હોર્મુઝની ખાડીમાંથી પસાર થનારા જહાજો પાસેથી ટોલ વસુલવાની જાહેરાત કરાઈ હતી. તેથી ટ્રમ્પે જણાવ્યું કે, ઈરાન દ્વારા જે કરવામાં આવી રહ્યું છે તે આંતરરાષ્ટ્રીય મરિન કાયદાઓનું ઉલ્લંઘન છે. કાયદાનો ભંગ કરીને જહાજો પાસેથી ગેરકાયદે ટોલ વસુલાતને અમેરિકા અટકાવશે. માનવામાં આવી રહ્યું છે કે, આ કામગીરી ધારવામાં આવે તેટલી સરળ નથી. હોર્મુઝની ખાડી દુનિયાનો મહત્ત્વનો ચોક પોઈન્ટ ગણાય છે. તેને ચિકન નેક પણ કહેવામાં આવે છે. તેની પહોળાઈ માત્ર ૩૩ કિલોમીટર છે પણ વાસ્તવિકતામાં જહાજોને પસાર થવા દેવાની પહોળાઈ તો માત્ર ૩.૭ કિલોમીટરની જ છે. તેના કારણે જ આ જગ્યા રણનીતિક દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશિલ અને મહત્વની બની જાય છે.



ટેકનિલકી અમેરિકા પાસે નૌસેનાના વિશાળ યુદ્ધ જહાજો અને અન્ય જહાજો છે કે તે આ ખાડીને બંધ કરીને તેના ઉપર બ્લોકેજ ઊભું કરી શકે છે. તે સ્થિતિને કાબુ કરવાની ક્ષમતા ધરાવે છે, પણ તે આ કામ કરી શકે કે કેમ, ત્યાં સૌથી મોટો પડકાર છે. યુદ્ધના અને સૈન્ય ક્ષેત્રના જાણકારો માને છે કે, આ વિસ્તાર હકિકતે માત્ર જહાજોની અવરજવરો રસ્તો નહીં અને મોતનું તાંડવ કરી શકે તેવી એક જગ્યા છે. ઈરાન પાસે આ વિસ્તારમાં એન્ટિ શિપ મિસાઈલો, હજારો સમુદ્રી સુરંગો અને લાખોની સંખ્યામાં નાની નાની એમ્યુનિશન બોટ, મિસાઈલો, રોકેટ અને ડ્રોન છે, જે અમેરિકાના મોટા મોટા જહાજોને પણ ભારે નુકસાન પહોંચાડી શકે અને ડૂબાડી પણ શકે છે. આ રસ્તો ખૂબ જ નાનો અને સાંકડો હોવાથી અમેરિકી જહાજો અને સેના ચોક્કસ ક્ષેત્રથી આગળ વધી શકે તેમ જ નથી. જે દુર્ગમ વિસ્તાર છે તેમાં ઈરાને પોતાનો તખતો ગોઠવી દીધો હોવાથી અમેરિકા ત્યાં આવી શકે તેમ નથી. એક અહેવાલ અનુસાર અમેરિકાએ આ વિસ્તારમાં મોટાપાયે પગલાં લેવાની તૈયારીઓ બે દાયકા પહેલાથી શરૂ કરી દીધી હતી. ૨૦૦૩માં ઈરાક યુદ્ધ બાદ અમેરિકાએ આ વિસ્તારમાં સૌથી વધારે સૈન્ય જમાવડો શરૂ કરી દીધો હતો. હાલમાં તે બે મોટા એરક્રાફ્ટ કેરિયર યુએસએસ ગેરાલ્ડ આર ફોર્ડ તથા યુએસએસ અબ્રાહ્મ લિંકન અહીંયા પહેલેથી જ તહેનાત છે. તે ઉપરાંત યુએસએસ જ્યોર્જ એચ.ડબ્લ્યૂ- બુશ પણ પોતાના સ્ટ્રાઈક ગ્રૂપ સાથે અહીંયા પહોંચી રહ્યું છે. આ સિવાય અમેરિકાએ ૧૩ જેટલા મોટા યુદ્ધ જહાજો કે જેમાં ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર અને ક્રૂઝર લગાવેલા છે તે પણ ફારસની ખાડી અને ઓમાનની ખાડીમાં મુકી દીધા છે. અમેરિકાએ અંડર વોટર ડ્રોન અને માઈન સ્વીપિંગ જહાજો પણ સજ્જ કરી દીધા છે. જેથી ઈરાન દ્વારા દરિયામાં મુકાયેલી સુરંગોનો તાકીદે નિકાલ કરી શકાય.

અમેરિકાએ આ વિસ્તારમાં કબજો જમાવવાની અને ઈરાન સાથે વધુ એક સંઘર્ષમાં ઉતરવાની પૂરતી તૈયારી કરી લીધી છે. બીજી તરફ એવું પણ કહેવાય છે કે, ઈરાનની આઈઆરજીસી દ્વારા અમેરિકાને પહેલાં જ ચેતવણી આપી દેવાઈ છે કે, હોર્મુઝની ખાડી તરફ જો અમેરિકાનું એકપણ યુદ્ધ જહાજ આવ્યું તો તેને યુદ્ધવિરામનો ભંગ માનવામાં આવશે. ઈરાન દ્વારા તેનો આકરો જવાબ અપાશે. જો ઈરાન દ્વારા કોઈપણ અમેરિકી યુદ્ધ જહાજને નુકસાન પહોંચાડવામાં આવ્યું તો આ યુદ્ધ ભયાનક સ્વરૂપ ધારણ કરી શકે છે. પેન્ટાગોન અકલ્પનિય બદલો લઈ શકે છે. જો આ સ્થિતિ સર્જાશે તો ક્રૂડના ભાવમાં ફરી ભડકો થશે અને દુનિયાભરમાં તંગી અને મોંઘવારીની મોટી આફત આવશે. અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધથી તે બંનેને તો નુકસાન થશે જ, પરંતુ તેના કરતા દુનિયાને વધારે નુકસાન થશે. યુદ્ધની સ્થિતિમાં ઈરાનનો માલ અમેરિકા ત્યાંથી આવવા નહીં દે અને અન્ય ખાડી દેશોના માલ આવશે તો ઈરાન તેના ઉપર હુમલા કરશે. આ રીતે ફરીથી દુનિયામાં ક્રૂડનો અને ગેસનો સપ્લાય ખોરવાશે. આ ખાડી થકી દુનિયાના ક્રૂડ સપ્લાયના ૨૦ ટકા જથ્થાની હેરફ થતી રહી છે. જે અટકશે તો દુનિયાભરના દેશોમાં મોંઘવારી, ફુગાવો, તંગી જેવી સ્થિતિ સર્જાશે. ઈરાનની કુલ નિકાસ આવકનો આશરે ૫૦ ટકા હિસ્સો ખનિજ તેલમાંથી આવે છે. આ માર્ગ બંધ કરવાથી તેની ખનિજ તેલની નિકાસ પર સીધી અસર પડશે. વિશ્વના કુલ તેલ પુરવઠાનો આશરે ૨૦થી ૨૫ ટકા હિસ્સો અહીંથી પસાર થાય છે. ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા એશિયાઈ દેશો ઊર્જા માટે સૌથી વધુ આ માર્ગ પર નિર્ભર છે. બીજી તરફ સાઉદી અરેબિયા અને યુએઈ પાસે પાઈપલાઈન દ્વારા લાલ સમુદ્ર સુધી તેલ પહોંચાડવાના મર્યાદિત વિકલ્પો છે, પરંતુ તે હોર્મુઝના વિશાળ જથ્થાની સરખામણીએ અપૂરતા છે.

ડોનાલ્ડ ટ્રમ્પનો ઉદ્દેશ સ્પષ્ટ છે કે ઈરાનના અર્થતંત્ર પર એટલું દબાણ લાવવાનું કે તેને અમેરિકા સમક્ષ શરણાગતિ સ્વીકારવાની ફરજ પડે. અર્થશાસ્ત્રી રોબિન બ્રુક્સ માને છે કે હોર્મુઝ સ્ટ્રેટની ચાલુ નાકાબંધી ઈરાન પર સીધા લશ્કરી મુકાબલા વિના નોંધપાત્ર આર્થિક દબાણ લાવી શકે છે. નાકાબંધી ઈરાનની તેલ આવકમાં ઘટાડો કરશે, જેના કારણે તેના ચલણનું મૂલ્ય ઘટી શકે છે અને ઈરાનનું અર્થતંત્ર અતિ ફુગાવામાં ફેરવાઈ શકે છે. હાલની સ્થિતિ અંગે જાણકારોનું માનવું છે કે, ઈરાન પરના હુમલાનો મૂળ હેતુ ઈરાનનો અણુકાર્યક્રમ ખતમ કરવાનો નહોતો, પણ વિશ્વના ઊર્જાના વેપાર પર નિયંત્રણ જમાવવાનો હતો.

ઈરાને હોર્મુઝની ખાડી પર નિયંત્રણ મેળવી લીધું અને તગડો ટોલ ટેક્સ લેવાનું ચાલુ કર્યું ત્યારે અમેરિકા દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ માટે ઈસ્લામાબાદમાં યોજાયેલી મંત્રણા નિષ્ફળ ગયા પછી અમેરિકાએ ઈરાનની નાકાબંધી દૂર કરવાના પ્રયાસો કરવાને બદલે પોતાની નાકાબંધી ચાલુ કરી છે, જેનો હેતુ પણ ઊર્જાના વૈશ્વિક વેપાર પર નિયંત્રણ જમાવવાનો છે. આ સાથે જ હોર્મુઝ સ્ટ્રેટ એક કઠપૂતળી બની ગયું છે, જેને અમેરિકા અને ઈરાન વારાફરતી નચાવી રહ્યા છે અને દુનિયાને આ તમાશો જોવાની ફરજ પડી રહી છે.

**ખાડીમાંથી અવરજવર ઘટાડવા ખુદ અમેરિકાએ જ બે મોટા યુદ્ધ જહાજ ખડકીને ઈરાનની નિકાસ અટકાવવા પેંતરો રચ્યો છે. પરંતુ હકીકતે આ પગલાંથી યુએસ વિશ્વના ઊર્જાના વેપાર પર નિયંત્રણ મેળવવાની વેતરણમાં છે**

# મિસીસાગામાં ‘ગુજરાતી સિનિયર સમાજ’નો મેળાવડો

## ફ્યુનરલ કમિટી દ્વારા ઉપયોગી પ્રેઝન્ટેશન અને આગામી આનંદમેળાના આયોજન અંગે મહત્વની ચર્ચા, સ્વયંસેવકોના સેવાકીય જુસ્સા સાથે નવા સભ્યોનું ઉમળકાભેર સ્વાગત : એપ્રિલમાં જન્મેલા સભ્યોને કાર્ડ અને ગીતો સાથે વધાવાયા, સમાજના ઉત્કર્ષ માટે મળેલા સહયોગ બદલ દાતાઓનો આભાર વ્યક્ત કરાયો



મિસીસાગા : ગુજરાતી સિનિયર સમાજ મિસીસાગાની એપ્રિલ મહિનાની માસિક બેઠક 12મી એપ્રિલ ૨૦૨૬, રવિવારના રોજ સ્ટીફન લેવિસ સેકન્ડરી સ્કૂલ, થોમસ રોડ, મિસીસાગા ખાતે યોજાઈ હતી.

કપરા શિયાળા બાદ સારા હવામાનની શરૂઆત કરતો મહિનો એટલે એપ્રિલ માસ. **GSSM**ની બેઠકમાં આ માસે મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અંદાજે ૩૧૧ સભ્યોની હાજરી વાળી એપ્રિલની માસિક બેઠકનું સંચાલન સમાજના કારોબારી સમિતિના સભ્ય ઈલાબેન દેવાણી દ્વારા થયું હતુ. બેઠકમાં હાજર તમામની હાજરીની નોંધ કરવાની જવાબદારી રમણિક શાહ અને ચંપાબેન શાહ તેમજ દર્શનાબેન પટેલની ટીમે સંભાળી હતી. ઓડિયો સિસ્ટમ લાવી સમાજના પ્રમુખ મહેન્દ્રભાઈ ગોધિયા અને રેખાબેન ગોધિયાને અનિલભાઈ જેઠવા પરિવારે સહયોગ કર્યો હતો. સમાજના મંત્રી હર્ષદભાઈ નાયક પણ સ્ટોરમાંથી જરૂરી સામાન દર વખતની જેમ કાઢી તે લઈને સમયસર પહોંચી ગયા હતા.

સભાના આરંભે સૌને આવકારી સુધાબેન ભટ્ટ દ્વારા પ્રાર્થના રજૂ કરાઈ હતી. ઈલાબેન દેવાણીએ સમાજના પ્રમુખને સ્ટેજ ઉપર આવકાર્યા હતા. તેમણે સમાજના અગ્રણી જયંતિભાઈ મીઠીયાના થયેલ દુઃખદ અવસાનના સમાચાર આપી બે મિનિટના મૌન સાથે શાંતિ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે ઘણી ઠંડી પછી હવામાન સારું થઈ રહ્યું છે અને તેની સારી અસર આજની હાજરી ઉપર દેખાઈ રહી છે. ત્યારબાદ ઈલાબેન દેવાણીએ બોલીફિટ કરાવ્યું હતુ. સ્ટેજ પરથી ઈલાબેન દેવાણી સાથે સુધાબેન ભટ્ટ, હર્ષાબેન, ધર્મિષ્ઠાબેન પટેલ અને હર્ષિકાબેન પટેલ વગેરેએ સાથ નિભાવ્યો અને અન્યને માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ. ચંપકભાઈ ટેલર અને પ્રવીણભાઈ મહેતાએ સુંદર ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી સંભાળી હતી. નવા જોડાયેલા સભ્યોની જાણકારી માટે ગુજરાતી સિનિયર સમાજ મિસીસાગાના કારોબારી સમિતિના તમામ સભ્યોને સ્ટેજ પર બોલાવી પરિચય કરવાયો હતો. ઈલાબેન દેવાણી દ્વારા બોલીફિટના સમાપન બાદ એપ્રિલ માસમાં જેમની જન્મ તારીખ ચાલુ માસમાં હોય તેવા તમામ સભ્યોને સ્ટેજ પર બોલાવીને અભિનંદન પાઠવવા સાથે બર્થ ડે સોંગ પ્રસ્તુત કરવામાં આવ્યું હતુ. વિજયાબેન હુડકાના હસ્તે સમાજ વતી સુંદર બર્થ ડે કાર્ડ સુપરત કરી શુભેચ્છા આપવામાં આવી હતી. દર વર્ષે થતા કેમ્પની કામગીરી સંભાળતા ટીમના મુકેશભાઈ ગાજરીયા, વિરેન્દ્રભાઈ ભટ્ટ અને જગદીશભાઈ શાહ દ્વારા કેમ્પ વિશે વધુ માહિતી આપવામાં આવી હતી. ઈલાબેને સ્ટેજ પર ધર્મિષ્ઠા પટેલને બોલાવી જૂન માસમાં થનાર આનંદમેળાની માહિતી આપી તેમાં સૌને પોતાની વાનગી સાથે ભાગ લેવા નામ નોંધાવવા વિનંતી કરવામાં આવી હતી.

ત્યારબાદ વિરામ જાહેર થતાં સૌ કોઈએ ચા-કોફી પીને નાસ્તાનો લાભ લીધો હતો.

જે બાદ સૌ સભ્યો એકબીજાને મળી ગોષ્ઠિમાં પરોવાયા હતા. સમાજની ફ્યુનરલ કમિટીના દિલીપભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે, સમિતિ દ્વારા સમાજના મહેન્દ્રભાઈ, પ્રવીણભાઈ મહેતા અને ગૌતમભાઈ નાયકના સહયોગથી સભ્યોની જાણકારી માટે એક પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવ્યું છે.

સ્લાઈડ શો દ્વારા સુંદર માહિતી આપવા માટે ચેપલ રિજ અંતિમ સંસ્કાર કેન્દ્રના એલેક્સ તેમજ કીર્તિ મિસ્ત્રીની ટીમની ઓળખ આપીને આમંત્રણ આપવામાં આવ્યું હતુ. પ્રશ્નોત્તરી સમયે પંકજભાઈ મહેતાએ સેવા આપી પ્રશ્નકર્તાને માઈક પહોંચાડી સગવડતા ઊભી કરી આપી હતી.

સમગ્ર કાર્યક્રમથી સૌ સભ્યોને ખૂબ ઉપયોગી માહિતી મળી હતી. ઈલાબેને પ્રેઝન્ટેશન માટે સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સમાજના ખજાનચી જીતેન્દ્ર પંચાલે આજે મળેલા દાન અને દાતાઓની માહિતી આપી સૌ દાનવીરોની ઉદારતા માટે આભાર માન્યો હતો.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

• 78 Room Hotel Ramada Inn – SOLD
• 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
• 17 Room Motel near Chattham – SOLD
• 12 Room Motel in Blind River – Sold Conditional
• 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
• 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opperunity
(min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# શક્તિ, સંકલ્પ અને શ્રદ્ધાનો તહેવાર : પરશુરામ જયંતિ

સનાતન ધર્મમાં ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર તરીકે ભગવાન પરશુરામનું વિશેષ મહત્વ છે. પૃથ્વી પર વધતા અધર્મ, અન્યાય અને દુષ્ટ શક્તિઓના વિનાશ માટે તેમણે અવતાર ધારણ કર્યો હતો. તેમના હાથમાં રહેલું શસ્ત્ર 'પરશુ' (કુહાડી) તેમની વીરતા અને ધર્મ રક્ષણના અતૂટ સંકલ્પનું પ્રતીક માનવામાં આવે છે.

પુરાણો અનુસાર, ભગવાન પરશુરામનો જન્મ વૈશાખ સુદ ત્રીજના દિવસે મહર્ષિ જમદગ્નિ અને માતા રેણુકાના કુળમાં થયો હતો. આ પવિત્ર દિવસને આપણે અક્ષય તૃતીયા તરીકે ઉજવીએ છીએ. વર્ષ ૨૦૨૬ માં પરશુરામ જયંતિ ૧૯ એપ્રિલ, રવિવારના રોજ આવશે. વિદ્વાનોના મતે મધ્યપ્રદેશના ઈન્દોર પાસે આવેલ જનપાવ પર્વત તેમનું જન્મસ્થળ ગણાય છે. જ્યારે પૃથ્વી પર અત્યાચારી શાસકોનો આતંક વધ્યો, ત્યારે ભગવાન વિષ્ણુએ આ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ન્યાયની સ્થાપના કરી હતી. એવી માન્યતા છે કે આ દિવસે ભગવાન વિષ્ણુ અને પરશુરામની પૂજા કરવાથી ભક્તોમાં આત્મવિશ્વાસ અને હિંમતનો સંચાર થાય છે તેમજ નકારાત્મક શક્તિઓથી રક્ષણ મળે છે. પરશુરામજી અમર હોવાનું મનાય છે, તેથી તેઓ આજે પણ જ્ઞાન અને શક્તિના પ્રેરણાસ્ત્રોત છે. "તેમનું જીવન શસ્ત્ર અને શાસ્ત્રના સંતુલનનો સંદેશ આપે છે, જે માનવજાતને સત્ય અને ન્યાયના માર્ગ પર ચાલવાની પ્રેરણા પૂરી પાડે છે."




## હિંમત, શિસ્ત અને જોખમ સંબંધિત પ્રવૃત્તિમાં સામેલ લોકો પૂજા કરી શકે છે

જેઓ હિંમત, શિસ્ત અને સાહસિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે, તેમના માટે ભગવાન પરશુરામની પૂજા અત્યંત ફળદાયી અને મનોબળ વધારનારી માનવામાં આવે છે. ખાસ કરીને સુરક્ષા દળો, પોલીસ, સેનામાં કાર્યરત વીરો, તેજસ્વી વિદ્યાર્થીઓ અને નેતૃત્વ ક્ષમતા ધરાવતા વ્યક્તિઓએ પરશુરામ જયંતિના પવિત્ર દિવસે અચૂક પૂજા-અર્ચના કરવી જોઈએ. આ દિવસે તેમની આરાધના કરવાથી વ્યક્તિના જીવનમાં અપાર હિંમત, સ્પષ્ટ વિચારધારા અને મુશ્કેલ પડકારોનો મક્કમતાથી સામનો કરવાની અદભૂત આંતરિક શક્તિનો વિકાસ થાય છે અને સફળતાના દ્વાર ખુલે છે.

## ભગવાન પરશુરામનું સ્વરૂપ ઉગ્ર અને તેજસ્વી હોવાથી પૂજા કરવી મુશ્કેલ

ભગવાન પરશુરામને સાત અમરોમાંના એક માનવામાં આવે છે. ધાર્મિક માન્યતા મુજબ તેઓ હજુ પણ દૈવી સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે અને ધર્મનું રક્ષણ કરવા માટે હંમેશા તૈયાર રહે છે. તેમનું સ્વરૂપ અત્યંત ઉગ્ર અને તેજસ્વી છે. તેથી, સામાન્ય વ્યક્તિ માટે તેમની મૂર્તિની સીધી પૂજા કરવી મુશ્કેલ છે. એવું માનવામાં આવે છે કે તેમની ઉર્જા અત્યંત શક્તિશાળી છે, જે સામાન્ય ભક્તોની પહોંચની બહાર છે. તેથી, ભગવાન પરશુરામની સામાન્ય રીતે પૂજા કરવામાં આવતી નથી. જો કે, ખાસ પ્રસંગોએ, યોગ્ય વિધિઓ સાથે ભગવાન પરશુરામની પૂજા કરવી પુણ્યશાળી માનવામાં આવે છે.

# અક્ષય તૃતિયાનું મહત્વ અને પૌરાણિક માન્યતાઓ

'અક્ષય' જેનો અર્થ થાય છે. કદાપી જેનો ક્ષય થતો ન હોય તે વૈશાખ માસ, સુદ ત્રીજના દિવસે અખાત્રીજ આવે છે. જ્યોતિષ શાસ્ત્રાનુસાર આ તીથિનો મહિમા એ છે કે દરેક તીથિઓની વધઘટ.. ચંદ્રમા અને નક્ષત્રોની ગતી ઉપર આધારીત છે, જો ચંદ્રમાની કળા વધે તો તીથિમાં વધારો થાય અને ઘટે તો તીથિમાં ઘટાડો થાય. એટલે પંચાંગમાં ઘણીવાર બે તિથિ કે તીથિનો ક્ષય જોવા મળે છે. વૈશાખ સુદ ત્રીજ અક્ષય છે તેથી બધા જ ધર્મોમાં આ તીથિ ધર્મ અને શુભ કામો માટે ઉત્તમ છે. આ તીથિના દિવસે ખાસ કરીને દાનનો મહિમા ખૂબ જ વધારે છે. કારણકે આ દિવસે કરેલું દાન ઉત્તમ ધાર્મિક કર્મ બને છે. તે મહાફળદાયી હોય છે, તેનું ફળ જન્મોજન્મ મળતું રહે છે. કોઈ પણ શુભ કર્મ માટે ઉત્તમ મૂહુર્ત આ તિથિના દિવસે વણજોયુ હોય છે. આ તીથિના દિવસે પ્રભુશ્રી જગન્નાથજીના રથોની પૂજાવિધિ અને ચંદનયાત્રા નિકળે છે. ઉત્તરાખંડમાં ચાર ધામના કપાટ ખૂલે છે. દેવો પણ હર્ષોલ્લાસ સાથે પૂજા-અર્ચન કરે છે અને યાત્રાનો પ્રારંભ થાય છે. જૈન ધર્મના તીર્થંકર પ્રભુ આદિનાથે કઠિન તપસ્યા બાદ આજના દિવસે પારણા કર્યા હતા.




## ગુજરાતની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં ખેલાશે ચૂંટણી જંગ

# 1536 ફોર્મ પરત ખેંચાયા, 11344 ઉમેદવારોના ફોર્મ રદ

### 313 બેઠકો બિનહરીફ, મનપા, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતોમાં હવે 26,196 ઉમેદવારો પોતાનું નસીબ અજમાવશે

**અમદાવાદ**

ગુજરાતમાં આગામી 26 એપ્રિલ, 2026ના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું ચિત્ર હવે સ્પષ્ટ થઈ ગયું છે. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસ બાદ ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર આંકડા જાહેર કરવામાં આવ્યા છે. રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતોમાં હવે 26,196 ઉમેદવારો પોતાનું નસીબ અજમાવશે. 1536 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા છે, 11,344 ઉમેદવારોના ફોર્મ રદ થયા છે, 313 ઉમેદવારો બિનહરીફ થયા છે.



ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થતા સામે આવ્યું છે કે રાજ્યભરમાંથી કુલ 1536 ઉમેદવારોએ ચૂંટણી મેદાનમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. સૌથી વધુ તાલુકા પંચાયતમાં 773 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા છે, જ્યારે મહાનગરપાલિકામાં 124 ઉમેદવારો ચૂંટણી જંગમાંથી બહાર નીકળ્યા છે. આ વખતની ચૂંટણીમાં રસપ્રદ વાત એ છે કે કુલ 313 ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. જેમાં સૌથી વધુ નગરપાલિકામાં 276 બેઠકો પર કોઈ જંગ ખેલાશે નહીં. જોકે, જિલ્લા અને તાલુકા પંચાયતમાં એક પણ બેઠક બિનહરીફ થઈ નથી, જે દર્શાવે છે કે ગ્રામીણ સ્તરે રસાકસી ભારે રહેવાની છે. ફોર્મ પરત ખેંચાયા અને બિનહરીફ બેઠકો બાદ હવે રાજ્યમાં કુલ 26,196 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. 26 એપ્રિલે યોજાનાર મતદાનમાં 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયત માટે મતાધિકારનો ઉપયોગ થશે. ઉલ્લેખનીય છે કે આ વખતની ચૂંટણીમાં ઓબીસી (OBC) અનામત બેઠકોના નવા રોટેશન મુજબ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તમામ બેઠકોનું પરિણામ ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવશે.

### ક્યાંક ધાકધમકી તો ક્યાંક લાખોની ઓફર : કોંગ્રેસ-આપના ઘણાં ઉમેદવારોએ મેદાન છોડ્યું

ભાજપે બિનહરીફ બેઠકો મેળવવા અવનવા રાજકીય હથકંડા અપનાવ્યા હતાં. એટલું જ નહીં, એવો આક્ષેપ થઈ રહ્યો છે કે, ખાખી વર્દીનો સહારો લઈ ભાજપે કોંગ્રેસ-આપના ઉમેદવારોને એટલી હદે ડરાવ્યા-ધમકાવ્યા હતા કે, તેઓ ફોર્મ પરત ખેંચવા મજબૂર બન્યા હતાં. ક્યાંક ખાખી વર્દીએ ધમકી આપી હતી તો ક્યાંક લાખોની ઓફર થઈ હતી. ટૂંકમાં, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પોલીસ જાણે ભાજપના કાર્યકરની ભૂમિકા અદા કરી રહી હોય તેવું ગુજરાતની જનતાને અહેસાસ થઈ રહ્યો છે.

### માતરના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીએ કેસરિયો છોડી કોંગ્રેસનો પંજો પકડ્યો!

અમદાવાદ: ભાજપ સાથે છેડો ફાડી નાખનાર અને માતરના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી કોંગ્રેસ પક્ષમાં જોડાયા છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાની હાજરીમાં કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો. કેસરીસિંહ સોલંકી ખેડા જિલ્લાની માતર બેઠક પરથી ભારતીય જનતા પાર્ટી (BJP) ના ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેમણે 2014ની પેટાચૂંટણી અને ત્યારબાદ 2017ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની ટિકિટ પરથી જીત મેળવી હતી.

### અમદાવાદમાં કોંગ્રેસે પાથરણાવાળા બહેનને મેદાને ઉતાર્યા, ભાજપ-AAPના ગણિત ઉંધા પડી શકે

અમદાવાદ : ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીની જાહેરાત બાદ તમામ પક્ષોએ ઉમેદવારોને મેદાને ઉતારી દીધા છે. તેવામાં કોંગ્રેસે છેલ્લી ઘડીએ અમદાવાદ મનપામાં ઉમેદવારોની જાહેરાત કરી છે. તેમાં ખાસ કરીને વોર્ડ નંબર 17માં શાહપુર બેઠક પર સામાન્ય સ્ત્રી અનામતમાં કોંગ્રેસે પીઢ કાર્યકર્તાના પત્ની જે અમદાવાદ પૂર્વમાં ભરાતી ગુજરી બજારમાં ફેરિયા (સ્ટ્રીટ વેન્ડર)નું કામ કરે છે તેમણે ચૂંટણીમાં ઉતારી સૌ કોઈને ચોંકાવી દીધા છે. આશાબેન દંતાણી છેલ્લા 25થી વધુ વર્ષથી ગુજરી બજારમાં બેસે છે.

## હિન્દુત્વની પ્રયોગશાળામાં ભાજપનો નવો પ્રયોગ

### ગ્રામીણ ગુજરાતમાં મુસ્લિમ ઉમેદવારો પર ખેલ્યો મોટો દાવ

હિન્દુત્વની પ્રયોગશાળા તરીકે ઓળખાતા ગુજરાતમાં ભાજપ લઘુમતી સમુદાયો પ્રત્યેના પોતાના અભિગમમાં ફેરફાર કરી રહ્યું હોય તેવું જણાય છે. પક્ષે તાલુકા અને જિલ્લા પંચાયતો, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં અંદાજે 260 થી 270 જેટલા લઘુમતી ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે, જેમાં ગ્રામીણ વિસ્તારો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કચ્છ 45 લઘુમતી ઉમેદવારો સાથે મોખરે છે, ત્યારબાદ ભરૂચમાં 24, વડોદરામાં 20 અને આણંદમાં 19 ઉમેદવારો છે. વિશ્લેષકો આને પક્ષના પરંપરાગત વલણથી એક વ્યૂહાત્મક, પરંતુ મર્યાદિત પરિવર્તન તરીકે જુએ છે. પક્ષનો દાવો છે કે ઉમેદવારોની પસંદગી સંપૂર્ણપણે જીતવાની ક્ષમતાના આધારે કરવામાં આવી છે. તેમજ સર્વસમાવેશકતા દર્શાવવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સબકા સાથ, સબકા વિકાસના સૂત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જોકે, શહેરી ગુજરાતમાં સ્થિતિ યથાવત છે. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જેવા શહેરોમાં ભાજપે મોટાભાગે લઘુમતી ઉમેદવારો ઉભા રાખવાનું ટાળ્યું છે. કેટલાક વોર્ડમાં લઘુમતી વસ્તી 60 થી 90% હોવા છતાં લઘુમતી ઉમેદવારોને ટિકિટ આપવાનું પક્ષે ટાળ્યું છે.

## ગુજરાતના રાજકારણમાં અજીબ ડ્રામા : દાહોદમાં એક જ નેતાએ ભાજપ, કોંગ્રેસ અને AAP ત્રણેયમાંથી ફોર્મ ભર્યું

દાહોદ જિલ્લા પંચાયતની પીપેરો બેઠક પર અગ્રણી સ્થાનિક નેતા ભારતસિંહ વાખળાએ ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ત્રણેયના ઉમેદવાર તરીકે પોતાનું નામાંકન પત્ર દાખલ કરીને સમગ્ર રાજકીય બેડાને હેરાન કરી દીધી છે. આ બેઠક પર કુલ 11 ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે, જેમાંથી ત્રણ ફોર્મ એક જ ઉમેદવાર ભારતસિંહ વાખળાના છે. તેમણે ત્રણ અલગ-અલગ પક્ષોમાંથી ફોર્મ ભરીને નવી રાજકીય ચર્ચા છેડી દીધી છે. ભારતસિંહ વાખળા અગાઉ આમ આદમી પાર્ટી તરફથી ચૂંટણી લડી ચૂક્યા છે અને આ બેઠક પર ભાજપને કાંટાની ટક્કર આપી ચૂક્યા છે. હાલમાં જ તેમના ભાજપમાં સામેલ થવાના સમાચાર પણ સામે આવ્યા હતા. પીપેરો બેઠક પરંપરાગત રીતે વરિષ્ઠ નેતા બચુભાઈ ખાબડનો ગઢ માનવામાં આવે છે. એવામાં આ વખતે આ બેઠક ‘રાજકીય ડ્રામા’નું કેન્દ્ર બની ગઈ છે. વાખળાનો રાજકીય ઈતિહાસ પણ પક્ષપલટા સાથે જોડાયેલો રહ્યો છે, જેનાથી આ મામલો વધુ રસપ્રદ બન્યો છે. પીપેરો બેઠક માટે કુલ 11 ફોર્મ ભરાયા છે. જેમાં ભાજપના 5, કોંગ્રેસના 3 અને આમ આદમી પાર્ટીનું 1 ફોર્મ સામેલ છે. ખાસ વાત એ છે કે ત્રણેય પક્ષોમાંથી એક-એક ફોર્મ ભારતસિંહ વાખળાનું છે.

### વડોદરા જિલ્લામાં ભાજપના ખાતા ખૂલ્યાં: ગુતાલ બેઠક બિનહરીફ

વડોદરાઃ વડોદરા જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકો પર ચૂંટણી યોજાનાર છે.જેમાં વાઘોડિયા તાલુકામાં જિલ્લા પંચાયતની ચાર બેઠક આવે છે.આ પૈકી ગુતાલ બેઠક પર ભાજપે વિશાલ વસાવાને ટિકિટ આપી હતી. જ્યારે,કોંગ્રેસે નરેન્દ્ર વસાવાને ટિકિટ આપી હતી. પરંતુ ભાજપના જરોદ જિ.પં.ના પૂર્વ ચેરમેન અને કાર્યકરોએ કોંગ્રેસના ઉમેદવાર કે જેઓ ત્રણ મહિના પહેલાં જ ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાયા હતા,તે નરેન્દ્ર વસાવાને સમજાવતાં તેમણે ફોર્મ પરત ખેંચ્યું હતું. જેને કારણે વડોદરા જિલ્લા પંચાયતની ગુતાલ બેઠક પર ભાજપના ઉમેદવાર વિજેતા જાહેર થયા છે. નોધનીય છે કે,ગુતાલ તાલુકા પંચાયતની બેઠક પર પણ ભાજપના જ ઉમેદવારનું ફોર્મ ભરાતાં આ બેઠક બે દિવસ પહેલાં જ બિનહરીફ થઇ હતી.આવી જ રીતે સાવલી નગર પાલિકામાં વોર્ડનંબર-૩માં કોંગ્રેસના ઉમેદવારનું મારામારીના કેસમાં સાતવર્ષની સજાને કારણે ફોર્મ રદ થતાં ભાજપના ગૌરાંગ ભાટીયા બિન હરીફ જાહેર થયા છે.

### અમદાવાદ શહેરમાં કોંગ્રેસના હાથમાંથી સાત બેઠકો સરકી ગઇ

અમદાવાદ શહેરમાં ચારેક વોર્ડમાં ઉમેદવારોએ જ ફોર્મ પરત ખેંચતાં કોંગ્રેસના હાથમાંથી 7 બેઠકો સરકી ગઈ છે. સરખેજ, થલતેજ, ચાંદલોડિયા અને વાસણામાં કોંગ્રેસના ઉમેદવારો ચૂંટણી મેદાનમાંથી હટી ગયા છે. કોંગ્રેસના પ્રતિનિધિમંડળે રાજ્ય ચૂંટણી પંચને ગઈકાલે જ ફરિયાદ કરી હતી કે, ભાજપના ઈશારે પોલીસ કોંગ્રેસના ઉમેદવારોને ધમકી આપી રહી છે. દરમિયાન થલતેજ વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવાર રમીલાબેન ઠાકોરે ફોર્મ પરત ખેંચતા ભાજપના ઉમેદવાર રીટાબેન ઠાકોર બિનહરીફ વિજેતા જાહેર કરાયાં છે. જ્યારે સરખેજ વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવાર વારિસ સૈયદે ફોર્મ પરત ખેંચી ચૂંટણી મેદાનમાંથી પીછેહઠ કરી લીધી હતી. બે દિવસ પહેલાં જ કોંગ્રેસના ઉમેદવાર ભરતભાઈ ભરવાડે ફોર્મ પરત ખેંચી લીધું હતું. આ જોતાં કોંગ્રેસને ઝટકો લાગ્યો છે. આ બેઠક પર કુલ મળીને ત્રણ ઉમેદવારો ચૂંટણી મેદાનમાંથી હટી ગયા છે.

### ગેનીબહેનનો હુંકાર, કહ્યું- ‘લોકશાહીનું હનન કરનારાઓને ખુલ્લા પાડીશું’

થરાદની ભોરોલ જિલ્લા પંચાયત સીટ પર ઉમેદવાર જોગાજી રાજપૂતે કોંગ્રેસ અને ભાજપ એમ બંને પક્ષો તરફથી ફોર્મ ભરતાં કાયદાકીય ગૂંચ ઊભી થઈ છે. આ મામલે ગેનીબહેને પ્રહાર કરતાં જણાવ્યું કે, ‘ચૂંટણીના નિયમ મુજબ જે ફોર્મ સમય ક્રમમાં પ્રથમ ભરાયું હોય તેને જ માન્યતા મળવી જોઈએ. તેમ છતાં વહીવટી તંત્ર સત્તાધારી પક્ષના ઇશારે ભેદભાવભર્યું વલણ દાખવી રહ્યું છે.’ ભાભર તાલુકાની મીઠા સીટ પર કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ કરવામાં આવતા મામલો ગરમાયો છે. ગેનીબહેને આક્ષેપ કર્યો છે કે ‘પૂરતા દસ્તાવેજો હોવા છતાં રાજકીય દબાણ હેઠળ ફોર્મ રદ કરાયું છે, જ્યારે અન્ય ઉમેદવારના સમાન કિસ્સામાં ફોર્મ માન્ય રખાયું છે. જે અધિકારીઓ લોકશાહીની હત્યા કરી રહ્યા છે, તેમના નામ અમે જનતાની વચ્ચે જઈને જાહેર કરીશું અને આ અન્યાય સામે અમે હાઇકોર્ટના દ્વાર ખખડાવીશું.’

### જામનગર ભાજપમાં’ય અન્યાય અને બળવાની આગ, 36 સિનિયર કપાયા

જામનગર, : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આ વખતની ચૂંટણીઓમાં શાસક ભાજપ આંતરકલહનો સામનો કરી રહ્યો છે, જેમાં જામનગર શહેર- જિલ્લો પણ બાકાત નથી. એન્ટી ઈન્કમ્બન્સી ફેક્ટરને ધ્યાને રાખીને ભાજપે જામનગર જિલ્લા પંચાયતના ગત ટર્મનાં તમામ 22 સભ્યોને પડતાં મુકતાં અસંતોષ ફેલાયો છે, જ્યારે મહાપાલિકામાં તો પૂર્વ મેયર-ડેપ્યુટી મેયર સહિતનાને બેસાડી રાખીને 50 નવાગંતુકને મેદાનમાં ઉતાર્યા એમાં પરિવારવાદ મુદ્દે કોંગ્રેસને ભાડનારા પક્ષે પોતે જ કેટલાંક આગેવાનોના સગા- સંબંધીઓને ટિકિટ આપી હોવાનો રોષ ફેલાયો છે. આ સ્થિતિમાં 4 ભાજપીએ પક્ષ છોડયો છે. જામનગર મહાપાલિકા માટે માત્ર 14 પૂર્વ કોર્પોરેટરોને જ ફરી તક આપવામાં આવી છે, જ્યારે ગત બોડી ના 36 સભ્યોના પત્તા કપાયાં છે. નવા ચહેરાઓને પ્રાધાન્ય આપીને 50 નવા ઉમેદવાર ઊભા રખાતાં આ વખતની ચૂંટણીમાં સ્પર્ધા વધુ રસપ્રદ બનવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, ટિકિટ ન મળતાં અસંતોષનો સૂર પણ વ્યાપ્ત બને તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. 6 પૂર્વ કોર્પોરેટરોના પરિવારજનોને પણ ભાજપે તક આપીને સાચવી લેવાના પ્રયત્નો કર્યા છે, તો સુરેશ આલારિયાને બ્રેક બાદ ફરીથી ઉમેદવારી આપવામાં આવતા ચર્ચા જોવા મળી રહી છે.

### વડોદરામાં કોંગી ઉમેદવારના પતિને સોનાના કેસમાં હરિયાણા પોલીસ ઉઠાવી ગઇ

વડોદરાઃ ગુરુગ્રામમાં ગઇ તા.૧૩મી ફેબ્રુઆરીએ એક કાર ચાલકનું ટાયર પંચર થતાં ટાયર બદલતી વખતે અજાણ્યા શખ્સે સોનાનો એક સિક્કો અને ચાંદીના 3 સિક્કા બતાવ્યા હતા.કારચાલકે પહેલાં તો ઇનકાર કર્યો હતો.પરંતુ ઠગે તેની પાસે ૩૦૦ જેટલા સિક્કા હોવાનું કહેતાં ખરીદવાની લાલચ જાગી હતી. કાર ચાલક ઠગના સંપર્કમાં રહ્યો હતો અને તેણે ૧૦ થી ૧૧ કિલોના સોનાના સિક્કા ખરીદવાનું નક્કી કર્યું હતું.તેણે એક સિક્કો તપાસ કરાવતાં તે ૨૩ કેરેટનો હોવાનું જણાયું હતું.જેથી વિશ્વાસ બેસતાં તમામ સિક્કાનો સોદો કરી લીધો હતો.સામે કારચાલકે રૂ.૨.૪૯ કરોડ તેમજ માતાના ૫૦ તોલા સોનાના દાગીના પણ આપી દીધા હતા. આ બનાવમાં વડોદરાના વોર્ડ નંબર-૬માંથી કોંગ્રેસની ટિકિટ મળતાં ઉમેદવારી કરનાર પાર્વતીબેન સોલંકીના પતિ પ્રભુ ગુલશન સોલંકીનું નામ ખૂલતાં હરિયાણા પોલીસે તેને ઝડપી પાડયો હતો.

# ગુજરાતનો રાજકીય નકશો બેદલાઈ જશે 39 સાંસદ અને 273 ધારાસભ્યો થઈ શકે

## આગામી લોકસભાની ચૂંટણી પહેલા ફેરફારોના અમલની તૈયારી

**અમદાવાદ**

કેન્દ્ર સરકાર દ્વારા નવા પરિસીમન અને મહિલા અનામત અધિનિયમ-2023ને લાગુ કરવાની કવાયત શરૂ કરવામાં આવી છે. જે આ બંને લાગું થશે તો ગુજરાતનો રાજકીય નકશો પણ બદલી જશે. ગુજરાતમાં લોકસભાની હાલ 26 બેઠક છે, જે વધીને 39 થઈ જશે. જ્યારે વિધાનસભાની 182 બેઠકનો આંકડો વધીને 273 સુધી પહોંચી શકે છે. બંનેમાં થનારા આ ફેરફારના કારણે કેટલીક જૂની બેઠકો રદ થઈ જશે, જ્યારે કેટલીક નવી બેઠકો અસ્તિત્વમાં આવશે. આ ઉપરાંત વર્તમાન બેઠકોમાં સમાવિષ્ટ વિસ્તારોમાં પણ મોટાપાયે ફેરફારો થશે.

નવા પરિસીમન અને મહિલા અનામત અધિનિયમની અમલવારી લોકસભાની વર્ષ 2029ની ચૂંટણી પહેલાં થાય તેવા પ્રયાસો ચાલી રહ્યા છે. જાણકાર સૂત્રોના મતે આ નવા સીમાંકનના કારણે ગુજરાતમાં લોકસભાની હાલની 26 બેઠકોમાં નવી 13 બેઠકનો ઉમેરો થવાની શક્યતા છે. જ્યારે વિધાનસભાની 182 બેઠકમાં નવી 90 બેઠક ઉમેરાશે. કુલ બેઠકોમાં નવા અધિનિયમ હેઠળ 1/3 બેઠક મહિલાઓ માટે અનામત રહેશે. એટલે કે ગુજરાતમાં લોકસભામાં 13 બેઠક અને વિધાનસભામાં 91 બેઠક મહિલાઓ માટે અનામત રહેશે. સાથે સાથે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની અનામત બેઠકોમાં ફેરફાર થશે.

# ડોડગામે તળાવમાં ડૂબી જતાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત

**બનાસકાંઠા**

ડોડગામમાં ભાગ્યા તરીકે મજૂરી કરી રહેલો પરિવાર ઉપર એકાએક જાણે આભ ફાટી પડ્યું હોય તેવી એક ઘટના સર્જાતા સમગ્ર પથક ની અંદર અરેરાટી વાપી જવા પામી હતી. બુધવારના બપોરના ત્રણ વાગ્યાની આસપાસ ગામની અંદર આવેલા એક તળાવમાં પાણી ભરવા ગયેલા ત્રણ બાળકોના ડૂબી જવાથી મોત નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મૂળ ગામડી (તા. ડીસા) ના વતની શિવાભાઈ વાલ્મિકીની બે પુત્રીઓ હેતલબેન અને ગુડીબેન તેમજ દિયોદરના વખવાડા ગામના વિપુલ શોભાભાઈ વાલ્મિકી ડોડગામ ખાતે તળાવમાં પાણી ભરવા ગયા હતા. પાણી ભરતી વખતે અચાનક 12 વર્ષીય વિપુલનો પગ લપસતા તે ખાબક્યો હતો તેમને ડૂબતા જોઈ 13 વર્ષીય ગુડીબેન બચાવવા માટે ગયા હતા પરંતુ તેઓ પણ ઊંડા પાણીમાં ગરકાવ થવા લાગ્યા હતા. પોતાના ભાઈ-બહેનને મરણિયા જંગ લડતા જોઈ હેતલબેન (ઉંમર 18 વર્ષ) જેઓ પોતે બે નાના બાળકોની માતા હતા તેમણે જીવના જોખમે બંનેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો કમનસીબે પાણી ઊંડું હોવાને કારણે ત્રણેય વ્યક્તિઓ એકપછી એક ડૂબી ગયા હતા.

# અમદાવાદમાં 200 કરોડનું ફૂલેકું ફેરવનારા મિહિર પરીખ સહિત ત્રણની ધરપકડ કરાઈ

## રોકાણકારોને આકર્ષવા નેતાઓ સાથેની તસવીરોનો ઉપયોગ

**અમદાવાદ**

અમદાવાદમાં મિહિર પરીખ નામના શખસે તેની પાંચ જેટલી કંપનીમાં અનેક લોકો પાસેથી શેર બજાર અને ટુર બુકિંગના નામે રોકાણ કરાવીને અંદાજે રૂ. 200 કરોડનું ફૂલેકું ફેરવી દીધું છે. અત્યાર સુધી પોલીસ ચોપડે મિહિર પરીખ, તેમની પત્ની ધારા પરીખ અને માતા ગીતા પરીખ સામે રૂ. 35 કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ ગઈ છે. આ કેસમાં સેટેલાઈટ પોલીસે ત્રણેયની ધરપકડ કરીને તપાસ હાથ ધરી છે. મિહિર પરીખ અમદાવાદના આંબલી બોપલ રોડ પર આવેલા નોર્થ વન એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહેતો હતો. આ ઉપરાંત સરગાસણમાં એક બંગલો અને મોડાસરમાં એક ફાર્મનો પણ તે માલિક છે. રોકાણકારોને આકર્ષીને પૈસા પડાવવા માટે વૈભવી જીવન જીવતો મિહિર પરીખ લક્ઝુરિયસ કાર રાખતો. અમદાવાદના ઇસ્કોન વિસ્તારમાં તે એમ.પી. ફાઈનાન્સિયલ સર્વિસીસ નામની કંપની ચલાવતો. મિહિર પરીખ મોટી હસ્તી હોવાની આભા ઊભી કરવા મુખ્યમંત્રી સહિત અનેક રાજકીય નેતાઓ સાથે પડાવેલી તસવીરોનો પણ ઉપયોગ કરતો હતો.

# સુરતમાં પ્રસાદીના બહાને ઝેર આપી પરિવારની હત્યાનો પ્રયાસ, પડોશણ મહિલાએ કાવતરું રચ્યું

**સુરત**

સુરતના ઉત્રાણની શાલીગ્રામ સ્ટેટ્સમાં રહેતા ગોરધન ડોંડાના પરિવારને પાડોશી ઉષાબેન મહેન્દ્રભાઈ નાકરાણી નામના મહિલાએ મોતને ઘાટ ઉતારી દેવાનું કાવતરું ઘડ્યું હતું. ગત 10 એપ્રિલ, 2026ના રોજ ઉષાબેને પ્રસાદીના લાડુમાં ઊંઘની ગોળી ભેળવીને ડોંડા પરિવારના ઉંબરામાં મૂકી દીધા હતા. ગોરધન અને તેમની પુત્રવધુને લાડુ ખાધા બાદ ઉલટી, ગભરામણ અને બેભાન થવા જેવી અસર થતાં તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં લાડુમાં ઝેરનું પ્રમાણ હોવાના કારણે ગોરધનની સ્થિતિ વધુ ગંભીર થઈ હોવાનું જણાય છે. લાડુ ખાધા બાદ ડોંડા પરિવારના સભ્યોને તેની અસર થતાં મામલો ઉત્રાણ પોલીસ સુધી પહોંચ્યો હતો. સમગ્ર મામલે ડોંડા પરિવારે પાડોશી ઉષાબેન પર શંકા વ્યક્ત કરી હતી. આ પછી પોલીસે ઉષાબેનની પૂછપરછ કરતાં તેમણે લાડુમાં ઊંઘની ગોળી ભેળવી હોવાની કબૂલાત કરી હતી. પીડિત પુત્રવધુ કિરણ ડોંડાએ જણાવ્યું કે, 'પાડોશીની છોકરી કેટલાક સમય પહેલા ભાગી ગઈ હતી. એ છોકરી મને ફોન કરતી હતી, જે પાડોશી મહિલા એટલે તેની માતાને ગમતું ન હતું અને તેમની દીકરીને ભગાડવામાં મારો હાથ હોવાની શંકા રાખીને તેમણે આ પ્રકારનું કાવતરું ઘડ્યું હતું.'

## સંગીત જગતનો ઝળહળતો સિતારો આથમી ગયો

# સૂરલોકની 'આશા' અનંતની યાત્રાએ નીકળી

સોમવારે હિન્દી સિનેમા જગતમાંથી એક ખૂબ જ દુઃખદ સમાચાર આવ્યા અને બોલીવુડ સહિત સમગ્ર દેશ શોકમગ્ન થઈ ગયો. આ સમાચાર સૂરોની મલ્લિકા અને દિગ્ગજ ગાયિકા આશા ભોસલેના નિધનના હતા. તેમણે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેમને ઘણાં સમયથી આરોગ્યલક્ષી સમસ્યાઓ હતી અને મલ્ટી-ઓર્ગન ફેલ્યોરને કારણે તેમનું નિધન થયું હતુ. ફૂલોથી સજાવેલા મોક્ષ રથમાં તેમના પાર્થિવ દેહને સ્મશાન ઘાટ તરફ લઈ જવામાં આવી રહ્યો છે ત્યારે મોટી સંખ્યામાં તેમના ચાહકો અને બોલિવુડ જગતના કલાકારો અંતિમ યાત્રામાં જોડાયા હતા. આશા ભોસલેનો જન્મ ૮ સપ્ટેમ્બર ૧૯૩૩ના રોજ મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના સાંગલીમાં થયો હતો. તેઓ પ્રખ્યાત સંગીતકાર દીનાનાથ મંગેશકરના પુત્રી અને લતા મંગેશકરના નાના બહેન છે. તેમણે યુનિવર્સિટી ઓફ અમરાવતી અને જોધપુર નેશનલ યુનિવર્સિટી તરફથી લિટરેચર (D.Litt) માં ડોક્ટરેટની પદવી મેળવી હતી. આશા ભોસલેએ તેમની ૮૨ વર્ષની સિંગિંગ કરિયરમાં ૯ ફિલ્મફેર સહિત ૧૦૦થી વધુ એવોર્ડ જીત્યા હતા. તેમને દેશના બીજા સૌથી મોટા નાગરિક સન્માન 'પદ્મ વિભૂષણ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આશા ભોસલેનું નામ બોલિવૂડની સૌથી મહાન અને દિગ્ગજ ગાયિકાઓમાં ગણાય છે. આશાજીએ પોતાની શાનદાર કારકિર્દીમાં ૨૦થી વધુ ભાષાઓમાં ૧૨,૦૦૦થી વધુ ગીતો ગાયા છે. સંગીતના ઈતિહાસમાં સૌથી વધુ ગીતો રેકોર્ડ કરવાનો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ પણ તેમના જ નામે છે. ૭૦થી વધુ વર્ષોથી તેઓ ઇન્ડસ્ટ્રીમાં સક્રિય છે. આશાજીની મ્યુઝિકલ જર્નીની શરૂઆત વર્ષ ૧૯૪૮માં આવેલી ફિલ્મ "ચુનરિયા"ના ગીત "સાવન આયા હૈ"થી થઈ હતી. ૨૦૦૮માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મ વિભૂષણથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે મરાઠી, તમિલ, નેપાળી તથા તેલુગુ, ગુજરાતી, પંજાબી, ભોજપુરી, મલયાલમ, ઉડિયા, આસામી, કોંકણી, બંગાળી ગીતોમાં તેમની સુમધુર વાણીનો રસ રેલાવ્યો હતો. તેઓ ભારતીય પ્લેબેક ગાયિકા, ઉદ્યોગસાહસિક અને પ્રસંગોપાત અભિનેત્રી તેમજ ટેલિવિઝન વ્યક્તિત્વ હતાં, જેમણે મુખ્યત્વે ભારતીય સિનેમામાં કામ કર્યું હતું. તેમની વૈવિધ્યતા માટે જાણીતા આશાજીને મીડિયામાં હિન્દી



સિનેમાની સૌથી પ્રભાવશાળી અને સફળ ગાયિકાઓમાંની એક તરીકે વર્ણવવામાં આવે છે. આઠ દાયકાથી વધુની તેમની કારકિર્દીમાં તેમણે વિવિધ ભારતીય ભાષાઓમાં ફિલ્મો અને આલ્બમ માટે ગીતો રેકોર્ડ કર્યા છે અને બે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો, ચાર BFJA પુરસ્કારો, અઢાર મહારાષ્ટ્ર રાજ્ય ફિલ્મ પુરસ્કારો, નવ ફિલ્મફેર પુરસ્કારો (જેમાં લાઈફટાઈમ અચીવમેન્ટ પુરસ્કાર અને શ્રેષ્ઠ મહિલા પ્લેબેક સિંગર માટે રેકોર્ડ સાત ફિલ્મફેર પુરસ્કારો સામેલ છે) સહિત અનેક પ્રશંસા પ્રાપ્ત કરી છે. ૨૦૦૦માં તેમને સિનેમા ક્ષેત્રના ભારતના સર્વોચ્ચ પુરસ્કાર 'દાદાસાહેબ ફાળકે પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાતી ભાષામાં પણ તેમણે અનેક ગીતો ગાયા હતા. આશા ભોસલે મૂળ મરાઠી હોવા છતાં, ગુજરાતી ભાષાના લહેકા અને ઉચ્ચારો પર તેમની ગજબની પકડ હતી. ગુજરાતી સંગીતના ઈતિહાસમાં જો કોઈ જોડી સૌથી વધુ સફળ રહી હોય, તો તે આશા ભોસલે અને સંગીતકાર અવિનાશ વ્યાસની છે. અવિનાશ વ્યાસના શબ્દો અને આશાતાઈનો કંઠ જ્યારે એકસાથે મળ્યા, ત્યારે 'સોના વાટકડી રે', 'ક્યાં રમી આવ્યા રાસ', 'માડી તારી કંકુ ખર્યું' અને 'હે રંગલો જામ્યો' જેવા લોકપ્રિય ગીતોનો જન્મ થયો હતો. આ જોડીએ ગુજરાતી ફિલ્મો અને આલ્બમ્સને જે ઊંચાઈ પર પહોંચાડ્યા, તે આજે પણ એક મિસાલ ગણાય છે. ગુજરાતીઓને સૌથી વધુ પ્રિય ગરબા ગાવામાં પણ તેમને રસ હતો. તેમના કંઠે ગવાયેલા 'અંબેવલી માં' કે 'એની તલીમાં કંકુ વેરાય' જેવા ગરબા પ્રખ્યાત છે. તેમના ગરબામાં રહેલી લય અને ઉત્સાહ ખેલૈયાઓના પગમાં થનગનાટ લાવી દેતો રહ્યો છે. માત્ર ગરબા જ નહીં, પણ આશા ભોસલેએ ગુજરાતી સુગમ સંગીતમાં પણ અત્યંત સંવેદનશીલ ગીતો આપ્યા છે. 'પંખીડાને આ પિંજરું જૂનું જૂનું લાગે' એ ગીત તો આજે પણ ઘરે ઘરે ગવાય છે. જીવન અને મૃત્યુના ગહન રહસ્યોને વણતા આ ગીતમાં આશાતાઈએ જે ભાવો રેલાવ્યા છે, તે હૃદયને સીધા સ્પર્શી જાય છે. આશા ભોસલેએ ગુજરાતીમાં અનેક ભક્તિ ગીતો અને ભજનો પણ ગાયા છે. નરસિંહ મહેતાના પદો હોય કે જૈન સ્તવનો, આશાતાઈનો અવાજ ભક્તિના અનોખા વાતાવરણનું સર્જન કરે છે. 'ધૂણી રે ધખાવી' કે 'શ્રીનાથજીના ભજનો'માં તેમની શ્રદ્ધા અને ભક્તિનો સૂર સ્પષ્ટપણે સંભળાય છે. આ ઉપરાંત તેમણે ગુજરાતી સિનેમાના પણ અનેક પ્રખ્યાત ગીતો ગાયા છે. આ ગીતોએ ગુજરાતી ફિલ્મ સંગીતને મુંબઈના સ્ટુડિયોથી લઈને વિશ્વભરના ગુજરાતીઓ સુધી પહોંચાડ્યું હતું. આશા ભોસલેના શ્રેષ્ઠ ગીતોમાં દમ મારો દમ ભારે પ્રસિદ્ધ થયું હતુ. આ ગીતે આશાજીની છબી એક બોલ્ડ અને આધુનિક ગાયિકા તરીકે સ્થાપિત કરી હતી. ૧૯૭૧માં આવેલી ફિલ્મ 'હરે રામા હરે ક્રિષ્ણા'માં આર. ડી. બર્મન સંગીતકાર હતા. આ ગીત આજે પણ યુવાનોમાં એટલું જ લોકપ્રિય છે અને તેના માટે તેમને ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યો હતો. જ્યારે ચુરા લિયા હૈ તુમને જો દિલ કો જેવું રોમેન્ટિક ગીત પણ આશા ભોસલેએ ગાયુ હતુ. આ ઉપરાંત માડી તારું કંકુ ખર્યું ને, ગીત ગુજરાતી ગરબા અને સુગમ સંગીતમાં આશાજીના શ્રેષ્ઠ ગીતોમાંનું એક છે. સંગીતકાર અવિનાશ વ્યાસ સાથેનું આ ગીત દરેક ગુજરાતીના હૈયે વસેલું છે અને ભક્તિભાવ સાથે મા શક્તિની આરાધના વ્યક્ત કરે છે.

આશા ભોસલેએ તેમની આઠ દાયકાથી વધુ લાંબી કારકિર્દીમાં ૧૦૦થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ જીત્યા છે. તેમના મુખ્ય પુરસ્કારોમાં 2008માં ભારત સરકાર દ્વારા દેશનું બીજું સૌથી મોટું નાગરિક સન્માન પદ્મ વિભૂષણ અપાયું હતું.

**આશાજીએ હિંદી, પંજાબી, તમિલ સહિત 20 ભાષામાં 12000થી વધુ ગીતો ગાઈને અવાજનો જાદુ ફેલાવ્યો હતો. ગુજરાતીમાં પ્રખ્યાક 'પંખીડાને આ પિંજરું જૂનું લાગ્યું' ગીત પણ તેમણે ગાયુ હતુ. અવિનાશ વ્યાસ સાથેની તેમની જોડીના સૂરો ગુજરાતી સંગીતપ્રેમીઓમાં આજે પણ ગૂંજે છે.**

# આંધ્ર પ્રદેશમાં વહેલી સવારે તીર્થયાત્રાએ જતાં આઠ શ્રદ્ધાળુના અકસ્માતમાં મોત, 12થી વધુ લોકો ઘાયલ

## વડાપ્રધાને મૃતકના પરિવારને 2 લાખ, ઘાયલોને 50,000ની સહાય આપવાની જાહેરાત કરી

**હૈદરાબાદ**

દક્ષિણ ભારતના રાજ્ય આંધ્ર પ્રદેશમાં ગુરુવારે વહેલી સવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો છે. કુર્નૂલ જિલ્લાના ચિલકલાડોના પાસે એક બોલેરો ગાડી અને ટ્રક (લોરી) વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં 8 લોકોના મોત થયા છે. મૃતકોમાં કર્ણાટકના ચિક્કામગલુરુ વિસ્તારના શ્રદ્ધાળુઓ હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, આ શ્રદ્ધાળુઓ તીર્થયાત્રા માટે નીકળ્યા હતા. અકસ્માત



એટલો ભીષણ હતો કે 5 લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય 3 લોકોએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ દુર્ઘટનામાં અન્ય 10 થી 12 લોકો ઘાયલ થયા છે, જેમને સારવાર માટે એમ્મિગનૂર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ દુર્ઘટના પર શોક વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર લખ્યું, "આંધ્રપ્રદેશના કુર્નૂલ જિલ્લામાં થયેલો અકસ્માત અત્યંત દુઃખદ છે. જે લોકોએ પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે હું સંવેદના વ્યક્ત કરું છું." વડાપ્રધાને PMNRF તરફથી પ્રત્યેક મૃતકના પરિવારને 2 લાખ અને ઘાયલોને 50,000 ની સહાય આપવાની જાહેરાત કરી છે.

# ભારતીય કોસ્ટગાર્ડે દાણચોરીનો ભાંડો ફોડ્યો, કાર્યવાહીમાં બે IFB જહાજોને ઝડપી પાડ્યા

**નવી દિલ્હી**

સતર્કતા અને ચોક્કસ આયોજનના આધારે કોસ્ટગાર્ડે દાણચોરીના એક મોટા કૌભાંડનો ભાંડો ફોડ્યો છે. આ કાર્યવાહી દરમિયાન બે IFB જહાજોને ઝડપી પાડવામાં આવ્યા હતા, જેમાં પ્રતિબંધિત માલનો જથ્થો મળી આવ્યો હતો. આ જહાજો બાંગ્લાદેશ તરફથી ભારતીય જળસીમામાં પ્રવેશી રહ્યા હતા અને સોપારીની દાણચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. કોસ્ટગાર્ડે પહેલાથી જ ચોક્કસ ઈનપુટના આધારે નજર રાખી હતી, જેના કારણે યોગ્ય સમયે કાર્યવાહી કરી શકાઈ હતી. ઓપરેશન દરમિયાન લગભગ 35,000 કિલોગ્રામ જેટલો પ્રતિબંધિત માલ જપ્ત કરવામાં આવ્યો હતો, જેની અંદાજિત કિંમત રૂપિયા 1.65 કરોડ જેટલી થાય છે.

# પંજાબમાં મોટી દુર્ઘટના, શ્રદ્ધાળુઓને લઈ જતી બસ પલટતાં 6ના મોત, 21થી વધુ ઈજાગ્રસ્ત

## થાંભલા સાથે બસ અથડાયા બાદ લાગ્યો કરંટ, બસમાં ખામી હોવાની આશંકા

**ચંડીગઢ**

પંજાબના ફતેહગઢ સાહિબ જિલ્લામાં એક મોટો અકસ્માત સર્જાયો છે. અહીં શ્રદ્ધાળુઓથી ભરેલી એક બસ બેકાબૂ થઈને પલટી ગઈ હતી. આ અકસ્માતમાં 6 લોકોના મોત થયા છે, જ્યારે 21 લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે. તમામ ઈજાગ્રસ્તોને મોરિંડા અને ફતેહગઢ સાહિબની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. ગંભીર રીતે ઈજા પામેલા કેટલાક શ્રદ્ધાળુઓને ચંદીગઢ PGIમાં રેફર કરવામાં આવ્યા છે. અકસ્માતના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

આ અકસ્માત મંગળવારે રાત્રે લગભગ 10 વાગ્યે બસ્સી પઠાણાના મોરિંડા-ચુન્ની રોડ પર હિંમતપુરા ગામ પાસે થયો હતો. બસમાં સવાર શ્રદ્ધાળુઓ મેન માજરીના રહેવાસી હતા. તેઓ વૈશાખી પર શ્રી આનંદપુર સાહિબમાં દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. બસમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી, જેના કારણે તે બેકાબૂ થઈને થાંભલા સાથે અથડાઈ હતી. બસ પલટી ગયા બાદ તેમાં અચાનક કરંટ આવી ગયો હતો. ઘટનાસ્થળે ચીસાચીસ અને ભારે અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક લોકોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. પોલીસને પણ જાણ કરવામાં આવી હતી. પોલીસ અને રાહત ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને બચાવ અભિયાન શરૂ કર્યું.

ફતેહગઢ સાહિબના SSP મુજબ આ

# પ્રયાગરાજમાં ટ્રેક પરથી પસાર થતાં 5 લોકોને ટ્રેને ઉડાવ્યા, તમામના મોત

**પ્રયાગરાજ**

યમુનાનગર ઝોનના કરચણા વિસ્તારમાં એક દુઃખદ ટ્રેન અકસ્માત થયો હતો, જેમાં પાંચ લોકોના મોત થયા હતા. આ અકસ્માત પ્રયાગરાજ ડિવિઝનના કરચણા-ભીરપુર સેક્શન પર થયો હતો. અહેવાલો અનુસાર, ટ્રેન ડાઉનના ગાર્ડ અને લોકો પાઈલટે સાંજે 6.15 વાગ્યે ટ્રેક પર એક મૃતદેહ જોયો હતો. માહિતી મળતાં જ ટ્રેનને તાત્કાલિક રોકી દેવામાં આવી હતી અને સંબંધિત અધિકારીઓને જાણ કરીને જરૂરી કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન સાંજે લગભગ 6:47 વાગ્યે, ટ્રેન નંબર 12801, અપ



દિશા પુરુષોત્તમ એક્સપ્રેસ, તે જ ટ્રેક પરથી પસાર થઈ રહી હતી. ટ્રેનની અડફેટે ચાર લોકો આવી ગયા હતા, જેના પરિણામે તેમના ઘટનાસ્થળે મૃત્યુ થયા હતા. તમામ મૃતકો ફિરોઝાબાદ જિલ્લાના ખૈરગઢના રહેવાસી હતા અને કોલકાતા જઈ રહ્યા હતા. મૃતકોની ઓળખ ગિરિરાજ, આકાશ, અજય અને મુન્ના પાસી તરીકે થઈ છે.

# યુદ્ધ વચ્ચે ફસાયેલી એરલાઇન્સોને 4000 કરોડના લોન પેકેજની ઓફર

**નવી દિલ્હી**

ભારત સરકાર એરલાઈન્સ કંપનીઓને લગભગ 4 હજાર કરોડનું ઈમરજન્સી લોન પ્રોગ્રામ પેકેજ આપવા જઈ રહી છે. તેનો હેતુ ઈરાન યુદ્ધના કારણે આવેલી ઓપરેશનલ મુશ્કેલીઓથી કંપનીને રાહત આપવાનો છે. આ યોજના હેઠળ દરેક એરલાઈનને 1 હજાર કરોડ રૂપિયા સુધીની લોન પર સરકારી ગેરંટી મળશે. તે ઉપરાંત એરલાઈન્સને 500 કરોડની વધારાની લોન પણ મળી શકે છે. પરંતુ તે માટે કંપનીના માલિકોએ એટલા પૈસા પોતાના પણ રોકાણ કરવા પડશે. આ પ્લાન નાણાં મંત્રાલયની મોટી યોજનાનો ભાગ છે. જેમાં સરકાર લોન પર ગેરંટી આપી બિઝનેસને સપોર્ટ કરે છે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ લોન ગેરંટી માત્ર મદદ માટે છે, જ્યારે લોન દેવા પહેલા બેન્ક તેમની રીતે સંપૂર્ણ તપાસ કરી શકે છે. SpiceJetને આનો સૌથી વધુ લાભ મળી શકે છે. કેમ કે કંપની પહેલાથી કેશની તંગી સામે ઝઝૂમી રહી છે. પગાર આપવામાં તેમજ કર્મચારીઓને પગાર વગર રજા પર ઉતારવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જેટ ફ્યુલની કિંમતો પણ ઝડપથી વધી રહી છે. મધ્ય પૂર્વમાં જઈ રહેલી ફ્લાઈટની ઉડાન સંખ્યામાં પણ ઘટાડો આવ્યો છે.

# ઉત્તર પ્રદેશના નોઇડામાં હિંસા બદલ 300થી વધુ કર્મચારીઓની ધરપકડ કરાઈ, સાત ફરિયાદો

## સરકારે લઘુતમ વેતન 15 હજાર કર્યું, જોકે 20 હજાર કરવાની માગ સાથે હજુ વિરોધ

**નોઇડા**

સોમવારે ઉત્તર પ્રદેશના નોઇડામાં પગાર વધારાની માગણી સાથે ખાનગી કંપનીના હજારો કર્મચારીઓ રસ્તા પર ઉતર્યા હતા, આ આંદોલન મંગળવારે પણ શરૂ રહ્યું હતું. આ દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ સામસામે આવી ગયા હતા. રાજ્ય સરકારે લઘુતમ વેતન વધારવાની જાહેરાત સોમવારે રાત્રે કરી હોવા છતા કર્મચારીઓ આંદોલન કરી રહ્યા છે. આ આંદોલનમાં



હવે ઘરોમાં કામકાજ કરી ગુજરાન ચલાવતી મહિલાઓ, સફાઈકર્મીઓ પણ રસ્તા પર ઉતરી આવ્યા છે.

સોસાયટી બહાર અનેક મહિલાઓ ઉતરી આવી હતી, રોડ પર આ મહિલાઓ પથ્થરમારો કરવા લાગી હતી. મહિલાઓએ પણ લઘુતમ વેતનની માગ સાથે પ્રદર્શન કર્યું છે જોકે આ દરમિયાન તેમણે ભારે તોડફોડ કરી હતી જેનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. બીજી તરફ ઉત્તર પ્રદેશ સરકારે કુશળ કારીગરો માટે લઘુતમ વેતન વધારીને ૧૫ હજાર કર્યું છે જ્યારે પ્રદર્શન કરી રહેલા કર્મચારીઓએ લઘુતમ વેતન ૨૦ હજાર કરવાની માગણી સાથે આ આંદોલન શરૂ કર્યું છે.

# લખનઉમાં 100થી વધુ સિલિન્ડર બ્લાસ્ટ થતાં 1000થી વધુ ઝૂંપડા બળી ગયા,10થી વધુ લોકોને ઈજા, 10 કિમી દૂરથી ધૂમાડો દેખાયો

## આગમાં મરઘાં, બકરીઓ અને કૂતરા સહિત આશરે 50 જેટલા અબોલ પશુઓ જીવતા ભુંજાઇ ગયા

**લખનઉ**

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌના વિકાસ નગર વિસ્તારમાં બુધવારે સાંજે કાળજું કંપાવી દે તેવી ઘટના બની હતી. અહીં આવેલી એક વિશાળ ઝૂંપડપટ્ટીમાં ભીષણ આગ લાગ્યા બાદ એક પછી એક 100થી વધુ રાંધણ ગેસના સિલિન્ડર ફાટતા આખું શહેર ધણધણી ઉઠ્યું હતું. આગ એટલી વિકરાળ હતી કે તેનું ધુમાડાનું વાદળ 10 કિલોમીટર દૂરથી પણ જોઈ શકાતું હતું. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આગમાં મરઘાં, બકરીઓ અને કૂતરા સહિત આશરે 50 જેટલા અબોલ



પશુઓ જીવતા ભુંજાઈ ગયા છે. સીતાપુર બાયપાસ પાસે આવેલી આ ઝૂંપડપટ્ટીમાં બુધવારે સાંજે આશરે 4 વાગ્યે અચાનક એક ચિંગારીએ વિકરાળ રૂપ ધારણ કર્યું હતું. ઝૂંપડાઓમાં રાખેલા સિલિન્ડરોમાં ધડાકા થવાનું શરૂ થતા આસપાસના રહેણાંક વિસ્તારોમાં પણ દહેશત ફેલાઈ ગઈ હતી. લપેટો 30 ફૂટ ઊંચે સુધી ઉછળતી જોઈ લોકો જીવ બચાવવા રસ્તા પર દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમો માટે આ કામગીરી અત્યંત જોખમી હતી. ફાયરકર્મીઓએ જીવના જોખમે આગને પાકા મકાનો સુધી પહોંચતી અટકાવી હતી. આશરે 8 કલાકની સતત જહેમત બાદ મોડી રાત્રે આગ પર કાબૂ મેળવી શકાયો હતો.

# AAP સરકારે છીનવી તો કેન્દ્રએ પાછી આપી, રાઘવ ચઢ્ઢાને ફરી મળી Z+ સુરક્ષા

**નવી દિલ્હી**

આમ આદમી પાર્ટી (AAP) ના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા અને પાર્ટી હાઈકમાન્ડ વચ્ચેના સંબંધોમાં પડેલી તિરાડ હવે સપાટી પર આવી ગઈ છે. પંજાબની ભગવંત માન સરકારે રાઘવ ચઢ્ઢાની Z+ સુરક્ષા પાછી ખેંચી લેતા રાજકારણ ગરમાયું છે. જોકે, આ ઘટનાના ગણતરીના કલાકોમાં જ કેન્દ્ર સરકારે દરમિયાનગીરી કરીને ચઢ્ઢાને Z કેટેગરીની સુરક્ષા પૂરી પાડી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને રાઘવ ચઢ્ઢાને Z શ્રેણીની સુરક્ષા આપી છે. આ સુરક્ષા વ્યવસ્થા હેઠળ અર્ધલશ્કરી દળોના જવાનો તેમની સાથે રહેશે. મહત્વનું છે કે, આ સુરક્ષા તેમને દિલ્હી અને પંજાબ બંને સ્થળોએ ઉપલબ્ધ થશે.

# છત્તીસગઢ પાવર પ્લાન્ટમાં બોઈલર ફાટતાં 19 શ્રમિકોના મોત

## 35થી વધુ દાઝ્યા, 35-35 લાખનું વળતર આપશે, હોસ્પિટલોમાં મૃતદેહો જોતા પરિજનોમાં ગમગીની, હોસ્પિટલ પાસે પોલીસ ટુકડી ખડકાઈ

**રાંચી**

છત્તીસગઢના શક્તિ જિલ્લામાં વેદાંત પાવર પ્લાન્ટમાં ગઈકાલે બોયલર ફાટ્યા બાદ ભયાનક વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે, આસપાસમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં અત્યાર સુધીમાં 19 શ્રમિકોના કરૂણ મોત થયા છે અને મૃત્યુઆંક હજી પણ વધવાની આશંકા સેવાઈ રહી છે. આ દુર્ઘટનામાં 35થી વધુ શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હોવાનું સામે આવ્યું છે. બીજીરતફ કંપનીએ મૃતકના પરિજનોને 35-35 લાખ રૂપિયાની વળતર આપવાની જાહેરાત કરી છે.

એકસાથે મોટી સંખ્યામાં શ્રમિકોના મોત થવાને કારણે હોસ્પિટલોમાં હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા છે. રાયગઢ મેડિકલ કોલેજમાં 11 અને જિલ્લા હોસ્પિટલમાં અત્યાર સુધીમાં 5 મૃતદેહો લાવવામાં આવ્યા છે. મૃતકોના પરિવારોની ભીડ હોસ્પિટલ પરિસરમાં ઉમટી પડી છે. હોસ્પિટલની બહાર એમ્બ્યુલન્સની લાંબી કતારો જોવા મળી રહી છે.

દુર્ઘટનાની ગંભીરતાને જોતા કંપની દ્વારા વળતરની જાહેરાત કરવામાં આવી છે. અહેવાલો અનુસાર વેદાંત કંપની દરેક મૃતક શ્રમિકના પરિવારને 35-35 લાખ રૂપિયાનું વળતર આપશે. આ ઉપરાંત ઈજાગ્રસ્તોની સારવારનો તમામ ખર્ચ પણ ઉઠાવવામાં આવશે.

ઘટનાને પગલે રાયગઢ અને શક્તિ એમ બંને જિલ્લાની પોલીસ ટુકડીઓ તૈનાત કરી દેવામાં આવી છે. હોસ્પિટલ અને પ્લાન્ટની આસપાસ સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને. વહીવટીતંત્રે આ અકસ્માત પાછળના કારણોની તપાસ શરૂ કરી દીધી છે. વહીવટીતંત્રે પીડિત પરિવારોને શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી છે.



# ભારતીય નાગરિકો અને જહાજોની સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે : ભારત

## હોર્મુઝમાં અનિશ્ચિતતા વચ્ચે સરકારનું મહત્ત્વનું નિવેદન

**નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં પ્રવર્તતી અનિશ્ચિતતા વચ્ચે ભારત સરકારે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. વિદેશ મંત્રાલય અને શિપિંગ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, ભારતીય નાગરિકો અને જહાજોની સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. અત્યાર સુધી હજારો નાવિકોને સફળતાપૂર્વક પરત લાવવામાં આવ્યા છે. શિપિંગ મંત્રાલયના એડિશનલ સેક્રેટરી મુકેશ મંગલે માહિતી આપી હતી કે, પર્સિયન ગલ્ફ વિસ્તારમાં તમામ ભારતીય નાવિકો હાલ સુરક્ષિત છે. ડાયરેક્ટોરેટ જનરલ ઑફ શિપિંગ દ્વારા અત્યાર સુધીમાં કુલ 2,337 ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે ભારત પરત લાવ્યા છે. જેમાં છેલ્લા 24 કલાકમાં જ 75 નાવિકોની ઘરવાપસી થઈ છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિવિધ દેશો પાસેથી તેલ ખરીદી રહ્યું છે. 1.4 અબજ લોકોની ઊર્જા સુરક્ષાને ધ્યાનમાં રાખીને ભારત સંતુલિત રણનીતિ સાથે આગળ વધી રહ્યું છે.

# બિહારમાં નીતિશ યુગનો અંત! ભાજપના સમ્રાટ બન્યા નવા મુખ્યમંત્રી, જેડીયુના 2 ડેપ્યુટી CM

## JDU ક્વોટાના વિજય કુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવ નાયબ મુખ્યમંત્રી

**પટના**

બિહારના ઈતિહાસમાં એક નવો અધ્યાય લખાયો છે. સમ્રાટ ચૌધરીએ પટનાના લોકભવનમાં આયોજિત એક ભવ્ય સમારોહમાં બિહારના 24મા મુખ્યમંત્રી તરીકે પદ અને ગોપનીયતાના શપથ ગ્રહણ કર્યા છે. રાજ્યપાલ સૈયદ અતા હસનૈને તેમને શપથ લેવડાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, બિહારના ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે જ્યારે ભારતીય જનતા પાર્ટીના કોઈ નેતાએ મુખ્યમંત્રી પદની જવાબદારી સંભાળી હોય.

સમ્રાટ ચૌધરીની સાથે JDU ક્વોટામાંથી વિજય કુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. આજના કાર્યક્રમમાં માત્ર આ ત્રણ નેતાઓના જ શપથ લેવામાં આવ્યા છે, શપથ સમારોહમાં હાજરી આપવા માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન, કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા, ચિરાગ પાસવાન અને જીતન રામ માંઝી જેવા નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમ્રાટ ચૌધરી ભલે અલગ-અલગ પક્ષોમાંથી પસાર થઈને ભાજપમાં આવ્યા હોય, પરંતુ તેમને રાજકીય સફળતા અને નામના ભાજપમાં મળી. સમ્રાટ ચૌધરી પોતાના પિતાના માર્ગદર્શન હેઠળ રાજકારણમાં આવ્યા હતા. તેમણે સમતા પાર્ટીથી પોતાની સફર શરૂ કરી અને ત્યારબાદ RJDમાં જોડાયા. RJDમાં તેઓ મંત્રી બન્યા, RJDમાં રહ્યા બાદ તેઓ 2014માં JDUમાં જોડાયા અને જીતન રામ માંઝીની સરકારમાં મંત્રી (શહેરી વિકાસ અને આવાસ વિભાગ) બન્યા.

# ભારત-US ડીલ પર મહોરની તૈયારી, મોદી-ટ્રમ્પની વાતચીત બાદ ભારતીય ડેલિગેશન અમેરિકા જશે

## ભારતીય પ્રતિનિધિમંડળ 20 એપ્રિલે અમેરિકા પહોંચશે, અનેક મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરાશે

**નવી દિલ્હી**

ભારતીય પ્રતિનિધિમંડળ ટ્રેડ ડીલ અને ટૅરિફ મુદ્દે આગામી સપ્તાહે વોશિંગ્ટન પહોંચીને અમેરિકન નેતાઓ સાથે બેઠક કરશે. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે 40 મિનિટ સકારાત્મક વાતચીત થયા બાદ આ નિર્ણય લેવાયો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ભારતીય પ્રતિનિધિમંડળ 20થી 22 એપ્રિલ દરમિયાન અમેરિકા જવાનું છે. આ દરમિયાન બંને દેશો ટ્રેડ ડીલ અને ટૅરિફ સંબંધી ગૂંચવાયેલા મુદ્દાઓનો નિવેડો લાવવા પર અને સમજૂતીને અંતિમ રૂપ આપવા પર ધ્યાન કેન્દ્રીત કરશે. ટ્રેડ ડીલને લઈને બંને દેશો વચ્ચે અનેક બેઠકો યોજાઈ ગઈ છે, પરંતુ હજુ સુધી કોઈ નિર્ણાયક નિર્ણય લેવાયો નથી. મંગળવારે વડાપ્રધાન મોદી અને અમેરિકન રાષ્ટ્રપ્રમુખ વચ્ચે 40 મિનિટ સુધી ટેલિફોનિક વાતચીત થઈ હતી.

અમેરિકા-ઈરાન વચ્ચે બે સપ્તાહનું યુદ્ધવિરામ જાહેર કર્યા બાદ અને ઈસ્લામાબાદમાં મંત્રણા નિષ્ફળ ગયા બાદ બંને નેતાઓ વચ્ચે પહેલીવાર આ વાતચીત થઈ હતી. ભારતમાં અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે બંને નેતાઓઓ વચ્ચે સકારાત્મક વાતચીત થઈ હોવાની માહિતી આપી છે. તેમણે કહ્યું કે, બંને નેતાઓ વચ્ચે ટ્રેડ ડીલ સહિત અનેક મહત્ત્વના ક્ષેત્રો પર ચર્ચા થઈ છે. અમેરિકન રાજદૂતે સંકેત આપ્યા છે કે, આગામી દિવસોમાં ભારત-અમેરિકા વચ્ચે ઊર્જા સહિત અનેક મોટા સમજૂતી થઈ શકે છે.

# ભારતમાં એઆઈનો ઉપયોગ વધ્યો પણ તે ટોપ-10 શહેરો પૂરતો સીમિત

## નાના શહેરોમાં ઉપયોગ સામાન્ય પ્રશ્નો સુધી મર્યાદિત રહ્યો

**નવી દિલ્હી**

ભારત હવે દુનિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો એડવાન્સ યુઝ કરનારા દેશોની યાદીમાં સામેલ થઈ ગયું છે. આ સાથે જ ભારતે એઆઈનો ઉપયોગ કરતા ટોપ-૫ દેશોની યાદીમાં સ્થાન મેળવ્યું છે. પરંતુ, દેશમાં એઆઈનો વપરાશ મોટા શહેરોમાં કેન્દ્રિત છે. આ માહિતી ઓપનએઆઈના રિપોર્ટમાં સામે આવી છે. રિપોર્ટ મુજબ, ભારતના યુઝર્સ હવે માત્ર એઆઈનો સામાન્ય ઉપયોગ નથી કરતા. તેઓ તેને હાઈ-સ્કિલ કામો માટે ઉપયોગમાં લઈ રહ્યા છે. ચેટજીપીટી જેવી એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરીને તેઓ કોડિંગ, ડેટા એનાલિસિસ અને જટિલ સમસ્યાઓનું સમાધાન શોધી રહ્યા છે. આ વૃદ્ધિ વચ્ચે એક મોટો તફાવત જોવા મળી રહ્યો છે. ભારતમાં લગભગ ૫૦ ટકા એડવાન્સ્ડ એઆઈ યુઝર્સ માત્ર ૧૦ શહેરોમાં જ રહે છે. જેમાં બેંગલુરુ, મુંબઈ, દિલ્હી, હૈદરાબાદ અને પુણે મુખ્ય શહેરો છે. આ શહેરોમાં આઈટી કંપનીઓ, સ્ટાર્ટઅપ્સ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવાથી એઆઈનો ઉપયોગ વધુ થાય છે.

# સંસદમાં આજે નવા સીમાંકન મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરવા વિપક્ષે હાથ મિલાવ્યા

**નવી દિલ્હી**

લોકસભામાં ગુરુવારથી વિશેષ સત્ર શરૂ થાય તે પહેલાં વિપક્ષે આક્રમક રીતે આ બિલનો વિરોધ કરવાની તૈયારી કરી હતી. બુધવારે જ વિરોધનો સુર શરૂ થઈ ગયો હતો. નવા સીમાંકનમાં અનેક રાજ્યો સાથે અન્યાય થશેના આરોપો લગાવીને વિપક્ષ-કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસ સ્થાને વિપક્ષના નેતાઓની બેઠક મળી હતી જેમાં વિરોધ માટેની સ્ટ્રેટેજી પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક બાદ ખડગેએ કહ્યું હતું કે સીમાંકન માટેની બિલમાં જે જોગવાઈ કરવામાં આવી છે તેની વિરુદ્ધમાં મતદાન કરવાનું વિપક્ષે નક્કી કર્યું છે. વિપક્ષ મહિલા અનામત વિરુદ્ધ નથી પરંતુ રાજકીય હેતુ માટે જે રીતે બિલ રજુ કરાયું છે તેની સામે વિરોધ છે.

# ૩૫૦ વીડિયો બનાવી કર્યું બ્લેકમેલિંગ : ૧૯ વર્ષના શિકારીએ ૧૮૦ સગીરાઓને ફસાવી

## બે મિત્રો વચ્ચેના નાણાકીય ઝઘડાએ કૃત્યનો પર્દાફાશ કર્યો

**અમરાવતી** : મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં ૧૯ વર્ષના 'અયાન અહેમદ' નામના યુવકે ૧૮૦ સગીર છોકરીઓને પ્રેમના જાળમાં ફસાવી, તેમનું શારીરિક શોષણ કર્યું હતું, તેમના ૩૫૦ જેટલા વીડિયો બનાવ્યા અને પછી તેમને બ્લેકમેલ કરીને વેશ્યાવૃત્તિમાં ધકેલવાનો પ્રયાસ કર્યો હતો. આખરે, બે મિત્રો વચ્ચેના નાણાકીય ઝઘડાએ એમનો પર્દાફાશ કરી નાખ્યો. મામલો પોલીસ સુધી પહોંચતાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ સમગ્ર કાંડનો પર્દાફાશ થવામાં દોસ્તો વચ્ચેની દુશ્મની કારણરૂપ બની. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર અયાન અહેમદ અને તેનો સાથી ઉઝેર ખાન હતા. શરૂઆતમાં બંનેએ વધુમાં વધુ છોકરીઓને પટાવવાની શરત લગાવી હતી. આ કામ કરતાં કરતાં તેમણે ૧૮૦ સગીરાઓને વાસનાનો શિકાર બનાવીને એમની મરજી વિરુદ્ધ વીડિયો બનાવ્યા. બાદમાં પૈસાને કારણે બંને મિત્રો વચ્ચે ઝઘડો થયો. ઉઝેરે અયાન પાસે પૈસાની માંગ કરી, પરંતુ જ્યારે અયાન તે પૂરી ન કરી શક્યો, ત્યારે ગુસ્સામાં ઉઝેરે ૧૦૦ જેટલા અશ્લીલ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધા હતા.

# ઉજ્જૈન મહાકાલ મંદિરમાં નિ:શુલ્ક ભસ્મ આરતી બંધ, ઓનલાઈન જ કરી શકાશે બુકિંગ

**વડોદરા**

ઉજ્જૈનના પ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિરમાં ભસ્મ આરતીના દર્શનને લઈને મંદિર સમિતિ દ્વારા મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. ભક્તોની સુવિધા અને વ્યવસ્થા જાળવવા માટે હવે ઓફલાઈન બુકિંગની પ્રક્રિયામાં મહત્ત્વનો ફેરફાર કરાયો છે. ઉજ્જૈનમાં આવેલ વિશ્વપ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિર પ્રબંધન સમિતિએ ભસ્મ આરતી માટેની ઓફલાઈન પરમિશનની સુવિધા સંપૂર્ણપણે બંધ કરી દેવાઈ છે. અત્યાર સુધી ભક્તો કલાકો સુધી કતારમાં ઉભા રહીને ઓફલાઈન પરમિશન મેળવતા હતા, પરંતુ હવે આ આખી પ્રક્રિયાને ડિજિટલ બનાવી દેવામાં આવી છે. અગાઉ મંદિર સમિતિ દ્વારા કુલ 1700 ભક્તોને ભસ્મ આરતી માટે પરવાનગી આપવામાં આવતી હતી.

# પંજાબે MIને 7 વિકેટથી હરાવ્યું, મુંબઈનો સતત ચોથો પરાજય

## પ્રભસિમરને અણનમ ૮૦ રન અને શ્રેયસ અય્યરે ૬૬ રનની મેચ વિનિંગ ઈનિંગ રમી

મુંબઈ : અર્શદીપની તરખાટ મચાવતી બોલિંગ(૩ વિકેટ) અને ત્યાર બાદ પ્રભસિમરન (અણનમ ૮૦ રન) અને શ્રોયસ અય્યર(૬૬ રન)ની બેટિંગના જોરે પંજાબ કિંગ્સે પોતાનો વિજયકૂચ જાળવી રાખતા મુંબઈ ઈન્ડિયન્સને ૨૧ બાકી રાખતા ૭ વિકેટથી કારમો પરાજય આપ્યો હતો. પંજાબની આ જીત સાથે પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગઈ છે. જ્યારે હાર સાથે મુંબઈ ઈન્ડિયન્સ ૯માં ક્રમે પહોંચી ગયું છે. મુંબઈની આ સતત ચોથી હાર છે જ્યારે પંજાબની આ ચોથી જીત(એક મેચ અનિર્ણિત) છે. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી મુંબઈની ટીમે ૨૦ ઓવરના અંતે ૬ વિકેટ ગુમાવીને ૧૯૫ રન ખડકયાં હતાં. જેમાં રોહિત શર્માના રિપ્લેસમેન્ટ તરીકે આવેલા વિકેટ કીપર બેટ્સમેન ક્વિંટન ડિકોકે અણનમ ૧૧૨ રન ફટકાર્યા હતાં. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી



પંજાબના વિકેટ કીપર બેટ્સમેન પ્રભસિમરને તાબડતોબ બેટિંગ કરીને અણનમ ૮૦ રન ફટકાર્યા હતાં. પંજાબ ૨૧ બોલ બાકી રાખતા ૭ વિકેટથી જીત મેળવી હતી. ડિકોકે વિકેટકીપર તરીકે આઈપીએલમાં પોતાનો ૨૫મો ૫૦+ સ્કોર નોંધાવ્યો છે. તેણે એમએસ ધોની (૨૪ સ્કોર) નો રેકોર્ડ તોડયો છે. આ યાદીમાં કેએલ રાહુલ ૩૧ સ્કોર સાથે પ્રથમ ક્રમે છે.

ડિકોકની આ આઈપીએલ કરિયરની કુલ ત્રીજી સદી છે. આ સદી નોંધાવીને તે કેએલ રાહુલ અને સંજુ સેમસન બાદ એવો ત્રીજો ખેલાડી બન્યો છે, જેણે ૩ અલગ-અલગ ટીમો માટે સદી ફટકારી હોય.



## રાજસ્થાન સામેની મેચમાં કમિન્સ SRHની કપ્તાની કરશે

સિડની । આઈપીએલ ૨૦૨૬માં સનરાઈઝર્સ હૈદરાબાદની ફ્રેન્ચાઈઝી અને ચાહકો માટે એક મોટા અને સકારાત્મક સમાચાર સામે આવ્યા છે. ટીમના કેપ્ટન અને ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ફસ્ટ બોલર પેટ કમિન્સને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા આઈપીએલમાં ફીથી રમવા માટે સત્તાવાર ક્લિયરન્સ આપી દેવામાં આવ્યું છે. અગાઉ તેની ઉપલબ્ધતા અંગે કેટલીક અટકળો ચાલી રહી હતી, પરંતુ હવે તમામ અસમંજસનો અંત આવ્યો છે.



## ૩૦ લાખમાં ખરીદાયેલા બિહારના સાકિબ હૂસૈને પણ ૪ વિકેટ ઝડપી

**બિહારના ગોપાલગંજથી આઈપીએલ સુધીની સફ઼ ખેડનાર સાકિબ હૂસૈને પોતાની પહેલી ડેબ્યૂ મેચમાં તરખાટ મચાવતા ૪ ઓવરમાં ૨૪ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. વર્ષ ૨૦૨૪માં KKRની ટીમનો હિસ્સો રહ્યા બાદ, સાકિબ હુસૈનને અંતે આઈપીએલ ૨૦૨૬ ની વર્તમાન સિઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી પોતાની પ્રથમ આઈપીએલ મેચ રમવાની અમૂલ્ય તક મળી છે.**

## પ્રફુલ હિંગે ડેબ્યૂ મેચમાં 3 વિકેટ લેનાર પ્રથમ બોલર

**૪ મેચ જીતનારી અને IPL ૨૦૨૬માં સૌથી શ્રેષ્ઠ ઓપનિંગ પેર ગણાતી રાજસ્થાન રોયલ્સની ટીમને પહેલી ઓવરમાં ત્રણ વિકેટ ઝડપી તરખાટ મચાવનાર પ્રફુલ હિંગે મૂળ મહારાષ્ટ્રના નાગપુરનો રહેવાસી છે. ૧૯ વર્ષનો પ્રફુલ ડોમેસ્ટ્રીક ક્રિકેટમાં વિદર્ભ તરફથી રમે છે. પોતાની ડેબ્યૂ મેચમાં પ્રફુલે પ્રથમ જ ઓવરમાં 3 વિકેટ ઝડપીને આઈપીએલ ઈતિહાસમાં નવો રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે. હૈદરાબાદના કેપ્ટન ઈશાન કિશને જ્યારે ડેબ્યૂ કરી રહેલા પ્રફુલ હિંગેને પ્રથમ ઓવર સોંપી ત્યારે કોઈએ કલ્પના કરી ન હતી કે તે ઈતિહાસ રચી દેશે. હિંગેએ પ્રથમ બોલ પર આઈપીએલની સનસનાટી ગણાતા ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીને આઉટ કર્યો હતો. ત્યારબાદ ત્રીજા બોલે ધ્રુવ જુરેલ અને અંતિમ બોલે લુઆન-ડ્રે પ્રિટોરિયસને પેવેલિયન ભેગા કરીને રાજસ્થાનની કમર તોડી નાખી હતી. આઈપીએલ ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે કે કોઈ બોલરે ઈનિંગની પહેલી જ ઓવરમાં 3 વિકેટ ઝડપી હોય. અગાઉ ૩૨ વખત બોલરોએ પહેલી ઓવરમાં ૨ વિકેટ લીધી હતી, પણ 3 વિકેટ લેવાની સિદ્ધિ હિંગેના નામે નોંધાઈ છે.**

### પોઈન્ટ ટેબલ

| » ટીમ | મેચ | જીત | હાર | ટાઈ/નો રિઝલ્ટ | પોઈન્ટ્સ | (NRR) |
|---|---|---|---|---|---|---|
| » બેંગલુરૂ | 5 | 4 | 1 | 0 | 8 | +1.503 |
| » રાજસ્થાન | 5 | 4 | 1 | 0 | 8 | +0.889 |
| » પંજાબ | 4 | 3 | 0 | 1 | 7 | +0.720 |
| » હૈદરાબાદ | 5 | 2 | 3 | 0 | 4 | -0.576 |
| » દિલ્હી | 4 | 2 | 2 | 0 | 4 | +0.322 |
| » ગુજરાત | 4 | 2 | 2 | 0 | 4 | -0.029 |
| » લખનઉ | 5 | 2 | 3 | 0 | 4 | -0.804 |
| » ચેન્નઇ | 5 | 2 | 3 | 0 | 4 | -0.846 |
| » મુંબઇ | 4 | 1 | 3 | 0 | 2 | -0.772 |
| » કોલકાતા | 5 | 0 | 4 | 1 | 1 | -1.383 |

# વિઝડન પારિતોષિક : ભારતીય ક્રિકેટર્સનો ડંકો

### ૯માંથી સાત એવોર્ડ જીત્યા, વિમેન્સ વનડે વર્લ્ડ કપમાં શાનદાર દેખાવ કરનાર દીપ્તિ સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર

નવી દિલ્હી । ભારતીય ક્રિકેટર્સે વિઝનડ આલ્મનેક ૨૦૨૬ એવોર્ડ્સમાં પોતાનો દબદબો સ્થાપિત કરતા ૯માંથી સાત એવોર્ડ્સ પોતાના નામે કર્યા છે. તેમાં દીપ્તિ શર્માને વર્ષની મહિલા ક્રિકેટર અને અભિષેક શર્માને વર્ષનો ટી-૨૦ ક્રિકેટર પસંદ કરાયો છે. શુભમન ગિલ, મોહમ્મદ સિરાજ, ઋષભ પંત અને રવિન્દ્ર જાડેજાને ગયા વર્ષે ઈંગ્લેન્ડમાં થયેલી ટેસ્ટ સીરીઝમાં શાનદાર પ્રદર્શન બદલ વિઝડનના વર્ષના પાંચ ક્રિકેટર્સમાં સામેલ કરાયા છે. ભારતીય ક્રિકેટર્સ ઉપરાંત અન્ય દેશોના જે ખેલાડીઓને એવોર્ડ્સ માટે પસંદ કરાયા છે જેમાં ઓસ્ટ્રેલિયાનો અગ્રણી ઝડપી બોલર





મિચેલ સ્ટાર્ક સામેલ છે, જેને વિશ્વનો સર્વશ્રોષ્ઠ પુરુષ ક્રિકેટર પસંદ કરાયો છે. તે સિવાય ઈંગ્લેન્ડના બેટ્સમેન હસીબ હમીદને પણ ચાર ભારતીય ખેલાડીઓ સાથે વર્ષના પાંચ સર્વશ્રોષ્ઠ ક્રિકેટરમાં સામેલ કરાયો છે. દીપ્તિ શર્માને ગયા વર્ષે રમાયેલા આઈસીસી વિમેન્સ વર્લ્ડકપમાં ૨૨ વિકેટ ખેરવવા બદલ આ એવોર્ડથી સન્માનિત કરાઈ છે. આ ઓલરાઉન્ડ પ્રદર્શનના જોરે ભારતીય મહિલા ટીમે મુંબઈમાં રમાયેલી ફાઈનલમાં દક્ષિણ આફ્રીકાને હરાવીને પોતાનો પહેલો વર્લ્ડકપ જીત્યો હતો. દીપ્તિએ ટૂર્નામેન્ટની ૯ મેચમાં ૩ અર્ધસદીની મદદથી ૨૧૫ રન પણ બનાવ્યા હતા. ગયા વર્ષે ટેસ્ટ સીરીઝ માટે ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન ભારતીય સુકાની શુભમન ગિલે શાનદાર ફોર્મ દેખાડતા ૭૫૪ રન બનાવ્યા હતા અને પાંચ મેચની સીરીઝને ૨-૨થી ડ્રો કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ઈંગ્લેન્ડ સામેની એજબેસ્ટન ટેસ્ટમાં દમદાર પ્રદર્શન બદલ ગિલને આ એવોર્ડ અપાયો છે.

# એટલેટિકો મેડ્રિડ બાર્સેલોનાને હરાવી સેમિફાઇનલમાં પહોંચ્યું

### બીજા લેગમાં ૨-૧થી હારવા છતાં, એગ્રીગેટ સ્કોરથી શાનદાર જીત

મેડ્રિડ : એટલેટિકો મેડ્રિડે યુઈએફ્એ ચેમ્પિયન્સ લીગની ક્વાર્ટર ફઈનલના બીજા લેગમાં બાર્સેલોના સામે ૨-૧ થી હારનો સામનો કરવા છતાં શાનદાર રીતે સેમિફઈનલમાં પ્રવેશ કરી લીધો છે. મંગળવારે રમાયેલી મેચમાં બાર્સેલોનાએ ૨-૧ થી જીત મેળવી હતી, પરંતુ પ્રથમ લેગમાં એટલેટિકો મેડ્રિડની ૨-૦ ની જીતના કારણે એગ્રીગેટ સ્કોર ૩-૨ થઈ ગયો હતો. મેચની શરૂઆતમાં જ બાર્સેલોનાએ આક્રમક રમત દાખવી હતી. લેમિન યમાલ અને ફ્રેરન ટોરેસે પ્રથમ ૨૪ મિનિટમાં જ ગોલ ફટકારીને બાર્સેલોનાને



૨-૦ ની સરસાઈ અપાવી દીધી હતી. જોકે, ૩૧મી મિનિટે એટલેટિકો તરફથી એડેમોલા લુકમેને એક મહત્વપૂર્ણ ગોલ કરીને એગ્રીગેટ સ્કોરમાં પોતાની ટીમને આગળ કરી દીધી. મેચના અંતિમ ભાગમાં બાર્સેલોનાના ડિફેન્ડર એરિક ગાર્સિયાને રેડ કાર્ડ મળતા તેમની મુશ્કેલી વધી હતી.

## દિગ્ગજ બેડમિન્ટન ખેલાડી વિક્ટરની નિવૃત્તિ

કોપનહેગન : બે વખતના ઓલિમ્પિક ચેમ્પિયન અને ડેનમાર્કના દિગ્ગજ બૅડમિન્ટન ખેલાડી વિક્ટર એક્સેલસને ૩૨ વર્ષની વયે પ્રોફ્રેશનલ બૅડમિન્ટનમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. ૧૫ એપ્રિલ ૨૦૨૬ ના રોજ એક્સેલસને જણાવ્યું હતું કે પીઠની સતત રહેતી ઈજાઓ અને શસ્ત્રક્રિયા બાદ શારીરિક તકલીફને કારણે



તે હવે ઉચ્ચ સ્તરે તાલીમ લઈ શકે તેમ નથી. ટોક્યો ૨૦૨૦ અને પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર આ ખેલાડીના નિર્ણયથી બૅડમિન્ટન જગતને મોટો આંચકો લાગ્યો છે. ભારતીય સ્ટાર શટલર લક્ષ્ય સેને સોશિયલ મીડિયા પર તેને એક ભાવુક સંદેશ લખીને વિદાય આપી હતી. સેને લખ્યું હતું કે, 'બૅડમિન્ટનની રમત ભાગ્યશાળી છે કે તેને તમારા જેવો મહાન ખેલાડી મળ્યો. તમે માત્ર એક ચેમ્પિયન તરીકે જ નહીં, પરંતુ એક ઉત્તમવ્યક્તિ તરીકે પણ હંમેશા યાદ રહેશો.'

## ફિફા પહેલાં નેમાર પાસે ફિટનેસ સાબિત કરવા તક છે : કોચ કાર્લો

**રિયો**

નેમાર જુનિયર માટે આગામી ફિફ વર્લ્ડ કપ ૨૦૨૬માં રમવાની આશાઓ હજુ જીવંત છે. બ્રાઝિલના મુખ્ય કોચ કાર્લો એન્સેલોટીએ સ્પષ્ટ કર્યુ છે કે ઈજામાંથી રિકવર થઈ રહેલા આ સ્ટાર ખેલાડી પાસે પોતાની સંપૂર્ણ ફિટનેસ અને ફેર્મ સાબિત કરવા માટે હજુ બે મહિનાનો સમય બાકી છે બ્રાઝિલિયન ફૂટબોલ ટીમના મેનેજર કાર્લો જણાવ્યું હતું કે, 'નેમાર ૧૦૦ ટકા ફિટ થવાની ક્ષમતા ધરાવે છે. બ્રાઝિલિયન ફૂટબોલ કન્ફેડરેશન (ઝમ્હ્ન) અને હું તેની સ્થિતિનું સતત મૂલ્યાંકન કરી રહ્યા છીએ. વર્લ્ડ કપમાં રમવા માટે



તેની પાસે હજુ બે મહિનાનો સમય છે, જેમાં તે પોતાની ક્ષમતા અને ફિટનેસ સાબિત કરી શકે છે.'

ઉલ્લેખનીય છે કે, ૩૪ વર્ષીય નેમાર ડાબા ઘૂંટણની ગંભીર ઈજા (છઝન્ ટિયર)ને કારણે ઓક્ટોબર ૨૦૨૩થી બ્રાઝિલની રાષ્ટ્રીય ટીમ માટે રમ્યો નથી. ૨૨ ડિસેમ્બરના રોજ તેણે ઘૂંટણની માઈનોર સર્જરી કરાવી હતી.

## ઈરાન ૨૦૨૬ના ફિફા વર્લ્ડ-કપમાં જરૂર રમશે : ફિફા પ્રમુખ

**વોશિંગ્ટન** । મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૌગોલિક અને રાજકીય તણાવ વચ્ચે, ફિફના પ્રમુખ જિયાન્ની ઈન્ફેન્ટિનોએ પુષ્ટિ કરી છે કે ઈરાનની ફૂટબોલ ટીમ અમેરિકા, કેનેડા અને મેક્સિકોની યજમાનીમાં યોજાનારા ૨૦૨૬ ફિફ વર્લ્ડ કપમાં ભાગ લેશે. એક આર્થિક સંમેલનમાં બોલતા ઈન્ફેન્ટિનોએ સ્પષ્ટ કર્યુ હતું કે, 'ઈરાન ચોક્કસપણે આવી રહ્યું છે. તેમણે ટુર્નામેન્ટ માટે ક્વોલિફય કર્યુ છે અને તેમના ખેલાડીઓ રમવા માંગે છે.' અગાઉ, અમેરિકા અને ઈઝરાયેલ સાથેના સંઘર્ષ બાદ ઈરાને પોતાની મેચો અમેરિકાની બહાર ખસેડવાની માંગ કરી હતી, જેને ફિફએ ફગાવી દીધી હતી. ફિફ પ્રમુખે ભારપૂર્વક જણાવ્યું કે રમતગમતને રાજકીય સંઘર્ષોથી દૂર રાખવી જોઈએ અને ફૂટબોલ દેશો વચ્ચે સેતુ બાંધવાનું કામ કરે છે. ઈરાનની ટીમ ગ્રુપ ય્ ની પોતાની ત્રણ મેચો પૈકી બે લોસ એન્જલસમાં અને એક સિએટલમાં રમશે.



# આંદામાનના સમુદ્રમાં બોટ ડૂબી જતા 250થી વધુના મોતની આશંકા

## બાંગ્લાદેશી કોસ્ટ ગાર્ડે ૯ લોકોને ઉગારી લીધા, લોકો કુતુપાલોંગ બજારમાં તેમને સારી નોકરી લાલ આપીને ફસાવ્યા હતા

**ઢાકા**

આંદામાન સાગરમાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. આંદામાન દ્વીપસમૂહ પાસે મલેશિયા જઈ રહેલી એક મોટી હોડી સમુદ્રમાં ડૂબી ગઈ છે. આ હોડીમાં 250થી વધુ બાંગ્લાદેશી અને રોહિંગ્યા લોકો સવાર હતા. બાંગ્લાદેશી અધિકારીઓ દ્વારા અત્યાર સુધીમાં એક મહિલા સહિત નવ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. જ્યારે બાકીના લોકોનું શું થયું તેનો કોઈ અત્તો પત્તો નથી. આ લોકોને તસ્કરી કરીને લઈ જવામાં આવી રહ્યા હતા. બચી ગયેલા લોકોએ આ ખતરનાક મુસાફરીની હેરાન કરી દેનારી કહાની જણાવી છે.



બાંગ્લાદેશના અખબાર 'ધ ડેઈલી સ્ટાર' અનુસાર, બાંગ્લાદેશ કોસ્ટ ગાર્ડના મીડિયા ઓફિસરે જણાવ્યું કે, બાંગ્લાદેશનો ધ્વજ ધરાવતી હોડી 'ખઝ મેઘના પ્રાઈડ' ચટગાંવથી ઈન્ડોનેશિયા જઈ રહી હતી. આ હોડીએ ૯ એપ્રિલની બપોરે અંદમાન દ્વીપસમૂહ પાસે આંતરરાષ્ટ્રીય જળસીમામાંથી નવ લોકોને બચાવ્યા હતા. બચાવાયેલા લોકોને બાંગ્લાદેશ કોસ્ટ ગાર્ડના પેટ્રોલિંગ જહાજ 'મન્સૂર અલી'ને સોંપી દેવામાં આવ્યા છે.

બચાવાયેલા લોકોએ માનવ તસ્કરી અને તે રુવાંડા ઉભા કરે તેવી સફર વિશે કંપાવી મૂકે તેવી વાતો જણાવી. રફીકુલ ઈસ્લામ, જે પોતે એક રોહિંગ્યા છે, તેને જણાવ્યું કે 2 એપ્રિલના રોજ કુતુપાલોંગ બજારમાં તેમને નોકરીની લાલચ આપીને ફસાવવામાં આવ્યા હતા. તેમને ટેકનાફના કછોપિયા યુનિયનના રાજારછારા વિસ્તારમાં એક ઘરમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને અન્ય 20 થી 25 લોકો સાથે કેદ કરી રાખવામાં આવ્યા હતા. બાદમાં જહાજ પર વધુ મુસાફરોને ચઢાવવામાં આવ્યા હતા, જેનાથી કુલ સંખ્યા લગભગ 280 થઈ ગઈ હતી. જેમાં 13 ક્રૂ મેમ્બર અને દાણચોરો/તસ્કરો, 21 રોહિંગ્યા મહિલાઓ અને ચાર બાળકો સામેલ હતા. આ મુસાફરોમાંથી લગભગ 150 રોહિંગ્યા હતા, જ્યારે બાકીના બાંગ્લાદેશી હતા. દરિયામાં ઉછળતા મોજાં અને ખરાબ હવામાનને કારણે દાણચોરોએ કથિત રીતે મુસાફરોને માછલી અને જાળ રાખવા માટે બનાવેલા ચાર સાંકડા સ્ટોરેજ કમ્પાર્ટમેન્ટમાં જબરદસ્તીથી ઠાંસી દીધા હતા. રફીકુલે દાવો કર્યો હતો કે ગૂંગળામણ અને અતિશય ભીડને કારણે દુર્ઘટના પહેલા જ 25 થી 30 લોકોના મોત થયા હતા.

# બંગાળમાં મતદાનના ૨ દિવસ પહેલાં નામ ઉમેરાશે તો પણ આપી શકાશે વોટ

## વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટે વિશેષ સત્તાઓનો ઉપયોગ કર્યો

**નવી દિલ્હી**

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે જારશોરથી પ્રચાર ચાલી રહ્યો છે. એવામાં જીંઈની પ્રક્રિયામાં જે મતદારોના નામ કપાઈ ગયા છે તે અંગે સુપ્રીમ કોર્ટે મોટો આદેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જા કોઈ ટ્રિબ્યુનલ મતદાનના માત્ર બે દિવસ પહેલાં પણ મતદારનું નામ યાદીમાં જાડવાનો આદેશ આપે, તો તે વ્યક્તિને વોટ આપવાનો અધિકાર મળશે. આ માટે સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાઓનો ઉપયોગ કર્યો છે. નોંધનીય છે કે બંગાળમાં જીંઈમાં લાખો મતદારોના નામ કપાઈ ગયા છે, જે બાદ તે લોકોએ મતદાન યાદીમાં નામ ફરીથી જાડવા માટે ચૂંટણી પંચના ટ્રિબ્યુનલમાં અરજી છે. અરજદારોનું કહેવું છે કે ટ્રિબ્યુનલ નિર્ણય લેવામાં વિલંબ કરશે તો તેઓ વિધાનસભા ચૂંટણીમાં મત આપી શકશે. નોંધનીય છે કે ચૂંટણી પંચમાં આવી ૩૪ લાખ અરજીઓ પેન્ડિંગ છે, જેમના નામ મતદાર યાદીમાંથી કપાઈ ગયું છે પણ તેઓ ભારતના નાગરિક હોવાનો દાવો કરી રહ્યા છે.

# રશિયા-ઈરાન પાસેથી સસ્તું ઓઈલ ખરીદવા ભારતને અપાયેલી છૂટ અમેરિકાએ સમાપ્ત કરી

## વેપાર ચાલુ રાખવા માટે રૂપિયા-રૂબલ પેમેન્ટ ગેટવે જેવા વૈકલ્પિક રસ્તાઓ પર વિચાર સંભવ

**નવી દિલ્હી**

રશિયા અને ઈરાન પાસેથી ઓઈલની આયાત બંધ થવાથી હવે ભારતની નિર્ભરતા ખાડીના અન્ય દેશો અથવા અમેરિકાના સ્થાનિક બજાર પર વધશે, જે ભારતને મોંઘું પડી શકે છે. પુરવઠો ઘટવાથી દેશમાં પેટ્રોલ-ડીઝલ અને રાંધણ ગેસના ભાવમાં ઉછાળો આવવાની પૂરેપૂરી શક્યતા છે.અમેરિકા-ઈરાન યુદ્ધ દરમિયાન ઉભી થયેલી ઓઈલની કમીને પહોંચી વળવા અમેરિકાએ રશિયન ઓઈલની ખરીદી પર જે છૂટછાટ આપી હતી તેની મર્યાદા ૧૧ એપ્રિલ ના રોજ પૂર્ણ થઈ ગઈ છે. અમેરિકન ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે બુધવારે જાહેરાત કરી છે કે, રશિયન અને ઈરાની ઓઈલની ખરીદી માટે અપાયેલી પ્રતિબંધોની છૂટછાટની સમયમર્યાદા હવે લંબાવવામાં આવશે નહીં.ભારત આ છૂટછાટનો સૌથી મોટો લાભાર્થી રહ્યો છે. અહેવાલો અનુસાર, છૂટ મળ્યા બાદ ભારતે રશિયા પાસેથી લગભગ ૩ કરોડ બેરલ ઓઈલના ઓર્ડર આપ્યા હતા. રિલાયન્સ જેવી ભારતીય રિફાઈનરીઓએ અગાઉ પ્રતિબંધોને કારણે રશિયન સપ્લાયર્સથી અંતર જાળવ્યું હતું, પરંતુ છૂટ બાદ ફરીથી ખરીદી શરૂ કરી હતી. રશિયા માટેની છૂટ ૧૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સમાપ્ત થઈ છે, જ્યારે ઈરાન માટેની આ છૂટ ૧૯ એપ્રિલ ના રોજ સમાપ્ત થવા જઈ રહી છે.અત્યાર સુધી ટ્રમ્પ વહીવટીતંત્રે વૈશ્વિક ઓઈલ બજારને સ્થિર કરવા માટે હંગામી નીતિ અપનાવી હતી. હવે ભારત રૂપિયા કે રુબલ પેમેન્ટ જેવા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરી શકે છે.

# હોર્મુઝ સ્ટ્રેટમાં અમેરિકાની નાકાબંધી નિષ્ફળ રહી ચીનનું પ્રતિબંધિત ટેન્કર રોકટોક વિના પસાર થયું

## પહેલા પ્રયાસમાં હોર્મુઝની સ્ટ્રેટ ઓળંગવામાં નિષ્ફળ, બીજા પ્રયાસમાં સફળતા મળી

**તહેરાન**

હોર્મુઝ સ્ટ્રેટમાં અમેરિકાની નાકાબંધી ૨૪ કલાકની અંદર નિષ્ફળ ગઈ હતી. મિથેનૉલ વહન કરતું ચીનનું પ્રતિબંધિત ટેન્કર રિચ સ્ટેરી ઈરાનની પરવાનગીથી આ સાંકડા માર્ગમાંથી સોમવારે પસાર થયું હતું. આ ચીની ટેન્કરને રોકવામાં અમેરિકા નિષ્ફળ ગયું હતું. આ ટેન્કર પર વર્ષો પહેલાં અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો હતો. આમ છતાં અમેરિકા આ ટેન્કર પર હુમલો કરવામાં અસમર્થ હતું. ટેન્કર પહેલાં પર્શિયન ગલ્ફથી હોર્મુઝ સ્ટ્રેટ પાસે પહોંચ્યું હતું. પહેલા પ્રયાસમાં એ હોર્મુઝની સ્ટ્રેટ ઓળંગવામાં નિષ્ફળ ગયું. પછી બીજા પ્રયાસમાં એને સફળતા મળી હતી. એ ચીનના બંદર તરફ જઈ રહ્યું છે.

હોર્મુઝમાંથી સરળતાથી એસ્કોર્ટ કરવામાં આવે એ પહેલાં ચીની ટેન્કર રિચ સ્ટેરીને શરૂઆતમાં થોડા સમય માટે કેશ્મ આઈલેન્ડ નજીક રોકી રાખવામાં આવ્યું હતું. મંગળવારે સવારે ટેન્કર ઓમાનના અખાતમાં જોવા મળ્યું હતું. આ જ વિસ્તારમાં અમેરિકાએ નાકાબંધી જાહેર કરી છે.



# લંડનમાં નીરવ મોદીના કેસની સુનાવણી હવે બંધ બારણે થશે

## નિરવ મોદીને ટૂંક સમયમાં ભારત લાવવામાં આવી શકે છે

**લંડન**

યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઈટ્સ (ECHR)એ ભારતના પંચાવન વર્ષના ભાગેડુ ઉદ્યોગપતિ નીરવ મોદીના પ્રત્યાર્પણ કેસમાં ગુપ્તતા જાળવી રાખવાની મંજૂરી આપી છે. 'કોર્ટ હવે આ કેસની સુનાવણી જાહેર નહીં કરે અને આરોપીની ગુપ્તતા જાળવી રાખવામાં આવશે. કેસની સુનાવણી બંધ દરવાજે કરવામાં આવશે. કોર્ટ એક પખવાડિયામાં સુનાવણી હાથ ધરશે અને ચુકાદો આપતાં પહેલાં ભારતના સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ની દલીલ પણ સાંભળવામાં આવશે. આ પછી આ કેસમાં ચુકાદો આવશે.' આ પછી જો સુનાવણીમાં નીરવ મોદીની અરજી ફગાવી દેવામાં આવે છે તો તેમના ભારત પ્રત્યાર્પણનો માર્ગ મોકળો થઈ જશે અને તેમને ટૂંક સમયમાં ભારત લાવવામાં આવી શકે છે, કારણ કે તેમના પ્રત્યાર્પણમાં આ એકમાત્ર કાનૂની અવરોધ દૂર થશે. આ સંદર્ભમાં જાણકાર સૂત્રોએ જણાવ્યું હતું કે 'નીરવ મોદીને બચવા માટે આ છેલ્લો ઉપાય છે. ત્યાંથી પણ તે હારી જાય તો તેને ભારત પાછો લાવવામાં આવશે.

# દિલ્હી એરપોર્ટ પર ટળી મોટી દુર્ઘટના અને બે વિમાનો વચ્ચે થયેલી ટક્કર થતાં દોડધામ

**નવી દિલ્હી**

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ગુરુવારે એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. સ્પાઈસજેટનું વિમાન એરપોર્ટ પર ટેક્સીઈંગ કરી રહ્યું હતું ત્યારે તે અકાસા એરના ઉભેલા વિમાન સાથે અથડાયું હતું. સાથે અકાસા એરના વિમાનની ડાબી તરફથનું હોરિઝોન્ટલ સ્ટેબલાઈઝર પણ ડેમેજ થઈ ગયું. આ દુર્ઘટના બાદ સ્પાઈસજેટના વિમાનને દિલ્હી એરપોર્ટ પર ગ્રાઉન્ડ કરી દેવામાં આવ્યું છે. બીજી એરલાઈનનું ડેમેજ થયેલું વિમાન પણ ઓપરેશનથી બહાર છે. અકાસા એરના પ્રવક્તાએ કહ્યું- અકાસા એરનું વિમાન જે દિલ્હીથી હૈદરાબાદ માટે જઈ રહ્યું ત્યારે ઘટના થઈ હતી.

# ટાઈમની 100ની યાદીમાં સુંદર પિચાઈ, વિકાસ ખન્ના, રણબીર કપૂર, નીલ મોહનને સ્થાન મળ્યું

## યુટ્યુબમાં ક્રાંતિ લાવનાર નીલ મોહનનો સમાવેશ કરાયો

**ન્યુ યોર્ક**

૨૦૨૬ ટાઈમ ૧૦૦ યાદીમાં રાજકરણ, ટેકનોલોજી, કલા અને સામાજિક ક્ષેત્રમાં વિશ્વને પરિવર્તનની પ્રેરણા આપનાર વિવિધ વર્ગની પ્રભાવશાળી વ્યક્તિઓને સામેલ કરવામાં આવે છે. મહત્વના નામોમાં સુંદર પિચઈ, વિકાસ ખન્ના, રણબીર કપૂર, નીલ મોહન અને ઝોહરાન મમદાનીના નામ સામેલ છે. ટાઈમ ૧૦૦માં સામેલ વ્યક્તિઓ બાબતે ખાસ ધ્યાન રાખવામાં આવે છે કે તેમનો પ્રભાવ કોઈ એક ક્ષેત્ર, વય અને ભૌગોલિક સીમા સુધી સીમિત ન હોય. એમાં એઆઈથી લઈને કલાના ક્ષેત્રમાં પોતાના યોગદાન દ્વારા વિશ્વને પ્રભાવિત કરનાર હસ્તીઓના નામ સામેલ છે. યાદીમાં ડોનાલ્ડ ટ્રમ્પ, શી જિનપિંગ, બેન્જામીન નેતાન્યાહુ અને માર્ક કાર્ની જેવા શક્તિશાળી વૈશ્વિક નેતાઓ ઉપરાંત સંશોધકો, કલાકારો અને બદલાવ લાવનારા પણ સામેલ છે. ટાઈમે સ્પષ્ટતા કરી છે કે આજના સમયમાં લેખક અને વૈજ્ઞાનિક શોધથી લઈને રમતમાં ઉપલબ્ધિ અને રાજકીય નેતાગીરી સુધી વિસ્તરતા પ્રભાવના અનેક પાસા હોય છે.

# પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને ઈટાલીએ ઈઝરાયેલ સાથેનાં કરારો સસ્પેન્ડ કર્યા

**રોમ**

ઈટાલીનાં વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ મંગળવારે જાહેર કર્યું હતું કે પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને ઈઝરાયલ સાથેના સંરક્ષણ કરારો નિલંબિત (સસ્પેન્ડ) કરે છે. ઈટાલિયન ન્યૂઝ એજન્સી, 'આન્સા' મેલોનીને ટાંકતાં જણાવે છે કે તેઓએ કહ્યું હતું કે પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સરકારે ઈઝરાયલ સાથેના કરારો સ્વયમેવ ફરી તાજા થઈ શકે તે બાબત હાલ પૂરતી નિલંબિત રાખી છે. એ.એફ.પી. એક ઈટાલિયન રાજદ્વારીએ કહ્યું હતું કે, કરારો અત્યારે ચાલુ રાખવા રાજકીય દ્રષ્ટિએ મુશ્કેલ છે. રીપોર્ટસ જણાવે છે કે, ૨૦૦૬માં ઈઝરાયલ જ તે સ્વીકાર્ય ગણ્યા હતા, અને દર પાંચ વર્ષે તે રીન્યુ કરવાનો પણ તેમાં ક્લોઝ હતો.

# સાઉથલેક સીનિયર કલબનો દબદબો: મેયરે સંસ્થાને 'વટવૃક્ષ' ગણાવી બિરદાવી

## અમિત ભટ્ટના નેતૃત્વમાં નવી સમિતિની બિનહરીફ વરણી; સાંસ્કૃતિક સૂર અને સ્વાદિષ્ટ ભોજન સાથે વરિષ્ઠ સ્નેહમિલન સમારોહ



















બ્રામ્પ્ટન : સાઉથલેક સીનિયર કલબ કેનેડા ફાઉન્ડેશન દ્વારા વર્ષ 2026-2027નો એપ્રિલ માસનો પ્રથમ કાર્યક્રમ જીમ આર્કેડેકીન રિક્રિએશન કેન્દ્ર બ્રામ્પટન ખાતે એપ્રિલ 11, 2026ને શનિવારના રોજ યોજાયો હતો.

આ સાથે એપ્રિલ 2026થી માર્ચ 2029 સુધીની નવી સમિતિની રચના સર્વ વરિષ્ઠ નાગરિકોની સંમતિથી કરાઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં કલબના પ્રમુખ અમિત ભટ્ટે ખજાનચી ભરત શર્માને ગત વર્ષનો હિસાબ/અહેવાલ રજૂ કરવા આમંત્રિત કર્યા હતા. હિસાબ રજૂ થતા સર્વ સંમતિથી બહાલી આપવામાં આવી હતી. નવી સમિતિ રચવાની હોવાથી માર્ચ 31, 2026ના નોમિનેશન માંગવામાં આવ્યા હતા, પરંતુ એપ્રિલ 05, 2026 સુધીમાં દર્શાવેલ સમિતિ સિવાય કોઈ જ નોમિનેશન ન મળતા સર્વ સંમતિથી પ્રમુખ અમિત ભટ્ટ, ઉપ પ્રમુખ રણજીત પટેલ, સચિવ રેહાના હાફીઝ, ખજાનચી ભરત શર્મા, નિર્દેશક નીલમ રામપાલ, સભ્યો પરબત બોરડ, મિલિંદ દવે અને હેમંત રાઈગંગરને બહાલી આપી ખરડો પસાર કરવામાં આવ્યો હતો. પ્રમુખ અમિત ભટ્ટે નવી અવધિ ચાલુ થતા સર્વેને આવકારી, આભાર માની રૂપરેખા મુજબ કાર્યક્રમ ચલાવવા રેહાના હાફીઝને આમંત્રિત કર્યા અને જ્યાં જરૂર પડે ત્યાં પોતે ઉપસ્થિત રહ્યા હતા.

મેયર પેટ્રિક બ્રાઉન, રીજિયોનલ કાઉન્સિલર પોલ વિન્સેન્ટ, રોવેના સેન્ટોસ અને ગુરબક્સ માહલીની ઉપસ્થિતિથી વરિષ્ઠ નાગરિકોને પ્રોત્સાહિત કરાયા હતા. કાર્યક્રમમાં બ્રામ્પટનના સાંસદ, મેયર, કાઉન્સિલર અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. મેયર પેટ્રિક બ્રાઉને બિનહરીફ ચૂંટાયેલા સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.પેટ્રિક બ્રાઉનએ સાઉથલેક સીનિયર કલબ કેનેડા ફાઉન્ડેશનને અભિનંદન સાથે જણાવ્યું કે, મને ગર્વ થઈ રહ્યો છે, આ વરિષ્ઠ નાગરિકોની કલબ બ્રામ્પટનમાં એક નવી ઊભરી રહેલ ઘણી જ સક્રિય અને પ્રથમ ક્રમે આરૂઢ થવા જઈ રહેલુ અને મહાન વટવૃક્ષ તરીકે પસંદગી પાત્ર બની રહી છે. જેને હું દિલથી ચાહું છું અને બિરદાવું છું. આ વટવૃક્ષ હંમેશા વિકાસ પામે, સારા કાર્યક્રમો થકી જોડાયેલા બધા જ વરિષ્ઠ નાગરિકોને ભરપૂર મનોરંજન અને તેમને જરૂરી માહિતી પૂરી પાડતી રહે તેવી અભ્યર્થના કરું છું. કાઉન્સિલર પોલ વિન્સેન્ટે કાર્યક્રમની પ્રગતિ માટે અભિનંદન પાઠવ્યા હતા. ગુરબક્સ માહલીએ કહ્યું હતુ કે, આ ગ્રુપ બ્રામ્પટનમાં અદ્વિતીય સંગઠન તરીકે ઊભરી રહ્યું છે. કાઉન્સિલર રોવેના સેન્ટોસે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આનંદ માણ્યો હતો અને સર્વેને આવા સંગઠન થકી માનસિક તણાવ હળવા રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી. જે બાદ મનોરંજન કાર્યક્રમની શરૂઆત ભજન-કીર્તનથી કરાઈ હતી. આ ઉપરાંત હિન્દી ફિલ્મનાં ગીતો હર્ષા ભટ્ટ, અનિલ ભાવસાર, ભાનુ મિસ્ત્રી, નરેન્દ્ર શાહ, હરીશ અમીન, કીર્તિ ભાવસાર, મુકેશ શાહ, ઈશ્વર પટેલ, શશીકાંત ઓઝા અને અરુણ દવેએ પોતાનાં કંઠથી કે કેરિઓકેની મદદથી સંભળાવી સર્વેને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. આવા ગીતો ભોજન દરમિયાન પણ આ વરિષ્ઠ નાગરિકો દ્વારા ગુંજતા રહ્યા હતા. અરુણ ભટ્ટ અને વર્ષા શાહ દ્વારા ફિલ્મ ગીત આધારિત નૃત્ય રજૂ થયું હતુ. 'બોલે ચૂડીયા, બોલે કંગના' ફિલ્મ ગીત આધારિત આબેહૂબ નૃત્ય નિમા અમીને રજૂ કરી સર્વેને તાળીઓના ગડગડાટ સાથે પ્રોત્સાહિત કરવા મજબૂર કર્યા હતા. 'ઈશારો કો અગર સમજો', 'રાજ કો રાજ રહેને દો' નામની કવાલી રેહાના, બિપિન, રજની, અલકા, હર્ષા, હેમા, મિતા, કિરીટ, સજ્જનસિંહ અને વિઠ્ઠલભાઈના વૃંદ દ્વારા રજૂ થઈ હતી. આ જ વૃંદ દ્વારા ભાંગડા નૃત્ય પણ રજૂ થયું હતુ. બિપિન અને રજની પંચાલે કેરિઓકે અને સેક્સોફોન દ્વારા નૃત્ય રજૂ કરી સર્વેના હૃદય જીતી લીધા હતા. ગુજરાતનો રણકારમાંથી ઉપસ્થિત પ્રજ્ઞેશ પટેલ ઘણી સંસ્થા સાથે જોડાયેલી છે, તેઓએ પ્રશંસા પ્રમાણપત્ર અર્પણ કરતા જણાવ્યું કે, ભગવાન પછીના સ્થાને વરિષ્ઠ નાગરિકો છે, જેમને હરહંમેશ માન આપવું એ અમારી ફરજ છે. ભારત-ગુજરાતની સુવાસ આજે કેનેડા સુધી પ્રસરાવવાનું કાર્ય આપના જેવા વરિષ્ઠ નાગરિકો કરી રહ્યા છે. છેલ્લે ભોજન લીધા બાદ અમિત ભટ્ટે સર્વેનો આભાર માની આજનો કાર્યક્રમ પૂર્ણ થયેલો જાહેર કર્યો હતો. હવે પછી કોઈપણ વરિષ્ઠ નાગરિક વર્ષ 2026-27 સભ્ય બનવા માંગતા હોય તો વાર્ષિક લવાજમ $75 (વાર્ષિક ફી) +$ 25 (સભ્ય ફી) = $ 100/- ભરવાના રહેશે તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી.

# આતંકવાદી આમિર હમઝા ઉપર ગોળીબાર

### આમિરને હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો : હુમલા બાદ આરોપીઓ તરત જ નાસી છૂટ્યા

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં લશ્કર-એ-તૈયબાના સ્થાપક સભ્ય અને આતંકવાદી હાફિઝ સઈદના રાઈટ હેન્ડ ગણાતા આમિર હમઝા પર પાકિસ્તાનમાં જીવલેણ હુમલો થયો છે. આમિરને લાહોરમાં અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારી છે. જે બાદ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હાલમાં તેની હાલત ગંભીર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેઝરી દ્વારા હમઝાને આતંકવાદી જાહેર કરવામાં આવ્યો છે.

મીડિયા રિપોર્ટ્સ દ્વારા મળતી માહિતી અનુસાર, આમિર હમઝા પર અજાણ્યા હુમલાખોરોએ લાહોરમાં એક ન્યૂઝ ચેનલની ઓફિસની બહાર ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં આમિરને કથિત રીતે અનેક ગોળીઓ લાગી છે. હુમલા બાદ તેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આમિરની સ્થિતિ અંગે હોસ્પિટલ તરફથી હજુ કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

આમિર હમઝાની ગણતરી અફઘાન મુજાહિદીનના અનુભવી કમાન્ડરોમાં થાય છે. તેને હાફિઝ સઈદનો રાઈટ હેન્ડ માનવામાં આવે છે. લશ્કરમાં આમિર હમઝાનું કામ ફંડ એકત્ર કરવાનું, નવી ભરતી કરવાનું અને અન્ય પક્ષો સાથે ડીલ કરવાનું હતું. પાકિસ્તાનમાં દાવો કરવામાં આવે છે કે તે વર્ષોથી લશ્કર-એ-તૈયબામાં સક્રિય નથી. વર્ષ ૨૦૧૮માં લશ્કર-એ-તૈયબા સાથે જાડાયેલા જમાત-ઉદ-દાવા અને ફલાહ-એ-ઈન્સાનિયત ફાઉન્ડેશનમાં આર્થિક ગેરરીતિઓના આરોપો પછી હમઝાની લશ્કર સાથે દૂરી વધી હતી. ત્યારબાદ હમઝાએ 'જૈશ-એ-મનકફા' નામનું એક અલગ ગ્રુપ બનાવ્યું હતું. જાકે, એવું માનવામાં આવે છે કે હાફિઝ સઈદ સાથે તેનો સંપર્ક સતત જળવાઈ રહ્યો હતો. હાફિઝ સઈદ ભારત માટે મોસ્ટ વોન્ટેડ આતંકવાદી છે.

# UNમાં સુધારા માટે વીટો પાવર ધરાવતા દેશોની સંખ્યા વધારવી જરૂરી છે : ભારત

### યુએનની બેઠકમાં સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ વધારવા માગણી

**યુનાઈટેડ નેશન્સ**

યુનાઈટેડ નેશન્સના માળખામાં સમય પ્રમાણે બદલાવ લાવવાની જરૂરિયાત સંદર્ભે ભારતે સ્પષ્ટ કર્યું હતું કે, યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં સુધારા લાવવા હોય તો કાયમી સભ્યપદની શ્રેણીનું વિસ્તરણ અનિવાર્ય છે.

વીટો પાવર ધરાવતા દેશોની સંખ્યા વધારવામાં આવશે તો પ્રવર્તમાન સમયમાં સર્જાયેલા અસંતુલન અને અસમાનતાને દૂર કરી શકાશે. સિક્યુરિટી કાઉન્સિલમાં સુધારા વિષય અન્વયે યોજાયેલી ઈન્ટર-ગવર્નમેન્ટલ નેગોશિએશન બેઠક દરમિયાન ભારતના UN રાજદૂત પાર્વથાનેની હરીશે કહ્યું હતું કે, વીટો સાથે અથવા તેના વગર નવી શ્રેણીની વિચારણા ખૂબ જટિલ બનશે, કારણકે આ અંગે ઘણી વ્યાપક ચર્ચાઓ થઈ રહી છે. બે મહત્ત્વના પરિબળ છે, જેના કારણે યુએનના માળખામાં અસંતુલન આવે છે અને કાયદેસરતાનો અભાવ વર્તાય છે. આ બંને પાસામાં સભ્ય પદ અને વીટોનો સમાવેશ થાય છે.

યુએન સિક્યુરિટી કાઉન્સિલમાં સુધારા લાવવાની જરૂરિયાત અંગે કોઈ બેમત નથી.

# ભારતનું સૌથી મોટું ટ્રેડિંગ પાર્ટનર બન્યું ચીન, અમેરિકા બીજા ક્રમે ધકેલાયું

### ગત નાણાકીય વર્ષ દરમિયાન ચીનમાં ભારતની નિકાસ 36.66 ટકા વધી હોવા છતાં માત્ર 19.47 અબજ ડોલરે પહોંચી છે

**નવી દિલ્હી**

ભારત અને ચીનના રાજકીય સંબંધોમાં આવી રહેલા ઉતાર-ચડાવ વચ્ચે પણ વેપાર ક્ષેત્રે બંને દેશોની નિકટતા વધી રહી છે. વર્ષ ૨૦૨૫-૨૬માં અમેરિકાને બીજા ક્રમે ધકેલીને ચીને ભારતના સૌથી મોટા ટ્રેડિંગ પાર્ટનર તરીકે સ્થાન મેળવ્યું છે. ભારત-ચીનનો દ્વિપક્ષી વેપાર ૧૫૧.૧ અબજ ડોલર થયો છે, જેમાં ૧૧૨.૧૬ અબજ ડોલરની ખાધ ભારતે ભોગવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ સુધીના ચાર વર્ષ દરમિયાન અમેરિકાએ ભારતના સૌથી મોટા ટ્રેડિંગ પાર્ટનર તરીકે સ્થાન હાસલ કરેલુ હતું, પરંતુ હવે અમેરિકા બીજા ક્રમે ધકેલાયું છે. ગત નાણાકીય વર્ષ દરમિયાન ચીનમાં ભારતની નિકાસ ૩૬.૬૬ ટકા વધી હોવા છતાં માત્ર ૧૯.૪૭ અબજ ડોલરે પહોંચી છે, જ્યારે ૧૬ ટકા વૃદ્ધિ સાથે ચીનમાંથી કરાયેલી આયાત ૧૩૧.૬૩ અબજ ડોલર રહી છે. આમ વેપાર ખાધ ૧૧૨.૬ અબજ ડોલર થઈ છે, જે ૨૦૨૪-૨૫માં ૯૯.૨ અબજ ડોલર હતી. અમેરિકા તરફ રવાના કરાયેલા શિપમેન્ટમાં નજીવો ૦.૯૨ ટકા વધારો થયો છે, જે ગત વર્ષમાં ૮૭.૩ અબજ ડોલર હતો. અમેરિકામાંથી કરાયેલી આયાત ૧૫.૯૫ ટકાની વૃદ્ધિ સાથે ૫૨.૯ અબજ ડોલર થઈ હતી. અમેરિકામાં વેપાર પુરાંત વર્ષ ૨૦૨૫-૨૬માં ૩૪.૪ અબજ ડોલર રહી હતી, જે ૨૦૨૪-૨૫માં ૪૦.૮૯ અબજ ડોલર હતી. વાણિજ્ય મંત્રાલયના આંકડા અનુસાર વર્ષ ૨૦૧૩-૧૪થી ૨૦૧૭-૨૮ દરમિયાન અને ૨૦૨૦-૨૧માં ભારતનું સૌથી મોટું ટ્રેડિંગ પાર્ટનર ચીન હતું. ચીન અગાઉ યુએઈ સાથે ભારતનો વેપાર સૌથી વધુ હતો. ૨૦૨૧-૨૨થી ચાર વર્ષ સુધી અમેરિકા સાથે સૌથી મોટો વેપાર થયો હતો. ભારતના અન્ય મહત્ત્વના ટ્રેડિંગ પાર્ટનરમાં નેધરલેન્ડ્સ, યુકે, સિંગાપોર, બાંગ્લાદેશ, સાઉદી અરેબિયા, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, સાઉથ આફ્રિકા અને મલેશિયાનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રશિયા, ઈરાક ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા, કતાર અને તાઈવાનમાં ભારતની નિકાસ ઘટી હતી.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this stunning, nearly new home built in 2023, perfectly situated on a quiet court in Ajax! Backing onto a tranquil greenbelt and pond with no homes behind, this home offers exceptional privacy and picturesque views. Featuring 3 spacious bedrooms and 4 washrooms, including two full baths and two powder rooms, it is thoughtfully designed for modern family living. Step inside to a bright, open-concept layout with large windows throughout, filling the home with natural light and complemented by upgraded zebra blinds. A private den/office with a custom door provides the ideal space for a home office or quiet retreat. Elegant finishes include hardwood flooring in the living and dining areas and upgraded vinyl flooring in the den/office and hallway. Upstairs, generously sized bedrooms include upgraded undermount sinks in both the primary and guest bathrooms. The Master Ensuite includes an upgraded glass shower door and double sink. The home also offers ample storage and enhanced electrical features, including an EV plug, dedicated freezer circuit, and Cat5e, Cat6, and RD6 wiring. The family room features a beautiful fireplace with a custom mantel.




Location!!! Location!!! Location! 63 Rainbow Valley Crescent, Nestled In The Highly Sought-After Greensborough Community Of Markham. This Spacious Semi-Detached Home Sits On A Generous 25.99 X 111.55 Ft Lot And Offers 3+1 Bedrooms, Along With A Professionally Finished Basement Featuring A 4-Piece Bathroom And Pot Lights. The Main Floor Hardwood Flooring, A Cozy Gas Fireplace, And An Elegant Staircase With Rod Iron Railings. The Renovated Kitchen Boasts Quartz Counters, A Subway Tile Backsplash, And Extended Cabinetry, Perfect For Everyday Living And Entertaining. Situated In A Quiet, Family-Friendly Neighborhood, This Home Is Just Steps From Greensborough And Mount Joy Public Schools, St. Julia Catholic School, Parks, Shopping, And More.




**Deep LOT 48.95 x 294.85 Feet. You can build a secondary home in the backyard for extra income. Includes, stainless steel fridge, stainless steel stove, stainless steel built-in microwave ,two sets of washers and dryers, and all light fixtures. Just minutes to the Bluffs and Guild Park, and only 30 minutes to downtown via Guildwood GO Station. The property also features three sheds, and the backyard offers a double-car garage foundation, perfect for building your ideal garage.



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

**Shamim & Amin Kharodia**
**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.